ॐ ।। कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन ।। ॐ


પૂ. સ્વામી શ્રી વિવેકાનંદજીની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે અર્પણ



# '૧૦૮' બુધ્ધિના અંકુશ જાપ

## (મારી અન્ય કલમ કૃતિઓ સહ)







:: લેખક ::

હરિવદન શાન્તિલાલ જોશી

જામનગર

રંગીન તસ્વીરો સાથે સુધારેલ આવૃત્તિ : જૂન - ૨૦૧૨



૧
ૐ
※ જૂના રિવાજનું ફક્ત પુરૂષ સભ્યો સુધી જ સીમિત. ※
કુળદેવ
તાલે:- જુનાગઢ.
પ્રથમ સંકલન
સંકલન
તારીખ: ૯-૧૦-૧૯૯૮, ગુરૂવાર.

ॐ ।। कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन ।। ॐ

પૂ. સ્વામી શ્રી વિવેકાનંદજીની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે અર્પણ



# '૧૦૮' બુધ્ધિના અંકુશ જાપ

## (મારી અન્ય કલમ કૃતિઓ સહ)

:: લેખક ::


**હરિવદન શાન્તિલાલ જોશી**

**જામનગર**



પ્રત : ૧૫૦

મૂલ્ય : રૂા. ૨૩૦/-

વિ. સં. : ૨૦૬૮

ઈ. સ. : ૨૦૧૨



૪-નવકાર ફ્લેટ્સ,

તપોવન કોલોની, પ્રતાપ વિલાસ પેલેસ સામે,

જામનગર - ૩૬૧ ૦૦૮.

ફોન : ૦૨૮૮-૨૬૭૧૭૩૭



રંગીન તસ્વીરો સાથે સુધારેલ આવૃત્તિ : જૂન - ૨૦૧૨


શુભ દિન : સને ૨૦૧૨

પૂ. સ્વામી શ્રી વિવેકાનંદજી ની ૧૫૦ મી જન્મજયંતી


મુદ્રક : મધુરમ્ એન્ટરપ્રાઈઝ - જામનગર

# ૐ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ૐ



वक्रतुण्ड महाकाय सूर्यकोटी समप्रभः ।
निर्विध्नं कुरु मेदेव सर्व कार्येषु सर्वदा ॥

Dr. PIYUSH D. MATALIA
M.S., D.O.M.S., D.N.H.E.
Consultant Eye Surgeon

**Matalia Eye Diagnostic & Corneal Care Clinic**
Ranjit Road, Opp. Bank of India, Jamnagar-361 001. Ph. : (C) 2553020 E-mail : drpdmatalia@hotmail.com

FORMER : Asst. Professor of Ophthalmology
B. J Medical College, Ahmedabad ✿ M. P. Shah Medical College, Jamnagar ✿ I/C Eye Bank, Irwin Group of Hospitals, Jamnagar.

# બે બોલ શુભેચ્છાના...



પ્રવર્તમાન જામનગર શહેર તેમજ સ્વાતંત્ર્ય પૂર્વેના નવાનગર સ્ટેટની સૌકાઓ જૂની વિરાસત **(Heritage)** વિષે અભ્યાસ કરતા રહેવું, નોંધ બનાવવી, જનજાગૃતિ હેતુસર તેનું વર્તમાનપત્રોમાં આપતા રહેવાનું કાર્ય ભવદીય હરિવદનભાઈ શાન્તિભાઈ જોશી દાયકાઓથી કરતા આવ્યા છે.

અમારા બન્નેનો **Archiological & History of Nawanagar State** અંગેનો શોખ આ બાબતે મળતો હોવાથી સમયાંતરે આ વિષય પર તેઓ સાથે મારો વિચાર વિમર્શ થતો રહ્યો છે. તેઓની ચિવટથી સંગ્રહેલું સાહિત્ય તથા સાંસ્કૃતિક ધરોહરની જાળવણી માટેની સતત ચિંતા બતાવે છે કે આ જૈફ વયે પણ તેમના જીવનનું ઉમદા પાસું જીવંત રાખી શકયા છે.!

શ્રી હરિવદનભાઈ '૧૦૮ બુદ્ધિના અંકુશજાપ' નામે એક પુસ્તક પ્રસ્તુત કરી રહ્યા છે. આ વિષય પરત્વે મારે કશી જ ટીકા – ટીપ્પણ કરવી નથી. અલબત્ત હું અંદાજે ચાલીશેક વર્ષથી નેત્ર ચિકિત્સક તરીકે કાર્યરત છું. સાથે સાથે શિક્ષક પણ રહ્યો હોવાથી તેઓશ્રીની અનુમતિ સાથે મારું મંતવ્ય જુદા જ પરીપ્રેક્ષથી અત્રે રજુ કરી રહ્યો છું.

ચાલીશેક વર્ષથી માંડીને નિવૃત્તિએ પહોંચેલી બહુજન સમાજની વ્યકિતઓ હજુ પણ ઈતર વાંચન, સુરુચિકર વાંચનમાં રસ લઈ આનંદ માણી શકે છે. સાંપ્રત સમયની યુવા પેઢીનું વલણ 'E-વાંચન' તરફ ઢળતું જાય છે.!!. કમ્પ્યુટર, લેપ–ટોપ, આઈ–પેડ જેવા માધ્યમોમાં વિશેષતઃ "માહિતીસંગ્રહ બેંક" એટલે "ઈન્ટરનેટ સર્ફીંગ યુગ". યુવાધન અભ્યાસકાળ દરમિયાન પરીક્ષારૂપી બોજારૂપ વાંચન કે સાદું ચીલા ચલગત મન બહેલાવવાનું વાંચનથી જ સંતોષ માનતો થયું છે. ઈલેકટ્રોનિક માધ્યમ ઉપલબ્ધ થતાં વિપુલ માહિતીઓ મેળવવાનું અત્યારે ખૂબ જ આસાન અને સહજ થયું છે. ફળશ્રૃતિ સ્વરૂપે "વાંચનવૃત્તિ" માં બેશક ઓટ આવતી જોઈ શકાય છે.

ઈલેકટ્રોનિક માધ્યમ દ્વારા રજુ થતાં સ્ક્રીન પરના લખાણો–અક્ષરો જે વાંચીએ છીએ તે બેકલીટેડ (પાશ્ચાદભૂમિમાંથી) પ્રકાશીત થયેલા હોય છે. સ્ક્રીન પર ઉભરી આવતા "ફોન્ટ" ને ટીકીટીકીને એકાગ્રતાથી પકડવાના હોય છે. પ્રાકૃતિગત આપણી આંખો દેહધાર્મિક ક્રિયાના

ભાગરૂપે મીનીટમાં ૧૨–૧૫ વાર મટકું મારતી રહે છે. **VDU - SCREEN** (વીઝ્યુઅલ ડીસ્પ્લે યુનિટ – સ્ક્રીન) પરના વાંચન વેળાએ વધુ ટીકી ટીકીને જોવું પડતું હોવાથી મટકા મારવાની પ્રક્રિયા ભાગ્યે જ ૨–૩ વાર મીનીટમાં થઈ જાય છે. આનો પરિણામ સ્વરૂપે આંખના આંસુનું સાપેક્ષે વધુ બાષ્પીભવન થવાથી વાંચનારના લાંબા સમયના કામને અંતે આંખો બળવી, ભારે થઈ જવી, થાક લાગવો કે માથુ ચઢી આવવા જેવી ફરિયાદો ઉભી થાય છે. આ પરિસ્થિતિને **Computer Vision Syndrome** કહેવાય છે.

આથી ઉલટું કાગળ પરની પ્રિન્ટ આપણું પ્રાકૃતિક પ્રકાશ કે કૃત્રિમ લાઈટોનો પ્રકાશ જે તે પુસ્તક કે કાગળ પર પડે છે, પરાવર્તીત થાય છે અને આંખ સુધી આવે છે. આ પ્રક્રિયામાં આંખ પર તનાવ કમ્પ્યુટરના તનાવ કરતાં ઘણો ઓછો થાય છે. વધુ પડતા **Computer Operators** સતત કામ ન કરતાં વચ્ચે વચ્ચે વિશ્રાંતિ (પાંચેક મીનીટની પણ ચાલે) લેતા રહેવું જરૂર પડયે પીકઅવર્સ વેળાએ કૃત્રિમ આંસુના ટીપા નાખવા હિતાવહ લેખાય.

વાંચનનો શોખ હોવો અને જાળવી રાખવો. **'E - Reading'** ની સાપેક્ષે વધુ સ્વાસ્થ્ય સભર અને તનાવ રહીત મારી દ્રષ્ટિએ લેખું છું.

શ્રી હરિવદનભાઈ જોશીએ લખેલું આ પુસ્તક વાંચક વર્ગને ઉપયોગી થશે તેવી શુભેચ્છા પાઠવું છું.

વિવેકાનંદ જયન્તિ
૧૨/૦૧/૨૦૧૨,
જામનગર

– ડૉ. પીયૂષ . હ્. માટલિયા

"ચિતા પર ચઢેલો મૃત્યુદેહ થશે ખાખ,
સાથે રતન રોળાશે થશે આંખની રાખ."

– ડૉ. પીયૂષ માટલિયા

ચક્ષુદાન એ પંચમહાભૂતમાં વિલીન થતા
પહેલાનો તમારો અણુમોલ ઐશ્વરીય વારસો છે.

– ડૉ. પીયૂષ માટલિયા

ॐ

## બે બોલ વંદનાના...

# '૧૦૮ બુદ્ધિના અંકુશ જાપ'



– શ્રી હરિવદનભાઈ જોશી (ઈતિહાસ વિદ)

**યા દેવી સર્વભૂતેષુ બુદ્ધિરૂપેણ સંસ્થિતા**
**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ**

૧૦૮ બુદ્ધિના અંકુશ જાપ એટલે આવી ઉપાસનાનો જ એક વિનીત પ્રયાસ. તન, મન અને આત્માની નિર્મળ નિરાકાર ક્ષણોના ઉઘાડનો હૃદયંગમ પ્રયાસ.

સુપ્રસિદ્ધ ઈતિહાસવિદ શ્રી હરિવદનભાઈ જોશી દ્વારા ઉપરોકત સત્ય, પ્રેમ, કરુણાના ભાવોને ભાવાન્વિત કરવાનો પ્રયાસ આપણી સાંસ્કૃતિક અને ઐતિહાસિક જ્ઞાન – બુદ્ધિ – વિવેક અને પરંપરાને ધ્યાનમાં લઈને પ્રાચીન સિદ્ધાંતોને વર્તમાન સમયને સાથે રાખી પોતાના ભાવોને પ્રદર્શિત કરેલા છે, જે અતિ મનનીય અને પ્રેરણાદાયી ૧૦૮ પુષ્પો છે.


આ નાનકડી અંજલિમાં પરમ પુષ્પોનો દસ દિશામાં પ્રકાશિત કરવાનો પ્રયાસ અત્રે કરવામાં આવ્યો છે. આ જાપમાં નિર્મળ હૃદયનો અંતર્નાદ, મર્મભર્યું ચિંતન, પ્રફુલ્લિત હાસ્ય લહેરી, પ્રાર્થનાનો સૂર, ગીતોનો ગુંજારવ, ભજનનો ભાવલોક અને ધૂનનો ધ્વનિલોક પ્રગટ થતો જણાય છે.

સત્યને પ્રકાશિત કરવું પણ પ્રેમના ઝરણાથી અને કેવળ પ્રીતિપૂર્વકના પ્રસાર અર્થે આ ભાવોને ખૂબ સુંદરતાથી વર્ણવાયા છે.

'બહુજન હિતાય' માટે લખાયેલ આ જાપમાળાને આપ સૌ વાંચકો હૃદયપૂર્વક વાંચી, મનન દ્વારા જીવનમાં ઉતારશો તેવી પ્રભુપ્રાર્થના સહ.

પૂ. દાદાના તંદૂરસ્ત જીવનની શુભેચ્છા સહ... 'જય શ્રી કૃષ્ણ'

– પ્રહલાદ શાસ્ત્રી



# કલમ કથે છે....

આ કૃતિ વાંચકોના કરકમલમાં મુકતા આનંદ અનુભવું છું. આશા સહ શ્રધ્ધા ધરાવુ છું ; કે તેઓને તે ગમશે જ.

પરંતુ જો કોઈ ચમત્કાર ન થયો હોત, તો તે કયારેય મારા શેષજીવન દરમ્યાન પ્રકાશીત ન જ થવા પામી હોત. આજની તારીખે પણ હજુ ચમત્કારોનું સ્થાન યથાવત જ છે, તેમ મને હવે લાગ્યા વિના રહેતું નથી. આ રહયા તેના તાદ્રશ્ય પુરાવા.

સૌ પ્રથમ આનું પ્રકાશન, ગુજરાત સ્વર્ણિમ વર્ષ : ૨૦૧૦ ના ઉપલક્ષમાં કરવાની નેમ હતી. પરંતુ જે પ્રેસમાં તે કાર્ય કરવાનું નકકી થયું હતું. તે પ્રેસે લાંબા સમય બાદ મારા હસ્તાક્ષર અવાચ્ય હોવાના કારણે તેનું પ્રકાશન કરવાની અશકિત દર્શાવી.

તે બાદ જામનગરના સને : ૨૦૧૧ ના સ્થાપનાદિન પર પણ તેવું જ પુનરાવર્તન થવા પામ્યું.

છેવટ નિરાશા અનુભવીને તે કામ પડતું મુકયું. ભાઈ શ્રી મહાવીર લાડવા, સંજયભાઈ બારાઈ ને સાક્ષર એવા (પ્રિ.) શ્રી દિલીપભાઈ આશરના મને જોમ તેમજ જુસ્સો સાંપડવા છતાં તે કાર્ય છેલ્લા બે વર્ષમાં ન જ થવા પામ્યું. તેઓ સૌનો આ માટે જેટલો આભાર માનું તેટલો ઓછો જ છે. મારી ૭૯ વર્ષની આ વયે તે બધાને ભૌતિક ને શારીરીક સુખાકારી જીવનપર્યંત સાંપડી રહો; તેવી પરમકૃપાળુ પરમાત્માને ખરા દિલની પ્રાર્થના.

જાણે કે ચમત્કાર થયો હોય તે રીતે ગત્ સને : ૨૦૧૧ ના અંતિમ દિવસોમાં મારા સુપુત્ર ડો. જોગીન જોશીએ આ કાર્ય એકાએક મારી પાસેથી માંગી લઈને, તેણે શાસ્ત્રીજી શ્રી પ્રહલાદભાઈના સહયોગથી તે કામ વ્હેલી તકે પૂર્ણ કરવાની હામ ભીડી પરિણામ નજર સામું છે ; કે આ વર્ષની પૂ. સ્વામી શ્રી વિવેકાનંદજીની ૧૫૦ મી જન્યજયંતિના ટાંકણે જ આ કાર્ય પૂર્ણતાને વરીને આપ સૌની સમક્ષ રજુ થઈ રહયું છે. થયો છે ને ચમત્કાર, સહમત છો ને ?.

આ પ્રકાશનમાં "પ્રૂફ રીડીંગ" થી લઈને પ્રકાશન સુધીના બધા જ કાર્યમાં શ્રી પ્રહલાદભાઈની સેવા રહેવા પામી છે. નહીં તો આ શકય બન્યું જ ન હોત. કેમ કે છેલ્લા ૨૦ વર્ષથી સાથ આપી રહેલી મારી ડાબી આંખને પણ "ફોટો ફોબીયા" અસાદ્ય રોગ લાગુ પડેલ છે. મારા સુપુત્ર ચિ. જોગીન અને તેના મિત્ર શ્રી

પ્રહલાદભાઈનો મારે આ કાર્ય પૂર્ણ કરવા માટે આભાર માનવાનો હોય જ નહી. કેમ કે તેઓ તો મારા જ બાળકો કહેવાય, તે બન્નેને તો મારા ખોબલે ખોબલે આર્શિવાદ સાથ પ્રભુને પ્રાર્થુ છું; કે તેમને બંન્નેને પરિવારો સહિત જીવનપર્યંત સુખ, સમૃધ્ધિ ને સ્વાસ્થ્યમાં આળોટતા રાખે. જનતાની સદા સેવા કરતા રહે ને સત્ય તેઓને સાથ આપતું રહે.

આંખની આવી તકલીફ છતાં આંખ રોગના નિષ્ણાંત ડોકટર વિલાસભાઇ સાઠયેએ મને આ કાર્ય પૂર્ણ કરવામાં જે હિંમત અને જોશ પુરા પાડયા છે, તે બદલ તેમને પણ મારી વયના નાતે ખુબ ખુબ શુભાશિષો.

સર્વશકિતમાન ઇશ્વરે મને પોતાનો માધ્યમ બનાવી, નીચે મુજબની કૃતિઓ, આ કૃતિ ઉપરાંત સર્જવાની પ્રેરણા આપી છે; તે બદલ તે કૃપાળુને મારા લાખ લાખ વંદન.

**: મારી અન્ય કૃતિઓ :**

(૧) રૂઢિવાદી 'વંશવૃક્ષ' ફકત પુરૂષ સભ્યો સુધી જ સીમીત.
(૨) આધુનિક 'વંશવૃક્ષ' જેમાં સ્ત્રી સભ્યોનો પણ સમાવેશ.
(૩) 'જામનગર મારૂં; ગઇકાલ આજ' (ઝેરોક્ષ નકલો; ૭ આવૃતિઓ)
(૪) વી. સી. ડી. : 'તાવડી વાજું'
(૫) 'મોજીલું જામનગર હથેળીમાં'
(૬) '૧૦૮' બુધ્ધિના અંકુશ જાપ (છાપેલી નકલો) તમારા હાથમાં છે તે.
(૭) હવે કદાચ પુસ્તક પણ છપાઇ રહ્યું છે, તે પણ તમારા હાથમાં તુરતમાં મુકાય.

(વડીલોપાર્જીત) નિવાસ સ્થાન :-
"ૐ શ્રી ત્રિકમ કુટિર"
હાથી શેરી, જામનગર – ૩૬૧૦૦૧
(હાલનું) :-
૪ નવકાર ફ્લેટ્સ, તપોવન કોલોની,
પ્રતાપ વિલાસ પેલેસ સામે,
જામનગર – ૩૬૧૦૦૮


તા. ૧૨/૦૧/૨૦૧૨, ગુરૂવાર
પુ.સ્વામી શ્રી વિવેકાનંદજીની
૧૫૦મી જન્મ જયંતિ

(હ. શા. જોશી)
નિવૃત અધીક્ષક (પરિચાલન), પ. રે.
ફોન : (૦૨૮૮) ૨૬૭૧૭૩૭

સર્વે વાંચકોને પણ મારી ખુબ ખુબ શુભકામનાઓ.

ૐ

# અમારા કુળદેવશ્રી વીરાબાપાનું સ્થાનક, વિસાવદર (જીલ્લો : જુનાગઢ)






## અમારા વડીલો

## (૧) દાદીમાં (૨) દાદાજી (૩) માતાજી અને (૪) પિતાજી ને વંદના




અમો દંપતિ

## શીળી છાંય






## હાથીશેરીનું 'નિવાસ સ્થાન'

# મારી જીવનયાત્રાના પડાવો






























અમે દંપતિ

(ઓગષ્ટ : ૨૦૦૪)





૭૫ મી વર્ષગાંઠે

(નવેમ્બર : ૨૦૦૮)

## :: ગુજરા હુઆ જમાના ::



સને : ૧૯૨૯



સને : ૧૯૫૯


**ગત સદીના વેશ પરિધાન અને ખુમારીની તસ્વીરો**
**(મારા પિતાશ્રી)**

# ‘હાથી શેરી’ ના નિવાસ સ્થાનમાં પૂજાની તસ્વીર





**અમારા કુળદેવ શ્રી પૂ. વિરાબાપાના સ્થાનકે, અમે દંપતિ, બે પૂત્રો ને બે પૂત્રીઓના પરિવાર સહ. સને : ૨૦૦૬ : વિસાવદર (જિ. જુનાગઢ)**




**સને ૧૯૪૧ ના દાયકામાં જામનગરમાં આયુર્વેદ મહાવિદ્યાલયની ઈમારત : 'ધન્વન્તરિ મંદિર' : ના નિર્માણ પહેલાં, નિર્માણ પામી ઈમારત : 'મહારાજ શ્રી જુવાનસિંહજી આયુર્વેદીક સંગ્રહસ્થાન' : કે જ્યાંથી અભ્યાસક્રમ માટેના પાઠ્યપુસ્તકો છપાઈને પ્રકાશિત થયા. આમ આ સંગ્રહસ્થાનની ઈમારત બની રહી જાણે કે 'ધન્વન્તરી મંદિર'નો દ્રશ્યમાન પાયો !**

# નિરંકુશ 'મન' પર, 'બુદ્ધિ' ના અંકુશ જાપ

૧) જુવાનીમાં થનગનાટ :બુઢ્ઢાપામાં ડગમગાટ રખે ભૂલાય !

૨) 'ગઈકાલ' આપણા હાથમાં નથી ; પરંતુ 'આવતીકાલ' આપણા હાથમાં છે, જેથી 'આજ' ને એવી રીતે જીવો; કે 'આવતીકાલ' માં પસ્તાવું ન પડે. પરંતુ એટલું નકકી કે 'ગઈકાલ' ની ભૂલોને દોહરાવવી તો કદી નહીં, 'ગઈકાલ' વિચારવા માટે છે.

૩) તનની તંદુરસ્તી માટે બહારી તનની 'ટાપટીપ' નહીંઃ પરંતુ અંદરની 'જાળવણી' કરો.

૪) ઘરડા 'ગાંડા' કાઢે કે 'ગાડાં' પાછા વાળે ? નકકી વાંચકે કરવાનું.

૫) માનવજાત સિવાય દરેક સજીવો, કુદરતી ક્રમ મુજબ જ આરામ, આહાર, વિહાર, અરે! જાતીય સુખ સુદ્ધાંનાં કૃત્યો આચરે છે. પરિણામે નિતનવા રોગની વણઝાર માનવીએ જ સહેવી પડે છે. બધું જ મોજમજા માટે જ ને !

૬) સંતાનો પાછળ 'બાપ' નું નામ જ લાગે છે; 'માં' નું કયારેય નહીં. કારણ કે 'માં' એ સામાન્ય વ્યકિત નથી. એનું નામ તો ત્યારે જ જોડાય છે; જયારે એની કૂખે 'મહાન વિભૂતિ' જન્મ લે છે.

૭) અમર 'શિલ્પ' કે અન્ય 'કૃતિ' પાછળ એના કર્તાનો સ્પર્શ હોય છે. એવી જ રીતે 'મહાન વિભૂતિ' પાછળ પણ એની માં નો સ્પર્શ હોય છે.

૮) બાળકો 'જીવનબાગ' ના મઘમઘતા ફૂલો છે; વૃદ્ધજનો તેનું જતન કરનારા 'માળી' છે.

૯) જયાં ન પહોંચે 'રવિ', ત્યાં પહોંચે 'કવિ' ને જયાં ન પહોંચે 'કવિ', ત્યાં પહોંચે 'અનુભવી.'

૧૦) હવે 'ટી. વી. બોકસ', 'IDIOT' માંથી તીવ્ર ઝડપે, 'DEVIL' તેમજ આધુનિક 'વિષકન્યા' માં પરિવર્તિત થતું જાય છે. તો યુવાનો અને યુવા માતા – પિતાઓ સાવધાન; કયાંક હડફેટે ન ચડી જતા !

૧૧) પહેલે દિ 'પચ' (પરોણો), બીજે દિ 'મચ' (મહેમાન), ત્રીજે દિ 'રીચે (રહ)' તેની અકકલ ગઈ. વણલખ્યો મહેમાનોનો નિયમ.

૧૨) એક સરખા દિવસો સદા કોઇના જાતા નથી, જે ચડે છે; તે પડે છે. તે નિયમ બદલાતા નથી.

૧૩) પુસ્તક વાંચન કલ્પના શકિત વિકસાવે, દ્રશ્ય માધ્યમ 'ટી. વી. ' તે મુરઝાવે.

૧૪) એક 'માતા' સો શિક્ષકોની ગરજ સારે છે કારણ કે પ્રબળ ઇચ્છાશકિત ધરાવતી 'માં' , મહાન વિભૂતિનું ઘડતર કરી શકે છે.

૧૫) 'સ્થૂળ દેહ' નાશવંત છે; 'શિષ્ટ શબ્દ દેહ' કયારેય નહી.

૧૬) 'કલમ', 'કડછી' અને 'બરછી' , નાગરીનાતમાં બાળકોને 'ગળથૂથી' માં જ છે.

૧૭) 'કોથળામાં પાંચશેરી' વાણિયા જ્ઞાતિની વિશેષાતા છે; દેખાય 'કોથળો' પણ માથું ફોડી નાખે.

૧૮) ખમીરવંતી કલમ, તલવાર કરતાં પણ વધુ ધારદાર છે.

૧૯) ભૌતિકવાદથી ગ્રસ્ત અને અશિસ્તમાં રાચનારું યૌવન, પોતાના દેશને બચાવી શકે ?

૨૦) જૂજ દેશોમાં રમાતી, ઠંડા પ્રદેશની, અતિ લાંબીને મોંઘી 'ક્રિકેટ' ની રમતનો 'ક' તો ખુબ ઘૂંટયો. હવે અન્ય ખેલોના 'ખ' ને ઘુંટો અને સ્વાસ્થ્ય પ્રદાન કરતી અસંખ્ય ભારતીય રમતો વિશે જાણો, વિચારો ને રમવામાં તેને પ્રાધાન્ય આપો.

૨૧) દરેક વ્યકિતને કંઇપણ ખોટું કરતી વખતે 'આત્માનો અવાજ' આવે જ છે. તેને સદા અનુસરો.

૨૨) યુગે યુગે પરિવર્તન અનુસાર હવે 'વૃદ્ધાશ્રમો' 'શરમ' નથી; જરૂરિયાત છે. પરંતુ તે શાંત વાતાવરણમાં 'આશ્રમો' જ બની રહેવા જોઇએ; નહીં કે 'પાંજરાપોળ'.

૨૩) તું આવ્યો જગમાં ત્યારે તું રોવે જગ હસે; કરણી કરી જા એવી કે તૂં હસે, જગ રોવે.

૨૪) જગનિયંતાએ બધા જ જીવો માટે 'રાત્રિ' આરામ માટે અને 'દિન' કાર્યરત રહેવા માટે બનાવ્યા. પરંતુ આપણે કુદતના અન્ય નિયમોની માફક જ આનું પણ ઉલ્લંઘન કરીએ !

૨૫) સંવેદના, લાગણી, પ્રેમ, સહનશીલતા, હિંમત, બધું જ જન્મજાત અને એ બાદ પ્રારંભના સંસ્કારથી આવે છે. બાદમાં દવા કે અન્ય રીતે તેને રોપી /થોપી શકાતા નથી.

૨૬) પર્યાવરણની રક્ષા કાજે, વૃક્ષો વાવો નહીં તો કંઇ નહીં ; પરંતુ તેને કાપો તો નહીં જ !

૨૭) દુઃખ, દર્દો કોઇથી દૂર કરી શકાતા નથી. પરંતુ તેનાથી ગ્રસ્તોને સાંત્વના તો આપો !

૨૮) તંદુરસ્તી માટે અત્યંત આવશ્યક; ‘કડવાણી’ આયુર્વેદની અને ‘કડવી વાણી’ અનુભવી વૃદ્ધોની.

૨૯) ‘બુદ્ધિ’ કેદમાં ને ‘મન’ પ્રહરી; અત્યંત જોખમી માનવજાત માટે.

૩૦) ‘કદ’ ભલે ‘વામન’ હોય; ‘વિચાર’ હંમેશાં ‘વિરાટ’ રાખો. જય શાસ્ત્રીજી!

૩૧) ‘શ્રમ’ની શરમ નહીં; શરમ તો આળસુવૃત્તિની. તંદુરસ્તીની જ આ ચાવી.

૩૨) ‘આહાર’, ‘વિહાર’ ,‘વિચાર’, હંમેશાં શુદ્ધ અને સાત્ત્વિક રાખો. ગર્ભવતી નારીઓએ તો ખાસ.

૩૩) શાસ્ત્રીજીનું ‘જય જવાન, જય કિસાન’ સૂત્ર દેશાભિમાન જગાડવા અત્યંત ઉત્તમ. હાલનું પ્રચલિત આસપાસ ચોપાસનું સૂત્ર ‘જય ટી.વી., જય ક્રિકેટ’ ક્યારેય ભારતની સરહદો નહીં સાંચવી શકે. જાગો ને વિચારો, હે યુવાનો !

૩૪) ‘માં’ ગમે તેટલી કદરૂપી હોય, ‘માસી’ ગમે તેટલી સ્વરૂપવાન કેમ ન હોય, તો પણ તેને ‘માં’ નો દરજ્જો ન જ અપાય. ‘માતૃભાષા’ના ગૌરવનું પણ તેવું જ છે.

૩૫) ‘નકલ’ માં પણ ‘અક્કલ’ હંમેશાં વાપરો; સફળતા મેળવવી હોય તો.

૩૬) જીવન એક સંગ્રામ છે. તેને હંમેશાં લડી લો. વ્યસનની લતે ચડવાથી તે ક્યારેય જીતાતો નથી જ.

૩૭) ‘મન’ ને ક્યારેય ‘બુદ્ધિ’ પર હાવી ન થવા દો. તેનાથી સદા ચેતતા જ રહો.

૩૮) બાળકૃષ્ણે તો 'માસી પૂતના' ને ચૂસી લઈને, પૃથ્વી પરથી ભાર ઓછો કર્યો. આપણે આપણી જ 'માં' એવી પૃથ્વીને શા માટે વધુને વધુ ચુસી રહ્યા છીએ ?

૩૯) આપણે કેમ ભુલિ રહ્યા છીએ; કે આપણું રાષ્ટ્ર સલામત રહેશે તો જ આપણે સલામત રહીશું !

૪૦) પોતાની જાત પર હસી શકે ને પોતાની ભૂલ સ્વીકારી શકે; એ જ નિરાભીમાની ને નિખાલસ.

૪૧) બીજાના અવગુણ શોધતાં પહેલાં પોતાના શોધો.

૪૨) આવકના દશ ટકા સદ્કાર્યો માટે, બીજા દશ ટકા જાણી શકાય તેવા ભાવિ ખર્ચ માટે અને ત્રીજા દશ ટકા અણધાર્યા આવી પડનારા ખર્ચ માટે બચત કરી, બાકીના સિત્તેર ટકાનો ખર્ચ સીમિત રાખશો તો ભવિષ્ય સદા ઉજ્જવળ રહેશે જ.

૪૩) 'વ્યસન' કરવું જ હોય, તો કરો શિષ્ટ વાંચન, મનન, ચિંતનનું જ.

૪૪) બીજાનો વિચાર કરીને વર્તન કરનાર 'માનવ', પોતા કરતાં બીજાનું જ વિચારનાર 'મહામાનવ' અને પોતાનું જ વિચારી વર્તન કરનાર એ જ 'દાનવ'

૪૫) જુવાનીની કમાણી, બુઢ્ઢાપામાં સમાણી. બચત કરનાર જ સદા સુખી.

૪૬) કાનૂનો આપણાં જ ભલા માટે આપણાં જ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ બનાવ્યા છે. તો પછી તેના ભંગમાં ગૌરવ શા માટે ?

૪૭) શિસ્તવિહીન પ્રજા કયારેય સલામત રહેતી નથી; લોકશાહીમાં પણ.

૪૮) ન માગ્યે દોડતું આવે ; માગ્યે દૂર દૂર ભાગે.

૪૯) 'સૂરી' સંપત્તિધારક 'લક્ષ્મીપતિ'; 'આસુરી' ફકત તવંગર/ધનાઢય/પૈસાદાર.

૫૦) માણસ જાતને જ કહેવું પડે છે કે 'માણસ' બન. પશુ–પક્ષીઓને જાતની યાદ કરાવવી પડતી નથી.

૫૧) 'આહાર' તેવો 'ઓડકાર'. 'ફાસ્ટફૂડ' ખાઈને, ઘરના તાજા ભોજનનો 'ઓડકાર' ન જ આવે.

૫૨) કરો તેવું પામો. યુવાનીમાં વૃદ્ધ મા – બાપની ચાકરી ન કરનાર, એવી અપેક્ષા પોતાની વૃદ્ધાવસ્થાએ તેના સંતાનો પાસેથી રાખી ન જ શકે.

૫૩) વાવો તેવું લણો. 'શૂરા' 'સંત' 'દાતા' તો જ અવતરે, જો માતાની કૂખે અવતરનારને એવા સંસ્કારો ગર્ભમાંથી જ મળતા હોય.

૫૪) કોઈપણ ભાષામાં પ્રભુત્વ મેળવવા, તેના વ્યાકરણના ઘનિષ્ઠ અભ્યાસની અત્યંત જરૂર. એ વિના ખાલી બોલતા આવડે; સાચું લખતા ન આવડે.

૫૫) 'FAST FOOD', 'FAST LIFE', 'FAST MONEY', 'FAST STRESS' ને 'FAST DISEASES'.

૫૬) 'મધુર સંગીત' હંમેશાં ધીમું, સૂર–તાલમાં વાગતું હોય તો મન – તનને તાજગી આપે. તેમજ તે સાંભળતાં સાંભળતાં આંખો લાગી જાય. તેનાથી ઊલટું 'ઘોંઘાટિયું સંગીત' કાને પડતાવેંત જ બીડાયેલી આંખો ફાટી જાય અને મન – તન બન્ને ઉશ્કેરાટ અનુભવે તેમજ કંટાળો આવે, થાક લાગવા માંડે. સંગીત દ્વારા સારવાર 'MUSIC THERAPY' માં 'મધુર સંગીત' જ ઉપયોગમાં લેવાય છે.

૫૭) ગધ્ધાથી ગધ્ધા મળે,કરે લાતંલાત; જ્ઞાનીથી જ્ઞાની મળે, કરે જ્ઞાનની વાત.

૫૮) 'ગધ્ધા પચ્ચીસી' ને 'સખ્ત પરિશ્રમ ને જ્ઞાન પ્રાપ્તિ પચ્ચીસી' માં પલટાવી નાંખો.

૫૯) ૪૦ વર્ષ સુધી 'ભાવે' તે ખાઓ, એ બાદ ૫૦ વર્ષ સુધી 'ફાવે' તેજ ખાઓ અને એ બાદ જીવનપર્યંત 'પચે' તે જ ખાઓ.

૬૦) 'ધન' ગુમાવતાં કશું ગુમાવતું નથી. 'તંદુરસ્તી' ગુમાવવાથી કંઈક ગુમાવાય છે; પરંતુ 'નીતિ મત્તા' ગુમાવતાં જ સર્વસ્વ ગુમાવાય છે.

૬૧) 'તન' ને 'મન' ની તંદુરસ્તી એ જ ખરૂં 'ધન' છે. એ માટે જ સદા મંડી રહો.

૬૨) સંતો / મહંતો પ્રત્યે સ્વયંભૂ અહોભાવ જાગે અને વડિલો પ્રત્યે આદરભાવ જાગે તો જ તેઓના ચરણે નમન કરો. ફકત શિરસ્તો / રિવાજ જાળવવા કયારેય નહીં.

...૨૧...

૬૩) પક્ષીઓ પર્યાવરણને ખોળે જ તણખલાં, ઘાસ–ભૂસાના માળાઓમાં વસતા; હવે માનવો પણ માળાઓમાં વસતા થયા છે; પરંતુ પર્યાવરણનો વિનાશ કરીને, સિમેન્ટ કૉંક્રિટના.

૬૪) આપકર્મી સંતાનો પ્રત્યે બાપને બાપકર્મી સંતાનો કરતાં ઓછી ચિંતા રહે છે. તેવુ જ કૂદરતનું પણ છે. આપણે તો તે બાપને જ અવગણીને લલકારવા લાગ્યા. પછી 'જળ, વાયુ પરિવર્તન' ની બૂમરાણ કર્યે શું વળે ? એ બાપની શકિત પિછાણી અને તેને શરણે ગયે જ છૂટકો. અવિચારી માનવજાત ચેતશે ?

૬૫) જીવનમાં મોજમજાની જરૂરત એટલી જ છે કે જેટલી ખોરાકમાં તેને સ્વાદિષ્ટ બનાવવા મીઠાંની. મીઠાંનું પ્રમાણ વધારતાં જ ખોરાક ખારો–ખારો થઇ જાય છે. એવું જ જીવનનું માનવું.

૬૬) 'જીવન' અને 'પુસ્તક' વાંચતાં/સમજતાં આવડે, એ જ સફળતાને વરે.

૬૭) જગત્ નિયંતાએ જીવમાત્રને જીવનપર્યંત ખપમાં આવે તેટલી જ શકિત આગોતરા જ થોપીને, શરીરના અંગઉપાંગો સાથે પૃથ્વી પર મોકલ્યા છે. જેથી જે અંગઉપંગોનો વપરાશ વધુ કરવામાં આવે કે ઓછો કરવામાં આવે તે બન્ને પરિસ્થિતિમાં, તે અંગઉપાંગો કામ આપતા બંધ થઇ જાય છે. આજના 'ઘોંઘાટિયા યુગ', 'અતિ તીવ્ર પ્રકાશ યુગ' અને 'સ્વયંચાલિત વાહન યુગ' માં માનવીની ઘેલછાએ 'આંખ', 'કાન', 'મગજ' ને વધુ પડતું કામ આપીને તેમજ 'શરીર' ને ઓછું કામ આપીને આળસુ બનાવતાં, તે દરેક નબળા પડી જઇને જીવન દર્દયુકત બની જતાં જીવનભર યાતના ભોગવવી પડે છે. કોઇ વિચારશે ?

૬૮) કઠોર પરિશ્રમ દ્વારા હાંસલ થયેલ લક્ષ્ય ; અતિ મોંઘેરું હોય છે.

૬૯) જીવન સદા વિચારપૂર્વક જ જીવવું જોઇએ.

૭૦) 'આવતીકાલ' નો વિચાર ન કરનારનો વિચાર, બાદ 'આવતીકાલ' પણ કરતી નથી.

૭૧) 'લોહી' અને 'પરસેવો'; બન્ને સ્વાસ્થ્ય માટે જરૂરી છે. માટે જીવનમાં પરિશ્રમ દ્વારા તેને સમતોલ રાખવા જરૂરી.

૭૨) 'અછત' માં માનવ ઘડાય; 'છત' માં માનવ વિલાય.

૭૩) સુખ / છતમાં 'છક્કી' ન જવું; દુઃખ / અછતમાં 'હારી' ન જવું.

૭૪) 'કસાઈ'ના છરાથી 'હલાલ' થાય બન્ને, 'કૂકડો' અને 'મેંઢો'; પરંતુ હલાલ થવું ઉત્તમ કૂકડાનું. કારણ કે તે હલાલ થાય ઉગ્ર પ્રતિકાર કરીને ; જ્યારે મેંઢો મુંગામોંએ.

૭૫) એ જ રાષ્ટ્રનું શિર સદા ઉન્નત રહી શકે ; કે જેના યુવાધનમાં તેની શુદ્ધ/ સાત્ત્વિક આહાર, વિહાર, વિચાર ધરાવતી માતાઓએ 'ગર્ભ સંસ્કાર' થી જ ઉચ્ચતમ રાષ્ટ્ર પ્રેમ ઠાંસી ઠાંસીને ઘરબ્યો હોય. 'મોજ મજા' નહીં.

૭૬) જીવન મર્યાદિત છે ; તો હરપળનો ઉચ્ચતમ સદુપયોગ કરો.

૭૭) વહી ગયેલ 'પાણી', 'વાણી' અને 'પળ' ક્યારેય પરત થતા નથી. માટે તેને વિચારીને વાપરો.

૭૮) આપણી 'મજા', બીજાને 'સજા' ન કરે, તેની સદા કાળજી રાખો.

૭૯) 'ટી. વી.' દર્શન સમયે સદા જાગૃત રહો ; ક્યાંક તમારા બેધ્યાનપણામાં તમારા હાથમાંનું 'રિમોટ કંટ્રોલ' તે ઝૂંટવી ન લે.

૮૦) 'મન' ને ક્યારેય નિરંકુશ દોડવા ન દો ; 'જીવનરથ' નો અકસ્માત નિવારવા તેને સદા 'બુદ્ધિ' ના અંકુશ હેઠળ જ રાખો.

૮૧) કુદરતદત્ 'સ્વરપેટી' ને સમય, સંજોગ, સ્થળ અનુસાર યોગ્ય રીતે ઊંચી–નીચી માત્રામાં વાપરો, વેડફાટ ન કરો.

૮૨) જ્ઞાનની 'છત' અને ભૌતિક સુખો/આરામની 'અછત' ; સુખમય જીવનની ચાવી છે, શાંતિ આપનારી છે.

૮૩) સુમધુર સંગીત પણ મોટા અવાજે વગાડવામાં આવે ; તો તે પણ 'ઘોંઘાટ' માં પરિણમે છે અને 'ઘોંઘાટ' સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

૮૪) આજની 'બચત' તે આવતીકાલની 'ખપત' છે. માટે 'પછેડી એવડી સોડ તાણો' ને જીવનમંત્ર બનાવો.

૮૫) એ જ બાળક સૌથી 'કમનસીબ'; જેના મા – બાપ તેની બધી જ માંગ, કોઈપણ સમયે, કોઈપણ સંજોગમાં પણ સંતોષે જ.

૮૬) જે બાળકને સ્વયં તેના માવતર જ બગાડે; તેને પૃથ્વીપરની કોઈપણ શકિત બાદમાં સુધારી શકતી નથી.

૮૭) 'એકલપેટો' તે તો માણસ; પશુ–પક્ષીઓ તો 'જળપાન' માં પણ સંગાથે.

૮૮) 'લાચારીભર્યા' દીર્ઘજીવન કરતાં, તો 'ખુમારીભરી' થોડી પળો પણ ઉત્તમ.

૮૯) 'માં' એ જ ધરતીપરનો 'દેહધારી' ભગવાન.

૯૦) જીવનમાં 'મજાક' અત્યંત આવશ્યક; પરંતુ જીવનને જ 'મજાક' ન બનાવી દો.

૯૧) 'વાણી', 'પાણી', 'ઇંધણ' ને વાપરો; કયારેય વેડફો નહીં.

૯૨) બાળકને 'લાડ' નો સંપૂર્ણ અધિકાર છે; 'ભૂખલાડ' નો કયારેય નહી.

૯૩) બાળકને વધતી ઉંમર અનુસાર, ક્રમશઃ પોતાનું કાર્ય જાતે જ કરી લે તેવી 'ટેવ' પાડો. તેમજ ઘરના કાર્યમાં પણ તેની 'વય' ખ્યાલમાં રાખી, જે તે નાના–મોટા કાર્યો તેની પાસે જ કરાવવાનો આગ્રહ રાખો; ભવિષ્યમાં તેને 'પાંગળું' બનતું અટકાવો.

૯૪) જીવનયાત્રા પ્રવાસ પથ 'ગુલાબો' થી આચ્છાદિત નથી; પરંતુ 'કંટકોથી' પણ ભરપૂર છે. માટે 'ડગ' માંડો સંભાળી સંભાળી.

૯૫) 'ઠોકર' થી પણ ન ચેતે ; તેને ભાગ્યે તો અંતે 'ઊંડી ગર્તમાં' જ ગબડવાનું લખ્યું હોય છે.

૯૬) પ્રકૃતિના બધા જ તત્ત્વો 'શિસ્તબદ્ધ' રીતે વર્તતા હોય; તો આપણે માનવજાત તેથી 'વિપરિત' શા કાજે ?

૯૭) 'લજ્જાવિહીન' નારી, હરપળે, હર સ્થળે, સદા અસલામત.

૯૮) નારીદેહની 'ભૂગોળ' ના ત્રિ ખાસ પ્રદેશો, બેવડા કાર્ય કરતા પુરુષને કામોતેજના અને બાળકને પોષણ આપનારા હોઇને, તેને જાહેરમાં કયારેય છતા કરવા હિતાવહ નથી.

૯૯) દરેક મહાન વિભૂતિને જે તે ઉચ્ચસ્થાને સ્થાપવાની પાછળ જે તે વિભૂતિની માતા દ્વારા ઉચ્ચ 'ગર્ભ સંસ્કાર' નું સિંચન જ કારણભૂત હોય છે.

૧૦૦) કુદરતનો વણલખ્યો નિયમ છે; કે જયારે જયારે સ્ત્રી સદાચાર – વિહીન બને; ત્યારે ત્યારે સમાજનું અધઃપતન જ થાય.

૧૦૧) સ્ત્રી–પુરુષ અન્યોન્યપૂરક છે; પ્રતિસ્પર્ધી નથી. જેથી પતિ – પત્નીએ એ મુજબ જ જીવનયાત્રા ગોઠવવી જોઇએ.

૧૦૨) બહારી સૌંદર્ય કરતાં આંતરિક સૌંદર્ય જ ઉત્તમ છે; તે સદા સ્મૃતિમાં તાજું રાખો.

૧૦૩) 'ધરતી' ની જેમ 'સ્ત્રી' પણ સહનશીલતાની મૂર્તિ અને પોષણ કરનારી છે ; તો તેણે સદા ધૈર્ય જાળવી રાખવું જ રહ્યું. તો જ સમાજ વ્યવસ્થા ટકી રહે.

૧૦૪) નારી વિનાનું ઘર 'વાંઢા વિલાસ' ગણાય છે; સ્ત્રી થકી જ 'ઘર' એ 'ઘર' બને છે. કારણ કે કુદરતે તેનામાં સુવ્યવસ્થાનો ગુણ ખાસ રોપ્યો છે.

૧૦૫) કાયમ 'સ્ત્રી' જ શ્વશુરગૃહે નિવાસ કરે છે ; 'પુરુષ' માટે તેવો નિયમ કેમ નથી ? કારણ કે ઈશ્વરે સ્ત્રીને પોતાના પિતૃગૃહનો સંપૂર્ણ ઃ મન–વચન–કર્મથી ઃ ત્યાગ કરીને, શ્વશુરગૃહે નવી દરેક પરિસ્થિતિમાં ગોઠવાઇ જવાની અદ્‌ભુત શકિત બક્ષી છે.

૧૦૬) કોઇપણ તરફનું આકર્ષણ 'પ્રેમ' ત્યારે જ બને; કે જયારે તેમાં 'મોહ' ની છાંટ ન હોય અને તે સંપૂર્ણ રીતે 'બુદ્ધિગમ્ય' હોય; અન્યથા તે બન્ને પક્ષે નુકસાનકર્તા જ નીવડે.

૧૦૭) બાળક 'કોરી પાટી' સમાન છે ; તેના પર કેવા અક્ષર પાડવા તે તેના માતા–પિતાએ નકકી કરવાનું છે. તે બાળકનું ભવિષ્ય તે દ્વારા જ નકકી થતું હોય છે.

૧૦૮) બાળક 'કુમળા છોડ' સમાન છે; તેને કઇ તરફ વાળવું તે નકકી કરવામાં થયેલી ગફલત, તે બાળકે જિંદગીભર ભોગવવી પડે છે. મા – બાપ વિચારે.

**લખ્યા તા. ૩૧/૦૫/૨૦૦૮, શનિવાર, તા. ૦૯/૦૯/૨૦૦૯ બુધવાર અને તા. ૦૮/૧૦/૨૦૦૯, ગુરૂવાર**

_____**********************_____

# ✦ પુરાતન ખજાનો ✦

- '૯' નાં આંકડાને કોઈપણ આંકડાથી ગુણો. જવાબમાં આવે તે બધા જ આંકડાઓનો વારાફરતી સરવાળો કરતા જ જાવ. અંતમાં '૯' નો આંકડો જ આવવાનો.
- '૧૩' નો આંક શુભ કઇ રીતે ? એક સમયે દાનવોના ત્રાસથી ત્રાસી જઇને, દેવો તેમાંથી તેઓને મુકિત અપાવવા, 'ત્રિદેવો' : બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ : પાસે પ્રાર્થના કરવા દોડી ગયા. 'ત્રિદેવો'એ તેમાં પોતાની અસમર્થતા બતાવવાની સાથે પોતપોતાની શકિતઓને આરોપી એક 'શકિતદેવી' નું સર્જન કર્યું અને તેના દ્વારા દાનવોનો સંહાર કરાવી, દેવોને ત્રાસ મુક્ત કર્યાં.

  આમ ત્રણ દેવોની આગળ એક શકિતએ સ્થાન ગ્રહણ કરતાં '૧૩' નો આંક શુભ બન્યો.
- અંગ્રેજી મહિનાઓના દિવસોની ગણતરી : ચાર (એપ્રિલ), છ (જૂન), નવ (સપ્ટેમ્બર), અગિયાર (નવેમ્બર)ના તો દિન ૩૦; અવળે '૩૧' છે; બીજે અઠ્યાવીસ (જે વર્ષને ચારે ભાગતાં 'શેષ' ન વધે, તે ફેબ્રુઆરીના દિન '૨૯').
- મૂઠ્ઠીવાળીને આંગળીના 'ઢેરા' પર, 'જાન્યુ.' થી શરૂ કરી 'ડિસે.' સુધી ગણતરી કરતા જઇએ, તો તે 'ઢેરા' પર આવતા મહિનાઓના દિન '૩૧' અને બાજુના 'ખાડા'ઓ પર આવતા મહિનાઓના દિન '૩૦'.
- 'ઓકી' દાતણ (બાવળ – લીમડો વગેરે) જે કરે; પીએ 'નચણા' પાણી; 'ભરપેટ' કયારેય ન જમે; દૂધે કરે 'વાળુ'; તેને ઘરે ન આવે વૈદ્ય કયારેય.
- 'રવિ' પછી તો 'સોમ' છે; ત્રીજો 'મંગળવાર'; ચોથો 'બુધ'; 'ગુરુ' પાંચમો; છઠ્ઠો 'શુક્રવાર'; 'શનિવાર' તે સાતમો; છેલ્લો 'વાર' ગણાય; એમ એક અઠવાડિયું 'સાતવાર'નું થાય.

# ગતિ અવરોધક !

**'T. V.' દર્શનનો અતિરેક રખેને ! તેના દર્શકને માટે એના ઊંધા અક્ષરો 'V. T.' (Vision Terminal : દષ્ટિઅંત) માં પરિણમે.**

**સમૃદ્ધ ભાષા 'સંસ્કૃત' ; 'આશ્લેષ' અલંકાર**

**અત્રે પ્રસ્તુત સંસ્કૃત શ્લોકોના 'વાચ્યાર્થ' અને 'ગુઢાર્થ' બંને અલગ અલગ થાય છે.**

**આ શ્લોક મને મારી કિશોરાવસ્થાએ જાણવામાં આવેલો. પરંતુ બાદમાં તેનો 'ગુઢાર્થ' મારી યાદદાસ્તમાંથી ભુંસાઇ ગયેલો, જેની જાણકારી મને છેક સને – ૨૦૦૫ માં શ્રી એમ. પી. શાહ મેડીકલ કોલેજ, જામનગરના તે સમયના ફોર્મોકોલોજી વિભાગના વડા ડો. શ્રી બી. કે. શાહ (સંસ્કૃતના જ્ઞાતા ન હોવા છતાં) દ્વારા એક મુલાકાત વેળાએ મળેલી, જે અત્રે તેમના સૌજન્ય સાથે પ્રસ્તુત કરૂ છું.**

(૧) केशवम् पतितम् द्रूष्टवा; पाण्डवा हर्षमागता ।
रूदान्त कौरवा सर्वे; हा हा केशवम् केशवम् ।।

(२) हतोSहनुमन्ताय ; सीता हर्षा मागता ।
रूदन्ति राक्षसा सर्वे ; हा हा रामोS हनोहताः ।।

**ઉપરોકત શ્લોકોના ગુઢાર્થ !**

(१) केशवम् :

**પાણીમાં પડેલા શબને નિહાળી, દેડકાઓ હર્ષમાં આવી ગયા અને કાગડાઓ (પાણીમાં પહોંચી ન શકે માટે) સર્વે રૂદન કરવા લાગ્યા.**

(२) हतोS :

('S' **ની નિશાની શબ્દની (અક્ષરની) ગેરહાજરીની સૂચક છે ; એટલે કે અંગ્રેજીમાં** (Silence Word) **જેવી જ છે; આ 'અવગૃહ' નિશાની.**) **હનુમાનજીએ બગીચો ('અશોક વાટીકા', જયાં સીતાજીને રાખવામાં આવેલ) ખેદાન મેદાન કરી નાખતાં, સીતાજી હર્ષમાં આવી ગયા અને સર્વે રાક્ષસો રૂદન કરવા લાગ્યા કે હનુમાને બગીચો ખેદાન મેદાન કરી નાખ્યો. છેને, કમાલ !**

**લખ્યા તા. ૨૬/૧૧/૨૦૧૦, શુક્રવાર**

# (૧) સ્વામી શ્રી વિવેકાનંદજીની જન્મ જયંતિના આજના પાવનદિને મારૂં 'જીવન દર્શન'

કુદરતદત્ એક જોડકું; 'જન્મ – મૃત્યુ' ની પરંપરા, નકકી થયેલા સમય મુજબ જ નિરંતર ચાલ્યા જ કરે છે. તેમાં કોઇ જ ફેરફાર આજસુધી કોઇ કરી શકયું નથી.

જે જીવ જન્મ લે છે; તેનું મૃત્યુ સમયમર્યાદામાં થતું જ રહે છે. એમાં કોઇ જ ફેરફાર કયારેય થયેલો નોંધાયો નથી.

આ બેય કુદરતના નિયમ અનુસાર કાર્ય કરતા રહે છે. જન્મથી લઇને અનિવાર્ય મૃત્યુ સુધી, જીવ જે જે સારાનરસા કાર્યો કરે છે, તેની વચ્ચેનો સમયગાળો એ જ, 'જીવન યાત્રા'.

આ 'જીવન યાત્રા' ની સફળતાની ગુરૂચાવી, આપણાં સંતો – મહંતોએ અતિ ટૂંકી રીતે, થોડા સરળ શબ્દોમાં આલેખી છે. આ છે : 'તૂં આવ્યો જગમાં ત્યારે તૂં રોવે, જગ હસે; કરણી કરી જા એવી કે તૂં હસે, જગ રોવે'.'કેટલું જીવ્યો તે મહત્વનું નથી; પરંતુ કેવું જીવ્યો એ જ અતિ મહત્વનું છે'.

આપણાંથી કોઇનું સારૂં ન થાય તો કંઇ નહી; પરંતુ બુરૂં (ખરાબ) તો ન જ થાય, તે માટે સદા જાગ્રતતા રાખવી. પર્યાવરણને બચાવવામાં પણ આપણાંથી આટલું તો વગર મહેનતે કે **વગર નાણાં ખર્ચે, થઇ શકે છે** અને તે છેઃ 'વૃક્ષો વાવો નહીં તો કંઇ નહી; પરંતુ કાપો તો નહિં જ'.

લાંબું જીવનાર સમાજ માટે કશું સારૂં યોગદાન નથી આપી શકતો. પરંતુ ટુંકું જીવન જીવનાર સમાજ માટે 'દિવાદાંડી' રૂપ સાબિત થાય છે. આવા દાખલાઓ ઈતિહાસના પાનાંઓ પર આજ પણ જીવંત છે.

આજના દિનની જ જો વાત કરીએ; તો પૂ. વિવેકાનંદજીએ પોતાની ટૂંકી જીવનયાત્રા દરમ્યાન સમાજને કેટલી કેટલી વિશિષ્ટતાઓનું યોગદાન આપ્યું છે; તે યાદ કરીએ. તેમાંથી બોધપાઠ લઇએ; કે આપણે પૂ. વિવેકાનંદજી જેવા મહાન વિભૂતિ ન થઇ શકીએ તો કંઇ નહિ; પરંતુ ૨૧ મી સદીમાં, 'દાઉદ' તો નહીં જ થઇએ.

આ તકે એક અંગ્રેજીમાં લખાયેલું સુવાકય અત્રે પ્રસ્તુત કરૂં; તો અસ્થાને નહીં લેખાય (આ લખાણની ધાતુની કાળા રંગની પ્લાસ્ટીકમાં સોનેરી ઉપસાવેલા અક્ષરોવાળી નાનકડી તકતી, મને એક મારા શુભચિંતકે ભેટ આપેલી છે, તેમાંથી લીધું છે). 'I SHALL PASS THROUGH THIS WORLD, BUT ONCE ANY GOOD THING THAT I CAN DO, OR ANY KINDNESS THAT I CAN SHOW TO ANY HUMAN BEING, LET ME DO IT NOW AND NOT DEFER IT, FOR I WILL NOT PASS THIS WAY AGAIN' આ અંગ્રેજી લખાણની તુલના, આપણાં સંતો – મહંતોએ આપેલા ઉપરોકત સુવિચાર / શીખ સાથે સરખાવીએ, તો આપણાં સંતો–મહંતોએ કેટલા થોડા શબ્દોમાં 'ગાગરમાં સાગર સમાવી લીધો છે', તેની મહાનતા આપોઆપ છતી થતી જોઇ શકાય છે.

આવા કુદરતદત્ તદન જીવન–મૃત્યુ સમયે, આપણે સમાજ અને આપણે પણ જુદી જુદી પ્રક્રિયાઓ દર્શાવીએ છીએ. જન્મ સમયે હર્ષોલ્લાસ અને તેનાથી ઉલ્ટું મૃત્યુ સમયે અનેક જાત જાતના રીવાજો, જેમાં કુદરતની જ આ ક્રિયા હોવા છતાં શોકમય વાતાવરણ આજુબાજુ ચોમેર ફેલાવીએ છીએ અને તેનાથી થોડું જૂદું આચરનારની ટીકા કરીએ છીએ. મૃત્યુથી દુઃખ થાય તે સ્વાભાવિક છે. પરંતુ તેને જુદા જુદા, અન્યને નડતર થાય એવા રિવાજોમાં તો અવશ્ય ન જ બાંધી રાખીએ.

મૃત્યુનો મલાજો ફકત પ્રભુ સમક્ષ નતમસ્તકે, મૃતકની શાંતિ કાજે ગમે તે સ્થળે પ્રાર્થના કરીને જાળવીએ એ જ મૃતકને આપણી સાચી શ્રદ્ધાંજલી બની રહે . ॥ ૐ શાંતિઃ ॥

**લખ્યા તા. ૧૨/૦૧/૨૦૧૦, મંગળવાર**

I SHALL PASS THROUGH
THIS WORLD, BUT ONCE
ANY GOOD THING THAT I CAN
DO, OR ANY KINDNESS THAT
I CAN SHOW TO ANY HUMAN
BEING, LET ME DO IT NOW
AND NOT DEFER IT, FOR
I WILL NOT PASS THIS WAY AGAIN.

# (૨) શું સ્ત્રી પુરુષ સમોવડી છે ? ના.. ના.. અને ના જ. એ તો યુગોથી આજપર્યંત સર્વોપરી જ રહેતી આવી છે અને રહેશે જ, રહેશે.

'જનની જણ તો ભગત જણ, કાં દાતા, કાં શૂર; નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર'. આટલામાં તો જાણે સર્વોપરીતાના સાગરને ગાગરમાં જ ઠાંસી ઠાંસીને ભરી દીધો છે; તેના રચયિતાએ.

અત્યારના પ્રવર્તમાન સમયની અતિ જાણીતી વ્યકિત, જે 'સંત શ્રી મોરારિબાપુ' ના નામથી ઓળખાય છે અને જગતમાં જેના નામનો ડંકો વાગી રહ્યો છે. તેને તે કક્ષાએ પહોંચાડવામાં કોનું યોગદાન છે ? અલબત્ત બબ્બે સ્ત્રીઓઃ માતા અને પત્ની નું જ સ્તો.

ભવ્ય ઈમારતની જ સર્વત્ર પ્રશંસા થતી હોય છે. નહીં કે તેના પાયાના પથ્થરો કે જેના પર તેની ભવ્યતા સર્જાઇ હોય છે. આ સત્ય રખેને ભૂલાય. 'પાયાના પથ્થર' હંમેશાં ગુપ્ત રહે છે, જેને તે જાણે એ જ જાણે.

પ્રથમ માં, ગર્ભાવસ્થાથી લઈને યુવાનીમાં પગ માંડે ત્યાં સુધીમાં પોતાના એ બાળકમાં ઉચ્ચત્તમ આહાર, આચાર, વિહાર અને વિચાર દ્વારા એવા જ સંસ્કારોનું સિંચન કરે છે.

એ બાદ પત્ની તરીકે આવનારી સ્ત્રી પણ તે સંસ્કારોને પોતાના પુરા સહકારથી બળવત્તર બનાવવામાં પોતાનું યોગદાન આપતી હોય છે; જો તેણીમાં પણ એવા જ ઉચ્ચત્તમ સંસ્કારોનું સિંચન થયું હોય તો.

આવા જ સંસ્કાર પામેલો માનવી સિદ્ધિના સોપાન સર કરી શકતો હોય છે. અન્યથા બધું જ વ્યર્થ.

સંતશ્રી મોરારિબાપુને આવી જ બબ્બે સ્ત્રીઓનું યોગદાન પ્રાપ્ત થતાં, હાલ એમના નામનો ડંકો સર્વત્ર વાગી રહ્યો છે. આ તો એક તાજું દષ્ટાંત છે. બાકી તો દરેક મહામાનવની સિદ્ધિમાં સ્ત્રીઓનું જ યોગદાન રહેલું હોય છે. પાયાના પથ્થર કયારેય બહાર દેખાતા નથી જ.

સ્ત્રી પવિત્ર સારા સંસ્કારવાળી હોય, તો જ મહાપુરુષ તેની કુખે જન્મે છે 'હિરણકશ્યપુ' રાક્ષસ હોવા છતાં તેની પત્ની આવી સંસ્કારી હોતાં જ,

ભકત પ્રહ્લાદ તેની કૂખે અવતર્યા. રાક્ષસીણીની કૂખે આવું સંભવી જ કયાંથી શકે ! રાક્ષસીણી એટલા શિંગડાં, મોટા દાંતવાળી નહીં. પંરતુ સમાજને પીડતા એવા ભૂરાયા યુવાનો, આતંકવાદીઓ, નબળા તન ને મન ધરાવતા યુવાનો, માયકાંગલા, સૌને નડતા, બીજાનો વિચાર ન કરી ફકત પોતાની ધૂનમાં જ સમયને બરબાદ કરનારાઓને જન્મ આપતી એવી 'નબળી કૂખ' વાળી સ્ત્રીઓ.

આતતાયીઓથી બચાવવા માટે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા ત્રિદેવો પણ ત્રસ્ત સમાજ માટે કશું કરી શકેલા નહીં. એ માટે પણ તેઓએ પોતપોતાની શકિતઓ થોપીને, તેના મિશ્રણ યુકત સર્જન એવી નારીનું જ શરણું લેવું પડેલું ને ! આવી માં જગદમ્બા જ આતતાયીઓનો નાશ કરી શકયા. સમાજને કયારેય પુરુષ નહીં સુધારી શકે. તે તો સ્ત્રીશકિત જ કરી શકશે. 'વિચારો અને જાગો'

**(લખ્યા તા. ૨૩/૧૧/૨૦૦૮, રવિવાર)**

_____**********************_____



આધુનીક 'જીમ રહીત'
એ સમયની (૨૦ મી સદી)
ખડતલ યુવાનીનું
દર્શન...

## (૩) 'માં' ને 'માતૃભાષા' ની જોડ ; જગે નહીં જડે રે લોલ !

'માં તે માં, બાકી વગડાના વા' ઉકિતને, આપણે આપણી 'માતૃભાષા' ની સાથે પણ સાંકળી શકીએ તેમ છીએ. સંસ્કૃત આપણી 'માં' છે અને આપણી બધી ભારતીય ભાષાઓ તેની પુત્રીઓ છે. આ દષ્ટિએ આપણી ગુજરાતી ભાષાની તે બધી ભાષાઓ સગી બ્હેનો છે. આપણી ભાષામાં તે કોઈ ભાષાના શબ્દો આવે તો તે ક્ષમ્ય લેખાય. પરંતુ વિદેશી ભાષાઓના શબ્દો ભલે તે અતિસુંદર કેમ ન હોય, તે ક્ષમ્ય લેખી જ ન શકાય. કારણકે તે આપણી ગુજરાતી ભાષાની સગી બહેનો નથી. 'માસી' ગમે તેટલી સ્વરૂપવાન કેમ ન હોય, તેને માં નો દરજજો આપી જ કેમ શકાય ! આમેય આઘે આઘે થતી બ્હેન એવી અંગ્રેજી માટે આપણે ઘેલા ન જ થવાય.

જો... જો... 'કાઉ' ! જો... 'ડોગી' ! જો બેટા... 'પપ્પા' ! બોલ બેટા... કેવો 'કલર' ? જો, 'રેડ', 'બ્લયૂ', 'ગ્રીન', 'વ્હાઇટ' ! બેટા, 'વન–ટુ–થ્રી' બોલતો ! આવા પોતાના ઉગતા ને બોલતાં શીખતા શિશુઓને, અંગ્રેજી માધ્યમમાં ભણેલી કે તેના જ મોહમાં આંધળી થયેલી કે આધુનિક કહેવડાવવાની લ્હાયમાં શિખવતી માતાઓના ઉદ્ગારો સાંભળીને, અમારા જેવા જૂની પેઢીના અને રાષ્ટ્રની શાનની સમજ ધરાવતા વૃદ્ધજનોનું શિશ શરમથી ઝૂકી જાય છે. અરે ! વાત આટલેથી જ અટકતી નથી. આવી અંગ્રેજી માધ્યમમાં ભણેલી માતાઓ તો ત્યાં સુધી બેધડક કહી શકે છે કે અમને ગુજરાતી બોલતા આવડે, વાંચતા મુદલ ન આવડે.

બાળકોને રમતાં રમતાં જ રંગોની ઓળખ થઇ જાય તેવી એક જૂની કહેવત, 'લાલ, પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય; બાકીના બીજા બધા મેળવણીથી થાય' – તે પણ ન જાણતી આધુનિક માતાઓ, જયારે ખુદ પોતાના શિશુઓને માતૃભાષાની અવગણનાની 'ગળથૂથી' નું સિંચન કરતી હોય ત્યારે તેવી માતાઓની અવગણના, બાદમાં તે શિશુઓ પુખ્ત વયે કરે, તો તેનું શું આશ્ચર્ય !

આવી માતાઓની કૂખે, સંત, શૂરા કે દાતા કયાંથી પાકે ! આવા હાલના માહોલમાં આઝાદી અપાવનાર આપણાં શૂરવીરો, શહીદોની આંતરડી ત્યાં સ્વર્ગમાં બેઠા પણ કેવી કકળતી હશે !

વચ્ચે થોડું આપણાં 'દશ્ય – શ્રાવ્ય' ગુજરાતી માધ્યમોની વાત કરી લઇએ, તો તેમાં પ્રસારિત થતા ગુજરાતી કાર્યક્રમોમાં પણ અંગ્રેજી ભાષાના શબ્દોની તો લાંબી ભરમાર, કારણકે તેમાં સહયોગ આપનારા બધા જ 'અંગ્રેજી માસી' થી વધુને વધુ પ્રભાવિત !

હવે તો એવું જોવા મળે છે; કે હિન્દૂધર્મીઓ જ પોતાના ધર્મસ્થાનો પાસેથી ચાલતા કે  વાહનપર પસાર થતી વેળાએ, 'ક્રોસ' ની અદાએ નમન કરતા પસાર થાય છે. ખેર! આપણી સંસ્કૃતિનો જેટલો વિનાશ અઢીસો વર્ષના આપણાં પરના શાસનકાળ દરમિયાન, વિદેશી એવી અંગ્રેજી હકૂમતે નથી કર્યો ; તેટલો નહીં પણ તેનાથી અનેક ગણો વધુ આપણાં લોકશાહી શાસનના આટલા જ વર્ષોમાં આપણા હાથે જ આપણે કરી રહ્યા છીએ.

આવીએ મૂળ વાત પર 'અંકલ', 'આન્ટી', 'ડેડ', 'મોમ' વગેરે સંબંધોના શબ્દો શીખવતી માતાઓ, એ કયાંથી જાણતી હોય કે આપણી ગુજરાતી ભાષામાં સંબંધદર્શક શબ્દોની કેટલી વિપુલતા છે કે જે બોલતા, સાંભળતાવેત જ બન્ને વ્યકિત વચ્ચેના સંબંધ શું છે, તેની આપોઆપ ઓળખ થઇ જાય. લો આ રહ્યા તેવા થોડા 'સંબંધ સમૂહો' :

| | | |
|---|---|---|
| પરદાદા – પરદાદી | દાદા – દાદી | પિતા – માતા |
| કાકા – કાકી | ફઇ – ફૂઆ | (બા /માં – બાપુજી) |
| અદા – ભાભૂ | પૌત્ર – પૌત્રી | દોહિત્ર – દોહિત્રી |
| પુત્ર – પુત્રવધુ | દીકરી – જમાઇ | ભત્રીજા – ભત્રીજી |
| પિતરાઇ ભાઇ/બ્હેન | ભાઇ – બહેન | બ્હેન –   બનેવી |
| ભાઇ – ભાભી | નણંદ – ભોજાઇ. | |

**નોંધ :–** વચ્ચેટ કાકા, મામા, કાકી, માસીની ઓળખ આગળ 'જી' લગાડતા જ મળી જાય.

પરનાના – પરનાની   નાના – નાની   મામા – મામી

માસા – માસી   પિતરાઈ મામા–મામી   પિતરાઈ માસી – માસા

ભાણેજ – ભાણી   સસરા – સાસુ   જેઠ – જેઠાણી

દિયર – દેરાણી   નણંદ – નણદોઇ   સાળો – સાળાવેલી

સાળી – સાઢુભાઇ (મોટી સાળી 'પાટલા સાસુ')

વેવાણ – વેવાઇ (બન્ને પતિ – પત્નિ સંબંધે)

**નોંધ :–** પતિ – પત્નીના સંબંધમાં થતા સંબંધોની પાછળ 'જી' લાગતા ઓળખ મળી જાય દા. ત. મામાજી, ફુઆજી ઇત્યાદિ.

**વિસરાતા શબ્દો :–**

| | | |
|---|---|---|
| વાં–પણે–ઓલીપા–પેલીપા | = | ત્યાં, પેલી બાજુ |
| ઓરું, ઢૂંકડું | = | નજીક |
| આંચા – આંઇ | = | અહીં |
| આઇવો – ગ્યો | = | આવ્યો – ગયો. |

બ્હેનપણી,ભાઇબંધ, બાળગોઠીયો, મિત્ર (બધામાં માત્ર Friends જ નહીં)

'સર' નહી ; ગુરૂજી – સાહેબ. 'મેડમ' નહી ; 'બ્હેનજી' – 'બ્હેન'

ઇત્યાદિ... ઇત્યાદિ...

**લખ્યા તા. ૧૬/૧૧/૨૦૦૯, સોમવાર**

જામ શ્રી દિગ્વિજયસિંહજી સહપરિવાર

_____**********************_____



# (૪) ‘સ્વીટી સીક્સટીન’ યાને ‘સોલવાં સાલ’

(પ્રારંભ પહેલાં, એ જણાવી દઉં; કે મૂળ આ લેખ, મારી સુપુત્રી ચિ. પલ્લવી (હાલ ડોકટર છે) માટે આજથી લગભગ ત્રીસ વર્ષો પહેલાં, તેણી અહીં આયુર્વેદ કોલેજમાં પ્રથમ વર્ષ : આયુર્વેદાચાર્ય (B.S.A.M.) : અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી હતી, ત્યારે તેની કોલેજના વાર્ષિક મેગેઝીન માટે તૈયાર કરતો હતો. પરંતુ તે કોઇક સંજોગોવસાત કાચોને અપૂર્ણ રહેવા પામેલો, જે થોડા સમય પહેલાં હાથ લાગતા, તેમાં હાલના સમયના પરિપેક્ષમાં સુધારા–વધારા કરી, હવે પૂર્ણ થવા પામ્યો છે, જે અત્રે પ્રસ્તૂત છે.)

વાંચકો, શિર્ષક વાંચીને તમારા મર્કટ મનને કલ્પનાના તરંગોએ વિહરવા માટે રખેને છૂટો દોર આપતા ! કારણ આ જ હું જે વિષયપર લખવા બેઠો છું; તે વિષય મનને સદા ગમતી ‘સુંવાળપ’ વિશેનો નથી.

પરંતુ પરમકૃપાળુ પરમાત્માએ માનવજાતને બક્ષેલ અણમોલ ભેટ ‘બુદ્ધિ’ ને કસીને, ધારદાર બનાવવા અંગેનો છે અને તે પણ ખાસ કરીને અત્યંત આવશ્યક છે, જયારે માનવી તેની આયુના સોળથી પચ્ચીસ (ગધ્ધા પચ્ચીસી) વર્ષ વચ્ચેના સોનેરી કાળમાં કલ્પનાના તરંગોમાં વિહરતો હોય. આ જ સર્વત્ર ધ્યાનપૂર્વક જોઇશું તો ઠેર ઠેર મનને સદા ગમતી ‘સુંવાળપ’ ની જ બોલબાલા છે. જયારે જીવનની સફળતા માટે પાયાની જરૂરિયાત એવી ‘બુદ્ધિ વિકાસ’ બાબત માં સંપૂર્ણ ઉપેક્ષાવૃત્તિ દષ્ટિ ગોચર થયા વિના રહેતી નથી.

મસ્તક પર સ્થિત ‘મગજ’ કહેતાં ‘બુદ્ધિ’ ની માવજતને સ્થાને જયાં નિહાળો ત્યાં તેના પર સ્થિત અન્ય ચીજ ‘કેશ’ ની જ માવજત થતી વધુ નિહાળવામાં આવે છે.

કોઈ પુસ્તકાલયની મુલાકાત લઇ, બુદ્ધિનો ખોરાક શિષ્ટવાંચન, ચિંતન અને મનન કરવાનું સ્થાન, આજ ‘સિનેમા હોલ’ માં ગોઠવાયેલા આરસા સન્મુખ ઊભા રહી, કેશની કાળજીપૂર્વક માવજત થતી દષ્ટિગોચર થાય છે.

હજુ હમણાં જ વિદાય લીધેલી ૨૦મી સદીમાં જેનું ગૌરવ લેખાતું તેવી 'માં' સરસ્વતીનું પ્રતિક 'લેખિની' નું સ્થાન, આજ 'કાંસકા'ઓએ છીનવી લીધું છે. આમ જયાં 'લેખિની' શોભે, ત્યાં આજ 'કાંસકા' ઓ ઝૂલતા થયા છે.

હજુ થોડા જ વર્ષો પૂર્વે શિશુઓને શીખ અપાતી; કે 'સોપારી ખાય તેને વિદ્યા ન આવે' તેને બદલે આ જ વિદ્યાભ્યાસ દરમ્યાન જ શા શા વ્યસનો વિદ્યાર્થીઓને લાગી જાય છે, તે સૌને સુવિદીત છે. આ જ વ્યસનોને તો ગૌરવ ગણવામાં આવે છે. તેમજ તેને આધુનિકતાનું પ્રતીક પણ માનવામાં આવી રહ્યું છે.

વ્યસનો તો મનને સદા ગમતી ચીજ છે. જયારે બુદ્ધિનો મુખ્ય આહાર તો છે શિષ્ટ વાંચન, ચિંતન મને મનન, જે વિના બુદ્ધિ પ્રતિભા ખીલવી જ અશકય.

મર્કટ મનને પોષતા વ્યસનો માટે ખાસ કોઈ પરિશ્રમ વેઠવો પડતો નથી. જયારે બુદ્ધિના પોષણ માટે તો કઠોર પરિશ્રમયુકત શિષ્ટ વાંચન, મનન, ચિંતન વિના ચાલી જ ન શકે, જેના વિના બુદ્ધિ ખીલી શકે જ નહીં.

આજ એવું ચોમેર દીસતું નથી શું કે ઈશ્વરદત વિશિષ્ટ વરદાન 'બુદ્ધિ'ને કારણે મૂકી, ફકત પશુઓની માફક 'મન'ના દોરવાયા જ સૌ વર્તન કરી રહ્યા છે !

આડેધડ જાહેરમાર્ગો સુદ્ધાં પર નીરાતો ચારો ચરતા પશુઓ વચ્ચેથી માર્ગ કાઢવો શિરદર્દ સમાન હોય છે, બરાબર તેવી જ રીતે આજ આડેધડ વગર વિચાર્યું વર્તન કરતા માનવ સમુદાય વચ્ચેથી પણ માર્ગ કાઢવો અતિ કપરો જ હોય છે ને!

જગત નિયંતાએ પશુઓને ફકત 'મન' જ આપ્યું છે; 'બુદ્ધિ' નહીં. જેથી તે 'મન' ના દોરાયા જ વર્તે, તે એક સ્વાભાવિક ક્રિયા છે. પરંતુ માનવીઓને તો સાથે સાથે બન્ને : 'મન' ને 'બુદ્ધિ' પણ આપ્યા છે, જે એ કૃપાળુની મહાન તેમજ અણમોલ દેન છે. જેથી માનવીએ 'મન' ના દોરાયા વર્તે ને બુદ્ધિનું માર્ગદર્શન ન મેળવે, તે એ જગતનિયંતાનો ઘોર અપરાધ છે, જે અક્ષમ્ય છે.

આવી માનવીઓને અણમોલ ભેટ 'બુદ્ધિ' થકી જ આજ પાંખો ન હોવા છતાં આપણે ઊંચે ઊંચે ઉડી શકીએ છીએ અને હવે તો એથીય આગળ આકાશમાં અન્ય ગ્રહો ભણી પહોંચવાની આપણે હરણફાળ પણ ભરી રહ્યા છીએ. 'ગરુડદષ્ટિ' ન હોવા છતાં દૂર સુદૂર સુધી જોઇ શકીએ છીએ અને હવે તો નરી આંખે ન જોઇ શકાય તેવા નવા નવા ગ્રહો પણ નીરખી શકતા થયા છીએ. 'હરણદોડ' ની શકિત ન હોવા છતાં આપણે પૂરપાટ દોડી શકીએ છીએ. આવા આવા તો અનેક કાર્યો આપણે કરી શકતા થયા છીએ.

આવા અમૂલ્ય બુદ્ધિશકિતનો ખોરાક તો મુખ્ય રહેલો છે ; વાંચન, ચિંતન, મનનનો, સખત પરિશ્રમ કરવાનો. આવી અણમોલ 'ભેટ' ની સાથે તે જ શકિતએ એક મોટી નબળાઇ પણ પ્રદાન કરી છે, 'સુંવાળપ' ની ; કે જેમાં કોઇ જ પ્રકારનો પરિશ્રમ કરવો પડતો નથી. પસંદગી આપણા પર છોડી છે.

પરંતુ કમનસીબે માનવી સખત પરિશ્રમને બદલે પરિશ્રમરહિત એવી 'સુંવાળપ' માં સપડાઇ જતાં, પોતાની અવગતિ નોતરી રહેલો દીસે છે. જો કે આમાંથી છૂટકારો મેળવવા એજ શકિતએ તેનું 'મારણ' પણ બક્ષ્યું છે અને તે છે; 'દૃઢ મનોબળ'. આવું મનોબળ પ્રાપ્ત કરવા જો માનવી કમર કસે તો તેને ઊત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરતા કોઇ રોકી શકે જ નહીં.

પ્રવર્તમાન સમયમાં જાણે કે 'સુંવાળપ' નો માર્ગ પસંદ કરીને માનવી પૂરપાટ ઝડપે વિનાશને પંથે ગતિ કરી રહેલો દીસે છે.

ઉદ્દાહરણોના થોડા નમૂના : બીજાને તકલીફ પડે તેવા કાર્યો કરવા, જીવન વિચારપુર્વકનું જીવવાને બદલે મનના જ દોરાચા જીવવું, જાહેર માર્ગોપર પૂરપાટ ઝડપે, આડેધડ વાહનો ચલાવવા, પશુઓ જેવા ચિત્ર, વિચિત્ર અવાજ કરવા, ચીસો પાડવી, ગમે તે સમયે મોટા અવાજે બોલવું, અનેક વ્યસનોના ગુલામ બનતા જવું, વૃદ્ધજનો / પાગલો / યુવતીઓની ઠેકડી ઉડાવવી, કાયદાનું ઉલ્લંઘન કરવામાં ગૌરવ ગણવું, બધા જ પ્રકારનાં જીવમાત્રને નુકશાનકર્તા પ્રદૂષણો ફેલાવવામાં બહાદુરી સમજવી, ઇત્યાદિ... ઇત્યાદિ...

આમાંય શિરમોર સમું તત્ત્વ ઉમેરાયું છે; પ્રબળ માધ્યમ 'ટી.વી.' નો દુરુપયોગ અને તે પણ તેના દ્વારા ચોવીસેય કલાકના પ્રસારણના આરંભથી જાણે કે પ્રત્યેક 'ઘર' અને 'મકાન' બનતું જાય છે અને તે 'સિનેમા હોલ', 'ક્રિકેટ સ્ટેડિયમ', 'નાટ્યમંચ' માં પરિણમ્યું છે કે જયાં શાંતિ સંભવી જ કયાંથી શકે ! 'ધરતીનો છેડો ઘર' ની ઉકિત હવે કયાં રહેવા પામી છે !

હવે 'મોબાઈલ ફોન' માં નિતનવી શોધો થવા લાગતા ઘર, બસ, રેલ્વે ટ્રેઈન, બાગ-બગીચા કયાંયે શાંતિ શોધવાથીયે મેળવી શકાતી નથી.

જાણે કે ભારતીય સંસ્કૃતિનો મૂળ પાયો 'શાંતિ' નો હ્રાસ થતો ચાલ્યો છે. માનવી પશુ કરતાંયે વધુ અન્યને પીડા આપતા અનેક કાર્યો વિચારપૂર્વક કરતો થયો છે ; જાણે કે પાશવી આનંદ લૂટવા જ.

શું આમાંથી ઉગરવાનો કોઈ ઈલાજ રહ્યો નથી ? જો, જો રેખેને નિરાશાવાદી થતા. ઈશ્વરે તેને માટે 'રામબાણ' ઈલાજ આપ્યા છે ; 'બુદ્ધિ' ને 'દ્રઢ મનોબળ' આના થકી જ અવશ્ય છુટકારો મેળવી શકાશે અને તન, મન બન્નેને શાંતિ પ્રાપ્ત થશે. હવે પસંદગી આપણે કરવાની છે. જીવનમાં શાંતિ ઈચ્છનારાઓએ ભૌતિકવાદ તરફની દોડ અટકાવી, સંતોષી જીવન તેમજ જરૂરિયાતો ઓછી કરવી પડશે. પૂ. મહાત્મા ગાંધીજી પણ આવી જ કંઈક શીખ આપી ગયા છે ને !

અંતમાં પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થીએ; કે આપણા યુવાધન ને,'જાગ્યા ત્યારથી સવાર' ગણી 'મન' ની ગુલામી ત્યજી, તે પરકૃપાળુના જ અંશ એવી 'બુદ્ધિ' નું શરણું લેવા શકિતમાન બનાવે. તેમજ સર્વોત્તમ એવી ભારતીય સંસ્કૃતિને બચાવવા પોતપોતાનું ઉત્તમ યોગદાન આપી શકે.

**લખ્યા તા. ૦૮/૦૩/૨૦૦૯, રવિવાર**

_____*********************_____

## (૫) જામનગરીઓમાં પ્રવર્તમાન એક ભ્રમ : લાખોટા તળાવમાંના ઘોડેસ્વાર 'શિલ્પ' ના ઘોડાનો એક પગ પહેલાં ઊંચો હતો !!!

આપણાં નગરના ૩૬૮ માં સ્થાપનાદિને (૩૬૭ મી વર્ષગાંઠ), જામનગરીઓ દ્વારા ઉપરોક્ત સંદર્ભમાં મને પૂછાતાં પ્રવર્તમાન ભ્રમના નિરસન અર્થે, જામનગરના ઈતિહાસના લેખકના નાતે હું નિમ્ન મારું તલસ્પર્શી તારણ પ્રસ્તુત કરું છું. આશા છે; એનાથી તેઓના ભ્રમનું નિરસન થશે જ :–

૧) જામશ્રી રણજીતસિંહજીની કલ્પના મુજબનું જામશ્રી રાવળજીનું 'શિલ્પ' તળાવમાં મૂકયા પહેલાં, એનું 'મોડેલ' બનાવવામાં આવેલું અને એ બાદ એ મુજબ તૈયાર કરવામાં આવેલુ. આની તસ્વીર ત્યારના સને ૧૯૩૧ ના અંગ્રેજી પુસ્તક : લેન્ડ ઓફ રણજી એન્ડ દુલિપ : માં હાલ પણ મોજુદ છે.

આ તસવીરમાં ઘોડાના ચારેય પગ ખોડેલા જ છે. તો 'શિલ્પ' ની 'જડ' કૃતિમાં આ મુજબ 'મોડેલ' પરથી તૈયાર થયેલા 'શિલ્પ' ના પગ તેમજ રહેવા પામે. તેમાં એકેય પગ ઊંચો સંભવી જ શકે નહીં ; તે રખે ભૂલાય. માટે જામનગરીઓએ એવી કોઇ શંકા ધરાવવાની જરૂર જ રહેતી નથી; કે 'ઘોડા' નો એક પગ બાદમાં નીચો થઇ જતાં, આપણાં શહેર પર આફત ઉતરશે. તો નિશ્ચિંત જ રહેવું. અંધશ્રદ્ધાથી પ્રેરાઇને કોઈ વહેમ ન રાખવો.

૨) 'ફુલછાબ', રાજકોટ : તા. ૧૭/૦૮/૨૦૦૭, શુક્રવારના અંકના પાનાં નં. ૬ પરની માહિતી (ઘણા નગરોમાં દેશની – રાજ્યની ઐતિહાસિક વ્યકિતની ઘોડા પર બેઠેલી પ્રતિમાઓ હોય છે. રાણી લક્ષ્મીબાઇ, રાણા પ્રતાપ, જેવી પ્રતિમાઓ રાજકોટમાં પણ છે. પણ આ પ્રતિમામાં જે ઘોડો હોય તે ઘોડાની 'પોઝીશન' ઇતિહાસ કહેતી હોય છે; તે તમને ખબર છે ?

શિલ્પકારોનો વણ લખાયેલો સિદ્ધાંતો હોય છે કે... જે 'મહાપુરુષ' જે ઘોડા ઉપર બેઠેલા દર્શાવ્યા હોય તે ઘોડાના આગલા બન્ને પગ હવામાં હોય તો તે 'મહાવીર' યુદ્ધમાં શહીદ થયો હોય. જો ઘોડાનો એક પગ ઊંચો હોય તો માનવું કે 'મહાપુરુષ' ઈજા પામ્યા પછી મૃત્યુ પામ્યા અને જો ઘોડાના ચારેય

પગ જમીન સાથે જક્કડાયેલ દર્શાવ્યા હોય તો માનવું કે તે 'વીરપુરુષ' કુદરતી મૃત્યુ પામ્યા છે !!!) અનુસાર ઘોડેશ્વાર પ્રતિમામાં ઘોડાના જુદી જુદી સ્થિતિમાં રહેલા પગના વર્ણન આપ્યા મુજબ, જામશ્રી રાવળજીના તળાવમાંના શિલ્પમાં ચારેય પગ ખોડેલા હોતા, તેના પર બિરાજમાન રાજ્યની ઐતિહાસિક વ્યકિત તે વીરપુરુષનું મૃત્યુ કૂદરતી રીતે થયું છે.

તો જામનગરીઓ આ બાબતને પણ ખાસ લક્ષમાં રાખે અને પોતાના ભ્રમનું નિરસન કરે.

એક ખાસ હકીકત : આ 'શિલ્પ' તળાવમાં સ્થાપિત થયા પહેલાં, તેની કલ્પના કરનારી એ વ્યકિત એ 'મોડેલ' મુજબ તૈયાર થયેલ 'શિલ્પ' મૂકાયા પહેલાં તા. ૦૨/૦૪/૧૯૩૩ માં નિધન પામેલી. બાદમાં તેનું બાકી રહેલું કાર્ય સને – ૧૯૩૩ પછી જામશ્રી દિગ્વિજયસિંહજીએ સંપન્ન કરેલું.

**લખ્યા તા. ૨૦/૦૮/૨૦૦૭, સોમવાર**

_____*********************_____

જામશ્રી રણજિતસિંહજીનું શિલ્પ



# (ક) પ્રસંગ કથા : 'ફીલગૂડ'

'ઉનાળુ' લાંબુ વેકેશન પડયું. યુવા વિદ્યાર્થીજગત હેલે ચડયું. ! બેફામ બનીને ત્રણ–ત્રણ, ચાર–ચાર, સ્વારીવાળા 'હીરો હોન્ડા' ગીચ માર્ગો પર પણ પૂરપાટ ઝડપે 'હડિયાપટ્ટી' એ ચડયા.

ફિલ્મ / ટી. બી. ઢબે માર્ગો પર લટાર મારવા નીકળેલી યુવતીઓ નજરે પડતાં જ આવા 'હીરો હોન્ડા' સ્વારો 'કાવા' મારતા અને ઠઠ્ઠા મશ્કરી ભર્યા શબ્દો દ્વારા યુવતીઓને પજવવામાં 'ફીલગુડ' (!) અનુભવવા લાગ્યા.

આવા માહોલમાં એક લટાર મારવા નીકળેલા યુવતીઓના જૂથ પાસેથી 'કાવા' મારતું એક 'હીરો હોન્ડા' સાવ નજીકથી પસાર થઇને, 'આતી હો... ખંડાલા', 'તું ચીજ બડી હૈ મસ્ત મસ્ત' ના શબ્દો ફેકતું ઝડપથી પસાર થઇ ગયું. આવુ પુનરાવર્તન બે–ત્રણ વખત થયું.

એવામાં તે જ 'હોન્ડા' ફરીને તેવા જ શબ્દો ફેંકવા પાછું વળતું તે યુવતીઓના જૂથે નિહાળ્યું. તે માંહેની એક બહાદુર યુવતીથી આવું કૃત્ય સહન ન થતાં, તે આવતા 'હોન્ડા' નો માર્ગ રોકીને ઉભી રહી ગઇ. તેની સાથેની બધી જ સહેલીઓએ પણ તેમજ કર્યું. પેલા 'હોન્ડા' સવારોને ત્યાં થોભવા સિવાય કોઇ આરો રહેવા જ પામ્યો નહોતો.

ત્યાં થોભવા માટે જવું તે 'હોન્ડા' ધીમું પડયું અને નજીક આવ્યું ; કે તુરત જ પેલી બહાદુર યુવતીએ પોતાના દુપટ્ટાનો ગાળીયો પેલા આગલા સ્વારની ડોકમાં ઘા કરીને ફેંકયો ને ખેંચ્યો. એ સાથે જ તે સ્વારની સાથેના બધા જ છેલબટાઉ યુવકો 'હોન્ડા' ની સાથે જ જમીન પર ફેંકાયા.

પેલી બહાદુર યુવતીની સાથેની બધી જ સહેલીઓ પણ ઝનૂને ચડી અને બધાની સામૂહિક પીટાઇ કરી. બધા યુવકો શરમિંદા થઇ ગયા અને ઉતરેલા ચહેરે 'હોન્ડા' ત્યાં જ મૂકીને ભાગ્યા. બધી જ યુવતીઓએ તેઓનો હુરીયો બોલાવ્યો.

*******

આના બીજા જ દિવસે સવારે 'સુનયના' ની માસીએ અન્ય માસી કે જે એ જ શહેરમાં અન્ય જગ્યાએ રહેતાં હતાં, તેમને ઘરે ફોન કર્યો અને સંદેશો પાઠવ્યો કે આપણી 'ભાણી' અમેરિકાથી એકલી સથવારા સાથે ફરવા આવી ગઇ છે અને તેણીને તમારે ત્યાં થોડા દહાડા રોકવા આવવું છે. તો 'દૂષ્યંત' ને તેણીને તેડવા મોકલશો.

માસી ખુશી થયા અને હમણાં જ મોકલું છું, તેમ કહીને ફોન મૂકી દીધો. માસીએ તુરતજ પોતાના સુપુત્રને તેણીને તેડવા મોકલ્યો અને 'ભાણી' ઘણા લાંબા સમયે અમેરિકાથી આવતી હોઇને, તેણીની આગતા સ્વાગતાની તૈયારીમાં પડયા.

દૂષ્યંત નકકી થયા મુજબ માસીને ત્યાં પહોંચ્યો અને ઘરની 'ડોરબેલ' મારી. બારણું ખુલતાં જ તે અવાક્ રહી ગયો. કારણકે ગઇકાલવાળા પ્રસંગની પેલી બહાદુર યુવતીએ જ તે બારણું ખોલ્યું હતું. એ યુવતી પણ તેના તરફ તિરસ્કારથી તાકી રહી.

એટલી વારમાં એની માસી પણ ત્યાં આવી પહોંચ્યા. તેણી ઉપરોકત પ્રસંગથી અજાણ જ હોય તે સ્વભાવિક છે. જેથી તેણીએ બંન્નેને ત્યાં એકમેકને તાકી રહેલા જોઇને, બન્નેને એકબીજાની ઓળખાણ કરાવવા લાગ્યા.

સુનયના ઉત્તરમાં બોલી ઉઠી, 'માસી ! હું તેને ગઇકાલે જ મળી ચૂકી છું'. વધુ કશો ફોડ ના પડયો. માસીને કશી સમજ ન પડી. પરંતુ વધુ કશી પૂછપરછ કર્યા સિવાય જ તેણીએ દૂષ્યંતને અંદર સોફા પર બેસાડયો.

દૂષ્યંતને તો ધરતી મારગ આપે તો સમાઇ જવાની તીવ્ર ઇચ્છા થતી હતી.

**લખ્યા તા. ૦૮/૦૭/૨૦૦૮, મંગળવાર**

_____**********************_____

# (૭) એક સત્યકથા

## પૈસા જયાં અટકે છે, ત્યાં માનવ સંબંધ જ ચાલે છે.

'પૈસો મારે પરમેશ્વર ને હું પૈસાનો દાસ' ને તાદશ્ય કરતી આજ જયારે સર્વત્ર પૈસા પાછળની દોડ જ દીસે છે અને કોઈપણ કાર્ય એવું નથી કે જે પૈસા થકી ન થઇ શકે, તેવુ મનાય રહ્યું છે ત્યારે એ માન્યતાને સદંતર અસત્ય પુરવાર કરે તેવો મારો સીત્તેરના દાયકાનો સ્વાનુભવનો કિસ્સો અત્રે આલેખું છું કે જેના થકી પૈસા વિશેના આધુનિક પ્રજામાં પ્રવર્તતા ભ્રમનું નિરસન થાય.

સીતેરના દાયકામાં હું પશ્ચિમ રેલ્વેમાં જુના જામનગર સ્ટેશનમાં વહીવટી પાંખમાં સામાન્ય વર્ગનો વરિષ્ઠ કારકુન હતો. પરંતુ બાહરી ક્ષેત્રના નાનકડા એવા કાર્યાલયના વહીવટી કારકુનનો 'મોભો' ખુબ રખાતો અને તેના નામ સાથે 'સાહેબ' વિશેષણ લગાડીને અન્ય વિભાગના મોટા કર્મચારીઓ પણ તેને સંબોધન કરતા.

જો કે એક બાબત એ સમયની ખાસ નોંધપાત્ર રહેતી કે આવા કારકુનની કાર્ય પ્રતિની નિષ્ઠા અને સૌ ને મદદરૂપ થવાની ભાવનાની માત્રા ખુબ જ ઉંચી રહેતી. પૈસો વિસાતમાં નહોતો. આમ હું એ રીતે ત્યાં 'જોશી સાહેબ' નામનો નાનો માણસ સ્થાપિત થયેલો.

એ દાયકામાં શ્રી આર. વી. દેવનાળકર કે જે 'દાદા' ના નામે જાણીતા હતા તે મારા સ્ટેશન માસ્ટર હતા. એ અરસામાં ચોથા વર્ગમાં દાખલ થવાની પાત્રતા મેળવવા માટે એ વર્ગમાં દાખલ થવા પહેલા શરૂઆતમાં 'સબસ્ટીટયુટ' તરીકે ભરતી કરવાની સતા સ્ટેશન માસ્ટર હસ્તક હતી. તે અનુસાર એક ભાઈ નામે શ્રી અશોક ગડકરી તેવા એક કર્મચારી તરીકે દાખલ થયેલા.

એ યુવાન એ સમયે આર્થિક રીતે સાધન સંપન્ન દેખાતા હોવા છતા ફકત રેલ્વેની નોકરીના શોખ ખાતર જ તેમાં દાખલ થયેલા. હાલ સર્વત્ર જે રીતે ઉંચી માત્રામાં એવો ખ્યાલ પ્રવર્તે છે કે પૈસા થકી બધું જ કાર્ય થઇ શકે છે, લગભગ

તેવો જ ખ્યાલ તેનામાં પણ તે સમયે પ્રવર્તતો હું જોઈ શકતો હતો અને જેથી હું કોઈ કોઈ વાર મિત્રભાવે તે ખ્યાલની નિરર્થકતા વિશે તેને ટપારતો પણ રહેતો.

મારા ખ્યાલને જાણે કે પુષ્ટિ મળવાની હોય એ રીતે એક આકસ્મીક પ્રસંગ નિર્માણ થયો.

એ અરસામાં એક વખત રાબેતા મુજબ મારો રેલ્વેનો માલ–સામાન લેવા અમદાવાદના 'સાબરમતી સ્ટોર્સ ડીપો' પર જવાનું નકકી થયું. એની હેરફેર માટે મારી સાથે કાયમ એક ચોથા વર્ગના કર્મચારીને લઈ જવાનું રહેતુ.

એના અનુસંધાને એ મિત્ર મારી પાસે આવ્યો અને મારી સાથે ત્યાં આવવાની ઈચ્છા દર્શાવી. પંરતુ તેની સાધન સંપન્ન ખાનદાન જેવી રહેણીકરણીથી અવગત એવો હું મજુરીકામ માટેતેને સાથે લઈ જવામાં જરા અચકાયો. જેથી તેને મેં કહ્યુ કે ત્યાં બબ્બે સાહેબો એકી સાથે ન ચાલે. એક તો મજુર કક્ષાનો જ જોઈએ, જેના જવાબમાં તેણે કહ્યું કે, સાહેબ માલ–સામાન લઈને અહીં પહોંચતો કરવાની જવાબદારી મારી એ માટે તમે ચિંતા ના કરો. હું સ્વખર્ચે બધું જ કાર્ય પાર પાડીશ – મજુરથી માંડીને વાહન સુધીની – પરંતુ મારે તો તમારી સાથે આવવું જ છે.

મારાથી સહસા બોલાય ગયું કે ભઈલા, પૈસો અટકી જાય છે ત્યારે માનવ સંબંધ જ કામ આવે છે. તેણે નચિંતપણે કહ્યું કે, જુઓ આગે હોતા હૈ કયા.

મને પણ પડકાર ઉપાડી લેવાની ચાનક ચડી. કદાચ ઈશ્વરનું જ એવું નિર્માણ હશે કે પૈસાની નિષ્ફળતા વિશે તેને બોધપાઠ આપવાનો હોય.

બાદ એ કાર્ય માટે અમે બીજે દહાડે સવારના પહોરમાં અમદાવાદ સ્ટેશને પહોંચ્યા. ત્યાં ટ્રેઈનમાંથી ઉતરીને પ્રથમ કાર્ય તેણે પી.સી.ઓ. પરથી બહારથી વાહન અને કદાચ મજુરની વ્યવસ્થા માટે કોઈ ફોન કર્યો. પરંતુ પ્રથમ ગ્રાસે મક્ષિકા. જરૂરી વ્યકિતનો તેને કદાચ સંપર્ક ન થયો, જેથી તેણે ત્યાં રેલ્વેના 'રેસ્ટ હાઉસ' માંથી પ્રાતઃ કાર્ય પતાવી ટ્રેઈન રસ્તે 'સાબરમતી ડીપો' પર જવા 'ડી' કેબીન સ્ટોપ પર ઉતરવાનું નકકી કર્યું.

ત્યાં પહોંચીને પોતાની અન્ય વ્યવસ્થા ગોઠવવાની પ્રવૃતિનો ફરીને પ્રારંભ

કર્યો. ફરી નિષ્ફળતા. તેથી ફરીને તેણી નકકી કર્યું કે ત્યાંથી સ્ટોર્સ ડીપો પર પહોંચીને માલ–સામાન એકઠો કરીને અન્ય વ્યવસ્થા દ્વારા (પોતે મજુરી કામમાંથી છટકવા સ્તો) અમદાવાદ પહોંચીશું.

મેં મૌન રહીને બધી પ્રવૃતિ નિહાળ્યા કરી. એક પછી એક તેની નિષ્ફળતા જોયા કરી. કયારેક કયારેક વચ્ચે પૈસાની નિરર્થકતા વિશે ટકોર કરી લેતો.

સ્ટોર્સ ડીપોમાંથી જુદી જુદી જગ્યાએથી જુદો જુદો માલ–સામાન કઢાવીને એકઠો કર્યો. હવે મજુરી કાર્યનો આરંભ થતો હતો. જુદા જુદા વોર્ડમાંથી કઢાવેલો માલ–સામાન 'ગેઇટ પાસ' મેળવવા માટે મુખ્ય રવાનગી વોર્ડમાં ઉપાડીને લઇ જવાનો હતો. એ મજુરી કાર્ય નિવારવા તેણે ઘણા નિષ્ફળ પ્રયત્નો કર્યા. છેવટે કોઇ કારી ન ફાવતાં મજુરીમાં મારો માનવ સંબંધે ભાગ મેળવીને, તે બધો માલ–સામાન અમે બન્નેએ ત્યાં પહોંચતો કર્યો. રવાનગી વોર્ડમાંથી 'ગેઇટ પાસ' મેળવીને ત્યાંથી અડધો એક કી. મી. દુર એવા ડીપો ગેઇટ પર તે જ રીતે સહકારી ધોરણે માલ–સામાન લઇ ગયા. ત્યાં ફરી પાછો તેને 'જનોઇ વઢ ઘા' અનુભવવાનો વારો આવ્યો.

ત્યાં પહોંચતા વેંત ફરજ પરના જમાદારે મને સામાન ઉપાડેલો જોતાં જ ક્હ્યું કે કયોં સાબ, આદમી સાથે મેં હૌ તો ભી આપ કયોં યે તકલીફ ઉઠાતે હૈ. મેં ક્હ્યું : 'ભઇલા, માનવસંબંધ.'

ફરી ત્યાંથી લગભગ બે કી. મી. દુરના ફલેગ સ્ટેશન 'ડી' કેબીન પર પણ તે જ રીતે સહકારી ધોરણે પહોંચ્યા.

ત્યાં પહોંચીને ઇશ્વર પ્રેરણાથી જ રસ્તો (પેલાને 'મીણ' ભણાવવા) કોઇએ કહ્યું કે અમદાવાદ વ્હેલું પહોંચવા માટે આવનારી ટ્રેઇન અહીં નહીં ઉભી રહેતી હોવાથી, અહીંથી લગભગ ત્રણેક કી. મી. દુરના સ્ટેશન 'ચાંદખેડા' પહોંચો તો ત્યાંથી આ ટ્રેઇન ત્યાં ઉભી રહેતી હોવાથી મળશે. પેલાને લાલચ જાગી. પરંતુ કોઇ વાહન વ્યવસ્થા ન થઇ શકતાં, ફરી પાછા મજુરીમાં સહકાર કરીને ત્યાં પહોંચ્યા.

વળી ઇશ્વરે પરીક્ષા કરી (પેલાની – મારી નહિં, હોં કે !) ત્યાં ખબર પડયા

કે તે ટ્રેઈન ત્યાં નહી પણ ‘ડી’ કેબીન જ ઉભી રહે છે. ફીર વહી રફ્તાર. અન્ય વ્યવસ્થામાં નિષ્ફળતા. સહકારી મજુરી અને ફરી પાછા ‘ડી ’ કેબીન.

આમ લગભગ તે દહાડે ભરઉનાળે માલ–સામાન ઉંચકીને જ ગરમા ગરમ વાતાવરણ (માનસિક પણ પેલા ભઈલાને હશે) માં વીસેક કી. મી. પદયાત્રા થઈ હશે. પરંતુ લેખે લાગી, મેં ઉપાડી લીધેલા પડકાર, સુંદર અને બોધપાઠદેયી બની રહ્યો. પૈસા કરતા માનવસંબંધને ઉચ્ચતા બક્ષી.

પેલો ભઈલો, છેલ્લે બીજી વખત ‘ડી’ કેબીન પહોંચ્યા બાદ રીતસર હારીને, થાકીને, મને નમીને, બોલી ઉઠયો કે સાહેબ, તમે આજથી મારા ગુરૂ, મારો પૈસો હાર્યો, તમારો માનવસંબંધ જીત્યો.

આ જ પણ આટલા વર્ષે, જયારે પણ રસ્તામાં મળવાનું થઈ જાય છે, ત્યારે તે મને ગુરૂ તરીકે જ સંબોધે છે.

પૈસાને સર્વસ્વ ગણનારા આમાંથી કંઈ બોધપાઠ લેશે કે ?

**લખ્યા તા. ૦૮/૧૦/૧૯૯૮, ગુરૂવાર**

_____***********************_____




પૂ. પિતાજી


નાની બહેન


નાનો ભાઇ

# (૮) બીજી સત્યકથા
# ગુપ્તસેવા

આજકાલ સેવાધર્મનું પણ કેટલી હદ સુધી વ્યાપારીકરણ થઇ ગયું છે અને તેમાંય તે રાજકારણનો પણ તેને સ્પર્શ થતા તેમાં કેટલી કેટલી છળકપટની લીલા પ્રવેશી ચુકી છે, તે સર્વ વીદીત છે.

આ સંદર્ભમાં હું, અત્રે મારા સ્વ. પિતા શ્રી શાંતિલાલ ભગવાનજી જોશીના જીવનમાં બનેલો સત્યઘટનાત્મક, સાચી સેવા કેવી હોય તે નિર્દેશતો કિસ્સો, અનાયાસેજ ઘણાં વર્ષો બાદ પ્રકાશમાં આવેલો તે પ્રસ્તુત કરૂ છું કે, જેથી આજના મતલક્ષી રાજકારણમાં ખેલાતી સેવા અંગેનો ડોળ ખુલ્લો પડે.

વર્ષો પહેલા મારા પિતાશ્રી રેલ્વેમાં ટી. ટી. ઇ. ની નોકરી કરતા કરતા છેલ્લે ૧૯૫૮ માં નિવૃત થયેલા. તેઓની છાપ અતિ કડક અને ફરજનિષ્ઠ તેમજ સત્યપ્રિય આદમીની હતી. તેઓની ટી. ટી. ઇ. તરીકેની એટલી કડક છાપ હતી કે વગર ટીકીટે પકડાતા કોઇ ચમરબંધીને પણ છોડતા નહી, જેથી તે દિવસોમાં તેઓ પ્રજામાં 'વીસો માંજરીયો' તરીકે ઓળખાતા. વગર ટીકીટના મુસાફરો ટ્રેઇન પર તેમને જુએ એટલે ટપોટપ ટીકીટ કઢાવવા દોડી જતા.

આવા આ કડક આદમી કેટલા માનવતાવાદી હતા અને સેવાભાવી હતા તેનો સત્યઘટનાત્મક કિસ્સો અનાયાસે પ્રકાશમાં આવ્યો, જેની ઘટના આ મુજબ બની.

મારા નાના ભાઈ ચિ. નિરંજન જોશીના સુપુત્ર ચિ. મનિષ જોશીની યજ્ઞોપવિતની વીધીમાં તેઓ ૧૯૮૫ ના વર્ષમાં રાજકોટ ખાતે, જેઈલ કવાર્ટર્સમાં મારો ભાઈ જેલર હોતાં ગયેલા. ત્યાં વીધીની પુર્ણાહુતી બાદ જામનગર આવતા પહેલા મારા નાનાબેન ચિ. દિનાબેનને ત્યાં કોઠી કમ્પાઉન્ડમાં આવેલા રેલ્વે કવાર્ટર પર મારા ભત્રીજા સાથે ચાલીને જતા હતા.

એવામાં રસ્તામાં એક શેરડીની ગંડેરી વેંચતો રેંકડીવાળો એક ગરીબ બાળા સાથે કંઈક રકઝક કરતો જોવામાં આવ્યો. ત્યાં પહોંચતાં તેમને જાણવા મળ્યુ કે, તે બાળા પોતાને દશ પૈસાની ગંડેરી આપવા કહેતી હતી ત્યારે પેલો તેને પચ્ચી સ પૈસા આપવા કહેતો હતો. પેલાને કારણ પુછતાં જાણવા મળ્યુ કે દશ પૈસામાં ગંડેરી આપવાનું તેને પોષાણ ન હતું. આમ હોતાં તેમણે પચ્ચીસ પૈસા પોતા પાસેથી કાઢીને પેલાને આપ્યા અને પેલી ગરીબ બાળાને ગંડેરી અપાવી. પેલી બાળા ખુશી થતી થતી ચાલી ગઈ.

વાત આટલેથી પુરી થતી નથી.

તેઓ થોડે દુર જતાં જ પેલા રેંકડીવાળાને કંઈક પ્રકાશ પડતાં, તેણે તેમને બુમ મારીને ઉભા રાખ્યા અને તેમની પાસે ઝડપથી પહોંચીને પુછવા લાગ્યો કે કાકા, તમે શાંતિકાકા તો નહિં ને ? ઝાઝા વર્ષો બાદ વૃદ્ધ ઉંમરે તેઓનો ચહેરો મહોરો બદલી ગયો હોય તે સ્વભાવીક જ હોય.

મારા પિતાશ્રીએ કહ્યું કે છું તો તે જ પરંતુ તારે તેનું શું છે ? તો પેલો બોલી ઉઠયો કે કાકા, આ પૈસા મારાથી ન લેવાય. તમે મને ઓળખતા નથી. હું રખડતો, ભટકતો હતો અને વગર ટીકીટે તમારા હાથે ટ્રેઈનમાં ઝડપાયો હોવા છતાં મને મારી પરીસ્થિતી જાણીને તમે જવા દીધેલો અને ઉપરાંત તમે પોતે ખીસ્સામાંથી રકમ આપીને ધંધે ચડવાની સલાહ આપેલી.

આ જ હું ધંધે ચડીને રળી ખાઉ છું તે તમારી દયા છે. તેઓ બોલ્યા કે એવું બધું હું યાદ રાખતો નથી અને તું મહેનત કરીને રળે છે તેમાંથી મારે કશું ન ખપે જા, મજા કર પેલો તો આભારવશ જોતો જ રહ્યો અને મારા આવા મહાન પિતાજી ચાલતા થયા.

કયાં તે જમાનાની ડાબો હાથ દાન કરે તો જમણાને પણ તેની જાણ ન થઈ જાય તેની કાળજી રાખનારા અને કયાં આજના – સેવાનો ઢોંગ કરતા અને તેવા પ્રસંગે ફોટા પડાવીને વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધિ મેળવતા રહેનારા આજના રાજકારણીઓ ! કેવા કેવા રૂપાળા શબ્દો : સામાજીક ન્યાય, દલિત સેવા, લઘુમતી હકક, મહિલા હકક, ધાર્મિક સ્વતંત્રતા, બિન સાંપ્રદાયીકતા વગેરે વગેરેની ચોપાસ ભરમાળ !!!

છે ને, મેરા ભારત મહાન !


**લખ્યા તા. ૦૮/૧૦/૧૯૯૮, ગુરૂવાર**

_____************************_____



# (૯) બે 'ગાંધી' : બે સામ્યતા

**બે મહામાનવ :**
**મહત્મા ગાંધી,**
**શ્રીમતી ઈંદિરા ગાંધી.**
**બે ધ્રુવના અંતર જેટલી ખાઇ,**
**બંન્નેની વિચારસરણીમાં,**
**'સાધ્ય' અને 'સાધન' વિશેની.**
**છતાં ગજબની સમાનતાનો આંક બે**
**બન્ને વિંધાયા હત્યારાની ગોળીઓથી,**
**નિજ નિવાસસ્થાનની સમીપે જ.**
**નિર્વાણદિનના આંકડાઓમાં પણ સામ્ય,**
**નહીં એક ઓછો; નહીં એક વધુ;**
**૦ ૧ ૩ ૪ ૮ ૯.**
**મહાત્મા ગાંધી : ૩૦-૧-૧૯૪૮.**
**શ્રીમતી ઈંદિરા ગાંધી : ૩૧-૧૦-૧૯૮૪.**
**નમન હો, બન્ને વિભૂતિઓને.**
**લખ્યા તા. ૦૧/૧૧/૧૯૮૪, ગુરુવાર**





# (૧૦) ‘દુનિયા કી ઝંઝટ’

સબ હેં અપને અપને મતલબ કે;
કોઈ નહીં હૈ યહાઁ અપના,
દુનિયા કી ઝંઝટ, દુનિયા કી ઝંઝટ.
કયા લાયે થે, કયા હૈ લે જાના;
સબ હૈ દુનિયા કી માયા,
સાથ ન દેગા કોઈ યહાઁ;
સબ હૈ દૌલ કી યે માયા, દુનિયા કી...
યહ દુનિયા હૈ પંછી કા મેલા;
એક હૈ આતા, એક હૈ જાતા,
યહ દુનિયા નહીં હુઈ હૈ કિસીકી;
ઔર નહીં હોને કી ભી કિસી કી, દુનિયા કી...
સબ હૈ.. યે.. દુનિયા કી ઝંઝટ.

**લખ્યા તા. ૨૩/૦૬/૧૯૬૪, મંગળવાર**

# (૧૧) એક પ્રાર્થના

ગઈ સદીમાં ઈંગ્લેન્ડના લંડન શહેરમાં ભયાનક
આગ અને હજુ હમણાં જ થોડા વર્ષો પહેલાં
આપણાં સુરત શહેરમાં ભયાનક પ્લેગનો
રોગચાળો ફાટી નીકળવાના બનાવો બાદ,
જેમ તે બંન્ને શહેરોએ નવસર્જન પામીને,
સુંદરતાના ‘ચાર ચાંદ’ પ્રાપ્ત કર્યા છે, બરાબર
તેમજ ૧૯૯૭ ના વર્ષની જામનગર શહેરની ભયાનક
પૂર હોનારતની યાતના બાદ આપણું શહેર
પણ સુંદરતાના ‘ચાર ચાંદ’ પ્રાપ્ત કરે, તેવી
પરમકૃપાળુ ‘શિવજી’ ને આજ પ્રાર્થના.

**લખ્યા તા. ૦૧/૦૫/૧૯૯૯**

# (૧૨) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની જીવનયાત્રા.

(સને ૧૮૮૫ થી સને ૧૯૬૯)

કોઈ એમ કહે કે હાલનો ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (ઇ) પક્ષ હજુ તેની યુવાનીના પ્રથમ ત્રણ દશકા પણ વટાવી ગયો નથી, તો તે વાત કોઈ માને ખરું કે ! પરંતુ હા.. આ એક સત્ય હકીકત છે, જેને ઐતિહાસિક હકીકતોનો આધાર છે.

એ માટે આપણે જરા તેની (અસલી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ) સ્થાપના ના વર્ષ ઇ. સ. ૧૮૫૫ થી તેનું થોડું ઐતિહાસિક વિહંગાવલોકન કરવું પડશે.

એ વર્ષમાં એ સમયના ત્યાગ, બલિદાન, રાષ્ટ્રવાદી, ખરા અર્થમાં જનસેવાને વરેલા અને 'માં' ભારતની સદીઓ પુરાણી ગુલામીની જંજીરોને તોડવા ગમે તેવા મહા બલિદાનો આપવા સદાયે તત્પર એવા, અનેક વિરાટ નેતાઓનો સાથ લઇ શ્રી એ. ઓ. હયૂમે તેની સ્થાપના કરી અને મુંબઇ ખાતેના પ્રથમ અધિવેશનમાં તેના પ્રથમ પ્રમુખ બન્યા શ્રી વ્યોમેશચંદ્ર બેનરજી.

એ બાદ ભા. રા. કો. ની ૬૨ વર્ષની આયુ બાદ તેના સેવા, ત્યાગ, બલિદાન, લક્ષ્યપ્રાપ્તિ માટે સદાય સાધન શુદ્ધિના આગ્રહી અને સત્યપ્રેમી એવા વિરાટ નેતાઓ : પૂ. ગાંધીજી, સર્વશ્રી ગોખલે, સરદાર પટેલ, નેતાજી બોઝ, સરોજીની નાયડુ, લાલા લજપતરાય, લાલબહાદુર શાસ્ત્રી, મોતીલાલ નહેરૂ, રાજેન્દ્ર બાબુ, જવાહરલાલ નહેરૂ ઇત્યાદિ... ઇત્યાદિ... ના ઉચ્ચ કોટીના શુદ્ધ રકત છાંટણાના ફળસ્વરૂપે માં–ભારતીને આઝાદી પ્રાપ્ત થઇ.

સ્વતંત્ર ભારતની પ્રાપ્તિ આવા અસંખ્ય નામી / અનામી જાનફેસાની કરનારા વિરલાઓના રકતનું જ સિંચન થયું છે, જે હાલની પેઢીએ સદાયે યાદ રાખવું જ જોઇએ.

ઇ. સ. ૧૯૪૭ ના આઝાદી વર્ષ બાદ છેક ૧૯૬૦ સુધી એટલે કે આપણાં સૌરાષ્ટ્રના જ એવા એક સપૂત શ્રી ઉછરંગરાય ઢેબર સુધી, ભા. રા. કો. ને અવાજ ઉચ્ચ કોટીના નેતાઓ મળતા રહ્યા અને કયારેય તેનું લોકપ્રિય નિશાન

' બે બળદની જોડી, તેને કોઇ ન શકે તોડી' માં બદલાવ ન આવ્યો અને ભારતની ભોળી / સરળ પ્રજાને તેમાંથી પ્રેરણા મળતી રહી.

ભારતના કમનસીબે ૧૯૬૯ ના એક કાળ વર્ષમાં એટલે કે બરાબર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ની ૮૪ વર્ષની આયુ વખતે, અપશુકનિયાળ ભંગાણ પડયું અને તેના બે ફાડિયા થયા (૧) સંસ્થા કોંગ્રેસ અને (૨) ઇન્દીરા કોંગ્રેસ નામે. એ બાદનો ઈતિહાસ તો ખૂબ જ જાણીતો છે.

૧૯૭૭ ના વર્ષમાં જનતા પક્ષ રચાતાં, અસલી કોંગ્રેસ તેમાં રહેલા નેતાઓને લક્ષમાં લેતાં જનતાની દષ્ટિએ 'સંસ્થા કોંગ્રેસ' પણ તેમાં વિલીન થતાં, અસલી ભા. રા. કો. સદાને માટે નામશેષ થઇ ગઇ, તેની ૯૨ વર્ષની આયુમાં.

શેષ બચેલ (બીજું ફાડિયું) કોંગ્રેસનું નવું ગામ 'ઇનદિરા' જ તે ખાનગી સંસ્થા હોવાનું જ શું સૂચવતું નથી લાગતું ! ૧૯૬૯ ના વર્ષથી આજ સુધીમાં તેનું સંચાલન પેઢીના ચેરમેનની હેસિયતથી 'ગાંધી પરિવાર' ના હાથમાં જ રહ્યું છે અને તેના વતી અન્યો, પ્રમુખના નામે ખરેખર તો મેનેજિંગ ડિરેક્ટર તરીકે જ વર્તી રહ્યા છે (જો કે વચ્ચે શ્રી નરસિંહ રાવે જુદો ચીલો પાડવા કોશિષ કરી હતી) અને 'ગાંધી પરિવાર' ને પૂછી પૂછીને જ પાણી પીએ છે.

'ગાંધી' નામથી ઘણા અબુદ્ધ લોકો ગેરમાર્ગે દોરાય છે અને તેને 'મહાત્મા ગાંધી' નો પરિવાર માને છે. તેઓનો ભ્રમ ભાંગવા, અહીં એ સ્પષ્ટતા કરું ; કે હાલની કોંગ્રેસમાં જે 'ગાંધી' નામ આવે છે; તે 'શ્રી ફિરોઝ ગાંધી' નો પરિવાર છે.

(લખ્યા તા. ૧૯/૦૩/૧૯૯૮ ગુરુવાર)

_ _ _ _ _ *********************** _ _ _ _ _

# (૧૩) પ્રભુભકિતમાં કોણ શ્રેષ્ઠ ?

એક સમયે એકાએક વાનરોની હીપાહીપ અને ઉપરાઉપરી ચિચિયારી ઓના શોરબકારથી જંગલ ગાજી ઊઠયું. ઝાડવે ઝાડવું હલબલી ઊઠયુ. પક્ષીઓ પણ કલબલાટ કરી ઊઠયા.

તેવામાં એક પ્રવાસી ત્યાંથી પસાર થઇ રહ્યો હતો તે આ બધું અશાંત વાતાવરણ નિહાળીને ઘડીભેર ત્યાં સ્તબ્ધ થઇને ઊભો રહી ગયો.

તે વાનરોની ભાષા જાણતો હોઇને, તેને એ સમજતાં વાર ન થઈ કે આ જંગલના વાનરોની એક સભા કોઇ વિષયપર ગરમા ગરમ ચર્ચા કરી રહી હતી. તેને આ ચર્ચામાં રસ પડવાથી એક જગ્યાએ છુપાઇને તે વાનરોની ગરમા ગરમ ચર્ચા સાંભળવા લાગ્યો.

એક વાનરનો જોરદાર અને રોષભર્યો અવાજ એક ઝાડ પરથી આવ્યો, ''આ માનવજાત શું સમજે છે તેના મનમાં ! આપણને કમ અકકલ ગણે છે અને વાતવાતમાં હલકા પાડે છે''.

બીજો વાનર પૂછવા લાગ્યો, ''અરે ! આમ આટલો બધો કેમ ઉશ્કેરાઇ ગયો છે, શી વાત છે ?''

પેલા વાનરે માંડીને વાત કહેવા માંડી ''તાજેતરમાં હું બાજુના શહેરમાં ફરવા માટે ગયો હતો. ત્યાં મેં એક માનવીને બીજા માનવીને એમ કહેતાં સાંભળેલો કે તે એકદમ ગમાર છે અને ફકત વાનર નકલ જ કરી જાણે છે, સ્વતંત્ર બુદ્ધિ જ નથી ''.

બીજો વાનર આ વાતથી છેડાવાને બદલે મજાકમાં કહેવા લાગ્યો, ''તૂં આમ સાવ નકામો આકળો થાય છે. તને ખબર નથી કે આ માનવીઓની જ શોધ છે કે આપણા પૂર્વજો અને તેઓના પૂર્વજો એક જ હતા. જેથી તે દષ્ટિએ તેઓ આપણા બંધુઓ જ થયા. ભાઇ ભાઈની વાતમાં આપણને રોષ શોભે ખરો ?''

એટલામાં એક સત્તાવાહી અવાજ ગાજી ઊઠયો, ''ભાઇઓ ! શાંતિ જાળવો. ખોટી બૂમાબૂમથી શાંતિભંગ નહીં કરો. ચાલો, તો હવે આપણે મુદાસર ચર્ચા શરૂ કરીએ. આપણો મુખ્ય મુદો છે કે શું ખરેખર માનવજાતના અભિપ્રાય મુજબ આપણી વાનરજાત કમ અકકલ છે ખરી કે પછી માનવનજાતના આ આરોપમાં તેની પોતાની જ કમ અકકલના દર્શન થાય છે !''

એવામાં એક વાનરે ચર્ચાની શરૂઆત જ કરી દીધી ; ''આ માનવજાત જ એકદમ નગુણી છે. માનવજાતે પ્રાપ્ત કરેલ સિદ્ધિઓમાં આપણી જાતે આપેલ ફાળાની તેઓને મન કંઇ વિસાત જ નથી''

બીજો વાનર પણ ત્યાં હતો તે બોલી ઉઠયો; ''જુઓને, જયારે પણ માનવ કલ્યાણ અંગેની કોઇ શોધ થાય છે ત્યારે સર્વપ્રથમ તે અંગેના પહેલા અખતરા અને અજમાયશ આપણી જાતિ પર જ કરવામાં આવે છે. જેમાં આપણા બંધુઓનો કોઇ વખત ભોગ પણ લેવાય છે. છતાં આ ભોગની કદર કરવાને બદલે આપણને કમ અકકલ માનીને આપણી હાંસી ઉડાડવામાં આવે છે.''

આ બધી ચર્ચાને વચ્ચેથી ઝડપતાં એક વયોવૃદ્ધ વાનર વાત્સલ્ય ભાવે સમજાવવા લાગ્યો, '' અરે ગાંડિયાઓ ! માનવજાતની માફક નકામી ચર્ચામાં તમારો કિંમતી પ્રભુભકિતનો સમય ન બગાડો. આપણી જાતિનો ભવ્ય ઈતિહાસ છે અને તે સમયના ભવ્ય પ્રસંગોની નકલ કરવાની માનવજાતિમાં કોઈની પણ ગુંજાશ નથી. માટે રોષને ત્યજો અને પ્રભુભકિતમાં લીન થાઓ''.

બધા એક અવાજે બોલી ઊઠયા; '' દાદાજી ! આપણા એ ભવ્ય ઈતિહાસ અને તે સમયના ભવ્ય પ્રસંગની વાત અમને માંડીને કરો ''.

દાદાજી સાનંદાશ્ચર્યે બોલી ઉઠયા; ''લો એટલી પણ ખબર નથી ? પહેલાં જોઇએ શ્રી રામના સમયમાં આપણી જાતિમાં કોણ મહાપુરુષ થઇ ગયા ?''

સૌ એકી સાથે એકી અવાજે બોલી ઉઠયા; ''શ્રી રામભકત હનુમાનજી.''

દાદાજી સંતોષપૂર્વક બોલ્યા; 'તો કહો જોઇએ ; છે કોઇ તેની તોલે આવે

તેવો પેદા થયો માનવજાતિમાં, પોતાની છાતી ચીરીને તેમાં પ્રભુવાસ દર્શાવનારો, કોઈની શકિત છે આપણી આવી મહાનતાને તોલે આવવાની અને વાનર નકલ જેવા શબ્દ પ્રયોગ દ્વારા આપણી હાંસી ઉડાવનારાઓની હિંમત, શ્રી હનુમાનજીના પ્રેરક પ્રસંગની નકલ કરવાની ! માટે હવે વ્યર્થ ચર્ચા કરવી બંધ કરી, સૌ પ્રભુભકિતમાં લીન થઇ જાઓ. વ્યર્થ ચર્ચા કરવી તે માનવજાતનો અધિકાર છે. આપણો અધિકાર છે ફકત શ્રી રામ ભકિતમાં લીન થવાનો ''

એકઠા મળેલા સૌ શ્રી રામ અને શ્રી હનુમાનજીનો જય જયકાર બોલાવતા અપૂર્વ સંતોષ સાથે વિખરાય ગયા.

પેલો છૂપી રીતે આ બધી ચર્ચા સાંભળતો માનવ પ્રવાસી તો અવાક જ રહી ગયો. તેને ખાત્રી થઇ ગઇ કે માનવજાત કેટલી ખોખલી છે અને તે શ્રી રામથી કેટલી અળગીને અળગી થતી જાય છે.

**લખ્યા તા. ૨૩/૦૧/૧૯૭૭, રવિવાર**

_____**********************_____



# (૧૪) આત્મ સમર્પણ

સનન... કરતો એક પથ્થર એક આલીશાન ઘડિયાળની દુકાનના 'શો કેસ' પર બંદૂકની ગોળી જેમ આવ્યો અને 'શો કેસ' ના ચૂરેચૂરા બોલી ગયા.

'શું થયું ? શું બન્યું ?' એવું કોઇ પૂછે છે વિચારે તે પહેલાં તો બીજા એક બે ઘા આવ્યા અને દૂકાનમાં પડેલી એક બે ઘડિયાળોને નંદવી નાખી.

ચોમેર ગભરાટ વ્યાપી ગયો. આ અણચિંતવ્યા બનાવથી રાહદારીઓમાં નાસભાગ થઇ ગઇ. દૂકાનો ફટોફટ બંધ થવા લાગી, મહાગુજરાતની ચળવળ વખતે થયેલાં અમદાવાદના તોફાનો હજુ પૂરેપૂરા શમ્યાં ન હતાં. અવાર નવાર છમકલાં થઇ જતા હતાં. આવી પરિસ્થિતિ હોઇને ચોમેર ગભરાટ ફેલાય તેમાં કંઇ નવાઇ નહોતી.

ઘડી પહેલાંનો શાંત અને ભરચકક રિલીફ રોડ 'શરતના ઘોડાઓ' ની દોડ માફક રાહદારીઓની દોડાદોડીથી અવ્યવસ્થિત થઇ ગયો. તેમ છતાં બનાવ બન્યો ત્યાંથી થોડે દૂર ઠેકાણે ઠેકાણે માનવીનાં ટોળા કુતૂહલને વશ થઇ, શું બન્યું તે જોવા એકઠા થવા લાગ્યા. પરંતુ તે બે ત્રણ પથ્થરોના ઘા સિવાય બીજું કંઇ અનિચ્છનીય બન્યું નહીં.

હા, બન્યું, પરંતુ કંઇ તોફાન નહીં. થોડી જ વારમાં એક પાગલ સ્ત્રી હાથમાં એકાદ બે પથ્થરો લઇને ''હા.. હા.. હા.. ઘડિયાળો, મારા જીવનની.. બરબાદી.. હા.. હા.. હા..'' એમ બોલતી હસતી હસતી આવી. તેનું હાસ્ય સામાન્ય માનવી જેવું નહીં, પરંતુ માનો કે કોઇ રાક્ષસ હસતો હોય તેવું હતું. તે એક બીજો ઘા ઘડિયાળની દૂકાન પર કરવા જતી હતી ત્યાં જ ફરજ પરના પોલીસે આવી તેનો હાથ પકડી બીજો ઘા થતો નિવાર્યો.

સૌ કોઇ એકઠા થયેલા લોકો આ 'ઘડિયાળોના કાળ' ને ઘડીભર નીરખી રહ્યાં. કોઇએ તેને ઓળખી અને એકઠા થયેલા લોકોમાંથી તરેહ તરેહની વાતો સંભળાવા લાગી. બધાની વાતો પરથી એટલું તો ફલિત થતું હતું કે પોતાના યુવાન પતિના અવસાન બાદ આ સ્ત્રી પાગલ થઇ ગઇ હતી અને આવી રીતે

'ઘડિયાળનો કાળ' બનીને પહેલાં પણ ઘૂમતી હતી. પરંતુ, આની પાછળનું રહસ્ય કોઈની જાણમાં ન હતું. કોઈ કહેતું કે આ સ્ત્રીનો પતિ કોઈ ઘડિયાળના કારખાનામાં કામ કરતો હશે અને તેમાં કંઈક અકસ્માતથી ગુજરી ગયો હશે તો વળી કોઈ એમ કહેતું કે એ કોઈ ઘડિયાળની કંપનીનો સેલ્સમેન હશે અને રસ્તામાં કયાંક, અકસ્માતમાં ખપી ગયો હશે. સૌ પોત પોતાની તર્કશકિત મુજબ વાત બનાવી કારણની શોધ કરવા પ્રયત્ન કરતા હતા. પરંતુ સત્યદર્શન કોઈનેય થયું નહોતું.

જયારે એ સ્ત્રીએ ઘડિયાળોની દૂકાનો પર તરખાટ મચાવ્યો ત્યારે તેને પકડીને કોઈક સ્થળે લઈ જવામાં આવી હતી. તે પછી ઘણા સમય બાદ આજે તે કોણ જાણે કયાંથી અને કેવી રીતે ટપકી પડી.

ફરીથી તેને પકડવામાં આવી. પકડતાંની સાથે જ તેના મોં પરના ભાવ ફરી ગયા અને દયામણું મોં કરીને જોરથી ''મારા નાથ.. હું તમારો કાળ.. મેં તમને ન ઓળખ્યા.. સુખ મેં તો ન મેળવ્યું, તમને પણ ન મેળવવા દીધું... !'' એમ બોલતી બોલતી, તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

ત્યારબાદ થોડી જ ક્ષણોમાં તેના મોં પરના ભાવ બદલી ગયા અને જાણે કે પતિને મનાવતી હોય તેમ તેના હાથમાંના પથ્થરને સંબોધી માથે હાથ ફેરવતી હોય તેવો દેખાવ કરતી બોલવા લાગી.

''મારા નાથ ! હવે હું ડાહી થઈ ગઈ છું. હવે તો મારી સાથે બોલશો ને ! મારે હવે તમારા સિવાય કશું જોઈતું નથી. અત્યાર સુધી તમે મને સુખ આપવા મથતા. હવે હું તમને ખૂબ ખૂબ સુખ આપીશ, હોં કે ! હવે તો હસો. એકવાર, મારા સોગંદ''. એમ કહેતીને પથ્થરને ચુંબન ચોડી તે હસી પડી અને પતિને મનાવ્યાનો સંતોષ મેળવ્યો હોય તેવા ભાવ તેના મુખ પર તરી આવ્યા.

તેના શુદ્ધ ઉચ્ચારણો અને વેશ પરિધાન જોતાં એમ લાગતું હતું કે આ કોઈ સુશિક્ષિત ને સારા ઘરની સ્ત્રી હોવી જોઈએ.

થોડી જ વારમાં એક પોલીસવાન આવી અને તેમાંથી બે ત્રણ સ્ત્રી પોલીસો ઉતરી પડી અને પેલી સ્ત્રીના હાથમાંથી પથ્થર ઝૂંટવી, ફેંકાવી દઈ

વાનમાં બળજબરીથી બેસાડવા લાગી. આમ થતાં વેંતજ પેલી સ્ત્રી ફરી દયામણું મોં કરીને રડવા લાગી, ''મારે નથી આવવું.. મને કયાં લઇ જાઓ છો... મારા નાથને છોડીને મારે નથી આવવું... નાથ.. મને છોડાવો. મને તમારી હાજરીમાં જ આ ડાકણો ઉપાડી જાય છે.. નાથ.. ઓ.. નાથ.. !'' એવા ક્ષીણ થતા અવાજો દૂર જતી પોલીસવાનમાંથી આવવા લાગ્યા અને અંતે બંધ થયા.

સૌ વિખેરાવા લાગ્યા. સૌના મોં પર ઘડીભરને માટે ગંભીર ભાવ તરી આવ્યા. સર્વત્ર કંઇક અણછાજતો પ્રસંગ બની ગયો હોય તેમ ગંભીર વાતાવરણ છવાઇ ગયું. છેવટે સૌ પોતપોતાને કામ ધંધે જવા વાતો કરતા કરતા રસ્તે પડયા. બંધ થયેલી દૂકાનો પણ ફરી ખુલવા લાગી અને પહેલાંના જેવું જ રાબેતા મુજબનું વાતાવરણ છવાઇ ગયું. જાણે કે કશું બન્યું જ ન હોય. ગત્પ્રસંગો ભુલી જવાનો તો મનુષ્ય સ્વભાવ છે.

હું પણ મારા રસ્તે પડયો મનમાં આ સ્ત્રીના પાગલપન પાછળ રહેલા પ્રસંગને જાણવાની ઉત્કંઠા સાથે પરંતુ તે તો કેમ જાણી શકાય ! આવડું મોટું અમદાવાદ શહેર, તેમાં કોને કોની પડી હોય. સૌ પોતપોતામાં મશગૂલ હોય; તેમાં આવી એક પાગલ સ્ત્રીનું જીવન જાણવાની કોને દરકાર હોય ! જેથી અંતે નિરાશ થઇ મ્લાન વદને હું ચાલવા લાગ્યો.

એવામાં પાછળથી બૂમ સંભળાઇ,''અરે સુબોધ ! ઉભો તો રહે. હું પણ આવું છું. '' એ બૂમ મારા મિત્ર માનધરની હતી. જેથી હું ઊભો રહ્યો. તે નજીક આવ્યો અને મારા મુખ પરના ગ્લાનિના ભાવ જોઇ આશ્ચર્ય સાથે મને પૂછયું, ''એ આ શું ! શું ચિંતામાં પડી ગયો છે ! મોં આમ ભારેખમ કેમ રાખ્યું છે ! ''

'' એ તો એમજ અમસ્તું,'' મેં કહ્યું

'' ના, ના, કંઇક તો છે, બોલ તો ખરો.''

'' એ તો હમણા પેલો પાગલ સ્ત્રીનો પ્રસંગ જરા જોઇને દિલ ભરાઇ આવ્યું. બિચારી પોતાનો પતિ જતાં કેવી થઇ ગઇ છે ! ''

'' સુબોધ ! એની વાત તો જરા લાંબી છે. એ તો કહે છે ને કે માનવી માથે

દુઃખના ડુંગર તૂટી પડવાના હોય ત્યારે માનવીનું મગજ બહેર મારી જાય છે. બસ, તો આ એનું એક જીવતું જાગતું દષ્ટાંત છે ! '' વળી પાછું ઉમેર્યું.

'' અત્યારે તો એવો 'વા' વાયો છે કે પોતે જરા ભણ્યા ત્યાં તો પોતે મહાન સંસ્કારી હોય તેમ માને છે. પરંતુ વાસ્તવમાં તો પેલી કહેવત, 'ભણ્યાં પણ ગણ્યાં નહીં.', જેવું જ હોય છે, સુબોધ ! ''

'' તારી વાત સાચી છે, માનધર ! પરંતુ કહે તો ખરો વાત શી છે ? ''

'' સુબોધ, એ વાત જરા લાંબી છે. એમ ચાલતાં ચાલતાં રસ્તામાં માંડીને થઇ શકે તેમ નથી. છતાં ચાલતાં ચાલતાં થાય એટલી કરીશ.''

'' હા હા, જલદી કર, સમય બગાડમાં. ''

'' એટલી બધી તાલાવેલી શી લાગી છે. ઠીક લો સાંભળ, વાત તો જો કે મેં પણ સાંભળેલી જ છે. પરંતુ લાગે છે તો સત્ય હકીકત.''

'' એક વિહારી નામનો યુવક કે જેને સંસારમાં પોતાનું કહેવાય એવું એક મામા સિવાય કોઇ ન હતું. તે મામાની ઓથે રહી થોડું ઘણું ભણ્યો અને અહીં આવીને એક મીલમાં રૂપિયા એકસોને પચ્ચીસેકના પગારથી દાખલ થયો. આવી સખ્ત મોંઘવારીમાં આવડા મોટા શહેરમાં ઘરભાડું બાદ કરતાં વધેલ રકમમાંથી માંડ માંડ ગુજરાન ચલાવી શકાય. તેમાં મોજશોખ તો કયાંથી થઇ શકે, તેમાંય તે કંઇક જૂનું દેણું ભરવાનું હોય. તેમ છતાં બધું દેણું ભરતાં ભરતાં, ગુજરાન ચલાવતાં ચલાવતાં થોડા પૈસા એકઠા કર્યા. તેમાંથી પરણ્યો. સદ્‌નસીબે સ્ત્રી પણ થોડી ઘણી શિક્ષિત મળી. તેનું માનવું તો એમજ હતું કે માનવી થોડું ઘણું ભણેલ હોય તો ચોકકસ સંસ્કારી જ હોય. જેથી શિક્ષિત પત્ની મળતાં તે રાજી થઇ ગયો.

પરંતુ આ માન્યતા તેની ઠગારી નીવડી. થોડા વખતમાં જ તેને ખરી પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. રોજ રોજ નાની નાની વાતમાં કલહ થવા માંડયો.

વિહારીનો સ્વભાવ જ એવો હતો કે કોઇને પણ દુઃખ થાય તેવું કરવું નહીં. ઘરસુદ્ધાંમાંથી કોઇની પાસે વાત ધરાર મનાવવાથી તે વિરૂદ્ધ હતો. તે

માનતો કે સમજાવટથી મનાયેલી વાત જ શાશ્વત રહે છે. તેથી તે પોતાની પત્ની સુનયનાને પણ પોતાનો મત સમજાવવા પ્રયત્ન કરતો. પરંતુ તેને કદી સફળતા મળી નહીં. તેની પત્ની તુંડમિજાજી હતી. પોતાની ભુલ કોઇ તેને દર્શાવે તે તેનાથી સહ્યું જતું નહિં. પોતાની ભૂલ થાય જ નહીં, તેમ તે માનતી. વિહારીને આ વાતનું ઊંડું દુઃખ હતું. પોતે તેને સમજાવી શકતો નહીં, તે વાતનું તેથી પણ વધારે તેને દુઃખ થતું.

આમને આમ બેએક વર્ષ વહી ગયા. પુત્ર પ્રાપ્તિ પણ થઇ. પરંતુ દરરોજ તે વિચારમગ્ન રહેવા લાગ્યો. તેનો આત્મા અંદરને અંદર કોરાવા લાગ્યો. તેની અસર શરીર પર પડી. અવારનવાર તે માંદો પડવા લાગ્યો. પરંતુ કોઇ પાસે પોતાનું દુઃખ ગાવાની ટેવ ન હતી. દુઃખ ગાયે ઓછું થતું નથી, એમ તે માનતો અને દુઃખ દૂર કરવાના ઈલાજો શોધતો રહતો. પરંતુ કોઇ ઈલાજ કામયાબ નીવડયો નહતો.

આમ તેનો સંસાર રથ ચાલ્યે જતો હતો ; મહામુશ્કેલીએ. પરંતુ તેમાંય તે જીવનપથ પર એક મોટો રોડો આવ્યો અને સંસાર રથ હલબલી ઊઠયો...''

'' અરે સુબોધ ! ધ્યાન કયાં છે ? જરા રસ્તા પર ચાલતાં કાળજી તો રાખ'', કહેતાંકને, માનધરે મારો હાથ પકડી મને મારી સન્મુખે પૂરપાટ ઝડપે દોડતી આવતી મોટર નીચે ચગદાતાં રોકવા ઝડપથી ખેંચી લીધો. '' કેમ હોર્ન સંભળાતું નહોતું કે ?''

'' હું તારી વાતમાં એકરસ થઇ ગયો હતો. હું તો મારી જાતને જ ભૂલી ગયો હતો. ત્યાં બીજી શી ખબર પડે ! '' મેં આભારવશ નયને માનધર સામે જોતાં કહયું.

'' એમ તે કંઇ ચાલતું હશે, વિહારનો તો સંસાર રથ હજુ હલબલી જ ઊઠયો હતો. પરંતુ તારો તો દેહરથ હમણાં ભૂકો બોલી જાત. રસ્તે ચાલતાં એવા આંધળા ભીંત ન થઇ જઇએ, સમજયો ! '' મને ઠપકો આપતો હોય તેમ

તે બોલી ઊઠયો.

'' હા, ભાઈ, હા. સમજયો, પણ વાત તો આગળ ચલાવ ''.

'' ઉતાવળો થા માં એમ કંઈ વાત પૂરી થાય તેમ નથી. લે, હવે તો મારી ઓફિસ પણ આવી ગઈ. કયારે ફરી કોઈ વખત વાત. અત્યારે તો અહીં જ વાતનો મધ્યાન્તર રાખીએ. અચ્છા, તો નમસ્તે.''

મેં પણ ચાલતી પકડી, મારું મગજ વિચારોના વમળમાં અટવાઈ ગયું અને મહામહાનતે હું પણ ઓફિસ પહોંચ્યો. ઓફિસમાં પણ કયાંયે ચેન પડયું નહીં. માંડ માંડ સાંજ પડી અને ઘરે આવ્યો. તે આખું સપ્તાહ એમ ને એમ વ્યગ્ર મને વિતાવ્યું.

એક સપ્તાહ તો એક યુગ જેવું વીત્યું. અંતે રવિવારની ઉષા પ્રગટી અને મેં નિરાંતનો દમ ખેંચ્યો.

તે જ દિવસની સાંજે હું ઉત્સુકતાપૂર્વક માનધરને ત્યાં ગયો. માનધર વાળુ કરી રહ્યો હતો.

'' આવ, આવ, સુબોધ ! ચાલ જમવા ''.

'' ના, ના. હું તો સીધો લોજમાંથી જમીને જ આવુ છું. તું જમી લે એટલે 'કાંકરિયા' ફરવા જઈએ ''

'' હા, હા, ચાલો. હું પણ જમી રહેવા જ આવ્યો છું. હમણાં અમે સહકુટુંબ ફરીને આવ્યા. પરંતુ તું આવ્યો છે તે કંઈ ના થોડી જ પડાય છે ! બેસ થોડીવાર, હમણાં જઈએ ''.

બાદ અમે નીકળ્યા અને 'કાંકરિયા' પર શીતળ સમીરના વિંઝણા વડે અમદાવાદની ગરમીથી ત્રાસેલા અમે રાહત અનુભવતા બેઠા. મેં વાતની શરૂઆત કરી.

'' માનધર ! આજ હું એક ખાસ બાબત માટે તને અહીં લઈ આવ્યો છું''.

'' શી બાબત ? '' પોતે અજાણ હોય તેમ તે બોલ્યો.

'' બસ ભુલી ગયો, એટલી વારમાં પેલી પાગલ સ્ત્રીની વાત ''.

'' હા, હા યાદ આવ્યું. ઠીક, ચાલ ત્યારે આગળ ચલાવું. જીવન પથ પર

એક મોટો રોડો આવ્યો અને સંસાર રથ હલબલી ઉઠયો, ત્યાં સુધી વાત થઇ હતી, ખરું ને ? ''

'' હા '' વાત સાંભળવાની ઉત્સુકતાએ મેં ટૂંકાવ્યું. હજુ વાતની શરૂઆત થાય તે પહેલાં જ બરાબર અમારી સામેના જ રસ્તા પર કોઇ એક યુવક રસ્તો ઓળંગવા જતાં એક ટેકસી નીચે ચગદાઇ ગયો. તેને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલ લઇ ગયા ત્યાં સુધી અમે પણ તે તરફ જ જોઇ રહ્યા. અમારા વદન પણ વ્યગ્ર થઇ ગયા.

બાદ એક નિઃસાસાસહ માનઘરે વાતને આગળ ધપાવી.

એક સાંજે મિલથી થાકયો પાકયો વિહારી ઘરે આવ્યો. હાથ, પગ સાફ કરી જમવા બેઠો હજુ થોડું જમ્યો ના જમ્યો, ત્યાં તો સુનયનાની વાક્ધારા શરૂ થઇ.

'' તમે કદી મારી કોઇ વાત માનવાના નથી જ છતાં હું જ નકટી છું કે અવાર નવાર તમારી પાસે વાત મૂકું છું આ વખતે તો ના નહીં જ પડાય. જુઓ, મને એક 'લેડિઝ વોચ' લાવી આપો. મને મારા પિતાજીએ આણાંમાં આપેલ તે નકામી થઇ ગઇ છે. હું પડોશની સ્ત્રીઓને 'વોચ' બાંધીને જતી જોઉ છું અને મને કંઇનું કંઇ થઇ જાય છે ''.

'' સુનુ ! તારી પાસે કંઇ ન કંઇ નવું હોય જ. તું એટલું પણ નથી સમજતી કે આટલા ટૂંકા પગારમાં એવા મોજશોખ આપણને ન પોષાય. ઘડિયાળ હતી એટલા દહાડા બાંધી. એટલેથી હજુ સંતોષ ન થયો ? મને કોઇ દિવસ ઘડિયાળ બાંધતાં જોયો છે ? તેમ છતાં સારો વખત આવશે તો જરૂર તારી મુરાદ પૂરી કરીશ. હું તો તને સુખી જોઉં એટલે બસ, પછી મને સ્વર્ગસુખની પણ તમન્ના નથી. બાકી એવું આંધળું અનુકરણ કરીએ તો વહેલા દુઃખી થઇ જઇએ. કોઇના મહેલ જોઇને આપણા ઝૂંપડા થોડા જ બળાય છે. એ તો પછેડી એવડી સોડ તણાય. મારી સુનુ ! તું તો ડાહી છે તને વધારે શું સમજાવવાનું હોય ! ''.

'' બસ, મને તો ખાત્રી જ હતી કે તમે ના પાડવાના જ છો. તમને બહાનાં

બનાવતાં ક્યાં ઓછાં આવડે છે ! સારો વખત તો કોણ જાણે ક્યારે આવે; બુઢ્ઢા થઈ જઈએ પછી સારો વખત આવે તે શા ખપનો ! બસ, તમારે લાવી દેવી હોય તો હમણાં જ. નહીં તો ચોખ્ખી ના પાડી દો; એટલે બીજી વખત મારે 'સોનાની જાળ પાણીમાં ન નાખવી'.

સુનયનાએ તો રીતસરનો કજિયો માંડ્યો. તેમ છતાં હિંમત રાખી, આશાસહ વિહારીએ તેને સમજાવવાનો પ્રયાસ આરંભ્યો.

"સુનુ ! હું તને કેવી રીતે સમજાવું ! ઈશ્વર પર ભરોસો રાખ. સારો સમય જરૂર આવશે. એમ છતાં દૈવવશાત ન પણ આવે તો શું બગડી જવાનું છે ? આપણાં ભારત દેશમાં કરોડો માનવીઓ, ઘડિયાળ બાંધ્યા વિના રહે છે. તેનો તો વિચાર કર. તેમાં આપણો એકનો ઉમેરો થશે, તો ક્યાં આસમાન તૂટી પડવાનું છે ! બિચારા કેટલાંય એવા કુટુંબો છે કે જેઓને એક ટંકનું પણ પૂરતું ખાવાનું નથી મળતું. ત્યારે આપણે તો બે ટંક સુખેથી ખાઈએ છીએ અને આનંદથી રહી શકીએ છીએ; એનો વિચાર તું કેમ કરી શકતી નથી ? ઘડિયાળ એવી વસ્તુ નથી કે જેના વિના ન ચાલે. માટે કંઈક સમજ, સુનુ ! તું તો શિક્ષિત સ્ત્રી છે. છતાં આટલું કેમ સમજી શકતી નથી ? " વિહારીએ ભાવવાહી વાણી ઉચ્ચારી.

" ઠીક જેમ ઠીક લાગે તેમ કરો. ફરી નહીં કહું તેમ છતાં એટલું તો કહીશ કે તેમ આટલું સમજો છો, છતાં સાઈકલ કેમ રાખી છે ? ચાલીને કેમ ઓફિસ જતા નથી ? કે પછી 'પરોપદેશે પાંડિત્યમ્'. ઠીક, મારે શું. પાણીમાં રહીને મગરમચ્છ સાથે વેર થોડું જ બંધાય છે, જેમ ઠીક લાગે તેમ કરો".

સુનયનાના સુસવાટા મારતા તીરના જેવા શબ્દો વિહારીના અંતરને વીંધી રહ્યા. તેને ઘડીભરને માટે આંખે અંધારાં આવી ગયાં, ધરતી મારગ આપે તો સમાય જવાનું મન થઈ આવ્યું. તેમ છતાં એ વિશાળ દિલ વિહારીએ સહ્યા.

તે રાત્રીએ તે મનોમંથન અનુભવવા લાગ્યો. આ સંકટમાંથી માર્ગ કાઢવા વિચારવા લાગ્યો. ઊંઘ હરામ થઈ ગઈ. 'આટલું સમજો છો, છતાં સાઈકલ કેમ રાખી છે ? ચાલીને કેમ ઓફિસે જતા નથી ?' ચો તરફ આ શબ્દોનો પ્રતિધ્વનિ

થવા લાગ્યો. તેનું માથું ભમવા લાગ્યું. શરીર પણ સ્થિર હોય તેમ લાગતું ન હતું. બધું ગોળ ગોળ ફરતું ભાસ્યું.

'સમુદ્ર મંથન' બાદ અમૃત નીકળ્યું તેમ, વિહારીને પણ મનોમંથનમાંથી એક અમૃત જેવો વિચાર લાધ્યો, 'સાઇકલ વેંચી મારું', ઘડીભરને માટે સમુદ્રમાંથી ઝેર નીકળ્યું તેમ એક ઝેરી વિચાર પણ લાધ્યો; કે આ નાલાયકને 'ધોકે નાર પાંસરી' ની રીત અજમાવી સીધી કરું. પરંતુ તે ક્ષણિક જ. તરત જ નીલકંઠની જેમ તે ઝેરી વિચારને કંઠમાં સમાવી લીધો. તેના વિશાળ દિલે તે રાહ લેવાની ના પાડી. 'હિંસક રીતથી કદી શાશ્વત સુખ મળતું નથી' અને 'સત્તા વડે દેહ વશ થાય, દિલ તો સમર્પણ અને સ્વાર્થ ત્યાગ વડે જ જીતી શકાય છે' યાદ આવ્યાં અને તરત જ તેણે અમૃત જેવા વિચારને અમલમાં મૂકવાનો નિશ્ચિય કર્યો તેમજ સુનયનાને ઘડિયાળ પણ લાવી આપવાનો નિશ્ચિય કર્યો.

આમ, નિર્બળ પર ક્ષમા વરસાવવાના સંતોષથી તેના અંતરે રાહત અનુભવી. આજ તે અપકાર પર ઉપકાર કરતો હતો. આજ તે મહાત્મા ગાંધીના અહિંસાના સિદ્ધાંતને અમલમાં મુકતો હતો. તેનો વિચાર દઢ થયો અને વળતે દિવસે જ સવારના ઓફિસ જતાં પહેલાં જમતાં જમતાં પોતાની પત્ની પાસે તે મૂકયો.

''સુનુ ! આજ મેં તારી બન્ને વાતો સ્વીકારવાનો નિશ્ચિય કર્યો છે. સાઇકલ પણ વેંચી મારીશ અને તને ઘડિયાળ પણ લાવી આપીશ. પરંતુ તારે પણ મારી એક વાત માન્ય રાખવી પડશે. બાદમાં કંઇ તેમાં ફેરફાર થઇ શકશે નહીં. તે ભીષ્મ પ્રતિજ્ઞા જેવી અચળ હશે, બોલ છે કબૂલ ? '' તેની આંખો દઢ નિશ્ચયમાં ચમકી રહી.

સુનયના તો ભૌતિક સુખમાં રંગાયેલી આ દુનિયા પ્રતિ લગભગ પાગલ હતી તે કંઇપણ સારાસારનો વિચાર ન કરી શકી. તે તો બસ 'વોચ' આવશે તેના ઉમંગમાં બીજા શબ્દો પૂરા સાંભળી પણ ન શકી અને એકદમ બોલી ઊઠી, ''હા, હા, કબૂલ છે. પરંતુ ઘડિયાળ કયારે લાવવાના છો તે તો કહો''.

તેને વિહારીની ભીષ્મ પ્રતિજ્ઞા જાણવાની પણ કંઇ જરૂર ન જણાઇ, જેથી વિહારીએ સ્વયં તે જણાવતાં કહ્યું.

'' જો. આજ સાઇકલનો સોદો કરી નાખીશ. તેના લગભગ સાઠેક રૂપિયા ઉપજશે. તે ઘડિયાળ પેટે જમા કરાવીશ અને બાકીના પૈસા હપ્તે હપ્તે ભરીશ. ઘડીયાળ આજ સાંજે આવી જશે. બાકીના પૈસા ભરવા માટે કંઇ માસ આખરે પૈસા બચતા નથી. કારણ કે આપણાં ચારનો જીવન નિર્વાહ ઉપરાંત બાળકોની શિક્ષણ ફી વગેરે. ગયે વર્ષે રૂપિયા પચ્ચીસેકનો વધારો મળ્યો, તે તો ખરું પરંતુ તે પણ કેટલા સમય બાદ પૂરા સાત વર્ષે. એમાં પણ શેઠની કેટલી લાચારી કરવી પડી હતી. તેમ છતાં કપડાંલત્તાં સિવડાવવા માટે હર વખતે કંઇને કંઇ જુદી જોગવાઇ કરવી પડે છે, તે તું ક્યાં નથી જાણતી ? ''

'' તે હવે મૂળ વાત કરોને, શું કહેવા માંગો છો એ બધું તો હું જાણું છું. એમાં નવું શું ક્હ્યું કે પછી આવું બધું સંભળાવીને મારે મોઢે ઘડિયાળ ના લાવવાનું કહેવડાવવા માંગો છો ? તો લો, કહી દીધું. નથી લેવી ઘડિયાળ. બસ, રાજી?'' સુનયનાને તો બસ ઘડિયાળની જ લગની લાગી હતી. તેને તે સિવાયની અન્ય વાતો સાંભળવી રુચતિ ન હતી. તેથી આમ સણસણતો જવાબ આપ્યો.

વિહારી તો અવાક જ રહી ગયો. તેની ખરી અગ્નિ કસોટી થઇ રહી હતી. ઘડીભર તો તેને ગુસ્સો આવી ગયો. પરંતુ તરત જ તેને રોકયો અને ગંભીર વદને જવાબ આપ્યો.

''જો ઘડિયાળ લાવવાનું તો નકકી જ કરી નાખ્યું છે. ગમે તે સંજોગોમાં આજે સાંજે તે હાજર કરીશ. પરંતુ હું એમ કહેતો હતો કે બાકી રહેતા પૈસા ભરવા માટે હું એક વર્ષ એક ટંક જમીશ. તેના બચેલા પૈસા હું હપ્તામાં ભરીશ. બોલ, છે ને કબૂલ ? ''

''હા, હા. શરત તો મેં પહેલાથી જ કબૂલી છે. તમારી ઇચ્છા હોય તો તેમ કરો. હું થોડી જ તમને એક ટંક જમવાનું કહું છું ! '' તેણીએ એકદમ નફટાઇ દર્શાવી. વિહારીનું અંતર સળગી ઊઠયું. પરંતુ તે 'સત્ય, અહિંસા, પ્રેમ' નો પ્રયોગ કરી રહ્યો હતો. તેને પૂર્વગ્રહી સુનયનાની દયા આવી. તેને અંતરમાં

ઊંડે ઊંડે એવી આશા હતી કે તેણી જરૂર સુધરશે અને કરેલા કૃત્ય બદલ પસ્તાશે. પરંતુ તે સમય તો કોણ જાણે કયારે આવે. ત્યાં સુધી તો તેની સહનશીલતાની અગ્નિ કસોટી હતી.

સત્યનો મારગ કંઇ થોડો જ પુષ્પોથી છવાયેલો છે ! તે તો કાંટા અને ગોખરુંથી ભરપૂર છે. તે માર્ગે તો શૂરા હોય તે જ જાય. વિહારી તે માંહેનો હતો.

વિહારી જમી પરવારી ઓફિસે જવા બહાર નીકળ્યો. નીલકંઠ અને માહેશ્વરી શાળાએથી છૂટીને ઘરે આવતાં હતાં, તેઓ સામાં મળ્યાં. તેઓએ "સાંજે ફરવા જવું છે તો વ્હેલા આવશો ને ?" એમ પૂછી પિતાજીની સંમતિ માટે સામું જોયું અને વિહારી હસીને જવાબમાં સંમતિદર્શક માથું હલાવી ચાલવા માંડયો. બાળકો હરખાતાં ઘરમાં ગયાં.

સુનયના ઘડીયાળ મળવાથી આનંદમાં રહેવા લાગી. આ બાજુ વિહારી ગંભીર થતો ચાલ્યો. કામ સિવાય કશું બોલતો નહીં.

ચિંતા, અનિદ્રા, અપુરતો આહાર, દરરોજનો છ માઇલનો પંથ પગે કાપવાનો. આ બધાની અસર વિહારીના શરીર પર પડી. તે સુકાતો ચાલ્યો.

હવે સારાસારનો વિચાર ન કરનારી સુનયના પસ્તાવા લાગી. તેને ભૂલ સમજાવા લાગી. તે વિહારી તરફ જોતી અને તેની દશા જોઇ તેને કંઇ કંઇ વિચાર આવવા લાગતા. " સદા મારા તરફ અમીદૃષ્ટિ રાખનાર, સદા મને સંતોષ આપવા મથનાર, કદી ગુસ્સે ન થનાર અને હંમેશાં પ્રેમ વરસાવનાર મારા વિહારીને મેં બદલામાં શું આપ્યું ? બદલામાં મેં સદા તુચ્છકાર, અપમાન ને ખોટી જીદ, હે ઇશ્વર ! તું જો વિદ્યમાન હોય તો મને પાપણીને કદી માફ ન કરતો. મને આકરામાં આકરી સજા કરજે." તે પણ હવે દિવસે દિવસે પસ્તાવાનાં અગ્નિમાં જલતી જલતી સુકાવા લાગી. આમ પસ્તાવો થતાંની સાથે જેમાંથી હંમેશાં રોષ અને તિરસ્કાર ઝરતાં, તેમાંથી હવે પ્રેમ ઝરવા લાગ્યો.

વિહારી આ ફેરફાર જોઇ શકયો અને મનમાં ને મનમાં સંતોષ અનુભવવા લાગ્યો. એને પોતાનું તપ સફળ થતું દીસ્યું. સુનયના પણ હવે જાહેર રીતે પતિ

પાસે પોતાની ભૂલનો એકરાર કરવા લાગી અને પસ્તાવા લાગી. વિહારી તેને સાંત્વના આપતો. તેને વિહારીની એક ટંક જમવાની ટેક પણ હવે ખૂંચવા લાગી. તેને પતિની ભીષ્મ પ્રતિજ્ઞાની ખબર હતી. તે જાણતી હતી કે ' પ્રાણ જાય પર વચન ન જાય' જેવો તે હતો. તેમ છતાં એક રાત્રિએ હિંમત એકઠી કરી તેને સમજાવવા તેણીએ પ્રયત્ન કર્યો.

''નાથ ! તમારા શરીર તરફ જોઇને મને રડવું આવી જાય છે. હવે ટેક છોડો અને બે ટંક જમવું શરૂ કરો. બીજું , હવે મારે એ કાળમુખી ઘડિયાળ નથી જોઇતી. તેને વેચી મારો અને ફરી સાઇકલ લઇ લો. આમ બે ટંક ન ખાવું અને રોજનો છ માઇલનો પંથ પગે કાપવો કયાં સુધી ચાલુ રાખશો ! મારી ખોટી જીદ સંતોષવા અત્યાર સુધી મથ્યા. તો હવે આ એક વિનંતી માન્ય રાખો. મારા વ્હાલા ! હવે નથી ખમાતું.'' એટલું બોલી સુનયના ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

વિહારીએ તેને ગોદમાં લીધી અને સાંત્વના આપતો કહેવા લાગ્યો, ''સુનુ ! હવે તો માત્ર એક જ માસ બાકી રહ્યો છે, ત્યારે ટેક છુટશે ! એક માસ તો આમ ચાલ્યો જશે. પછી તો લીલા લહેર થવાના છે. જો વધુમાં એક શુભ સમાચાર સંભાળવું. હવેથી અમારી મીલમાં 'બોનસ' ની પ્રથા અમલમાં આવવાની છે. આ વર્ષે અમારા શેઠને સારો નફો થયો છે, જેથી તેઓ ઘણાં જ ખુશ છે. ઉપરાંત હમણાં તેઓની મારા પણ ઘણી જ રહેમ દૃષ્ટિ છે. બોલ, પછી આપણે ઘઠિયાળ વેંચવી પડશે ? ઉલટી એક એકદમ નવી સાઇકલ પણ ખરીદશું. અરે ! એક નવી ઘડિયાળ મારા માટે પણ લઇશું. વધારામાં શેઠ આવતે વર્ષે મને ઉચ્ચ હોદો પર મૂકવાનું કહેતા હતા. બોલ, પછી રહેશે કંઇ દુઃખ ? બાદ તો એક સારા મકાનમાં પણ રહેવા જઇશું. નીલકંઠ ને માહેશ્વરીને પણ સારી શાળામાં દાખલ કરીશું. હવે તો ફકત એક જ માસ આ તકલીફનો પસાર કરવો રહ્યોને ! બોલ, હવે તો ખુશને ? એકવાર હસ જોઇએ, મારી પગલી ! ''

સુનયના કે જે અત્યાર સુધી એક ચિત્તે સાંભળી રહી હતી તે ઉત્તરમાં ફકત પોતાના પ્રાણપ્યારા વિહારીને જોરથી આલિંગી રહી અને એ જ સ્થિતિમાં આ દંપતિ ભાવિ સુખના શોણલાં સેવતું સેવતું નિદ્રાદેવીને ચરણે ઢળ્યું.

ઉષાના આગમનની પણ કોઈને જાણ રહી નહીં. એ તો જો બાજુના ખંડમાં સૂતેલાં બાળકો ઉઠીને રડવા ન લાગ્યાં હોત તો હજુ પણ તેઓને તે આગમનની જાણ ન થવા પામત.

સુનયના શરમની મારી ભાગી, માનો કે દોડી અને ત્વરીત ગતિએ શયનખંડમાંથી બહાર નીકળી બાળકોને શાંત પાડયા.

આજનો દિન સુનયના માટે સુવર્ણનો ઊગ્યો હતો. આજ તેનો મલકાટ કયાંયે સમાતો નહોતો. આ જ તેના પ્રાણપ્યારા વિહારીની એક ટંક આહાર કરવાની ટેક છુટવાની હતી. તેથી તેનો આનંદ કયાંય માય નહીં તે સ્વાભાવિક હતું. તે દિવસની રાહ કાગને ડોળે તે જોતી હતી, તે દિવસ આજ તેને મહામહેનતે પ્રાપ્ત થયો હતો.

અંતે પતિને ઓફિસે જવા વળાવી પોતે મલકાતી મલકાતી ઘરમાં પ્રવેશી. સાંજના જમણમાં શું શું બનાવી પતિને સંતોષવા તેના વિચારમાં તે આવીને મશગૂલ બનીને બેઠી.

થોડીવારમાં નીલકંઠ અને માહેશ્વરી શાળાએથી આવ્યા. તેમને પ્રેમથી જમાડી બપોર બાદ સૂવડાવી પોતે સાંજના આનંદના પ્રસંગના વિચારોમાં રાચતી બેઠી. આજ વિહારી પણ આ પ્રસંગે દોઢેક કલાક વહેલો આવવાનો હતો.

આ જ તો આનંદનો પ્રસંગ હતો. છતાં આજ તેના અંતરમાં ઊંડે ઊંડે કંઈક દુઃખ થતું હોય તેવું લાગ્યું. કયાંય ચેન ન પડતું હોય તેમ થતું લાગ્યું. સુનયનાને આવી જાતના ભાવનું કંઈ કારણ ન સમજાયું. જેથી તે વિચાર કરતી બેઠી.

એટલામાં બહારથી એક વિહારીના નામની બુમ સંભળાઈ, જેથી તે બહાર ગઈ. બહારથી બૂમ દેનાર વ્યકિતએ તેને પૂછયું, ''વિહારીભાઈ અહીંયા જ રહે છે કે ?''

''હા, બોલો, શું કામ છે ? '' સુનયનાનું જમણું અંગ ફરકતું હતું. તેને કયાંય ચેન પડતું ન હતુ. દીધેલા સમયે વિહારી પણ હજુ આવ્યો નહોતો. જેથી

તેણીએ વ્યગ્ર મને આવનાર વ્યકિતને પૂછયું.

“ એ તો હું એક સંદેશો દેવા આવ્યો છું. વિહારીભાઇ આજે બપોરે ચારેક વાગ્યે પ્રસન્ન વદને મીલમાંથી બહાર નીકળતા હતા, ત્યાં હું સામો મળ્યો. મેં તેને પ્રસન્નતાનું કારણ પુછયું. તો કહે કે કંઇ નહીં. એ તો એમજ અમસ્તું.”

“ ભાઇ,તુરત કહો શું સંદેશો છે ? ” સુનયનાનું મગજ ભમતું હતું. જેથી કંટાળી મૂળ વાત પર આવવાને તે આતુર હોતાં, પેલી વ્યકિતને સીધો જ પ્રશ્ન કર્યો.

“ બાદ બેન, જયાં હું, બહુ દૂર ગયો ના ગયો, ત્યાં મારાથી આકસ્મિક એક દૃષ્ટિ પાછળ થઇ ગઇ. ત્યાંથી થોડે જ દૂર માણસોનું એક ટોળું એકઠું થયેલું જોયું. હું થોડું ચાલીને ત્યાં ગયો અને જોયું. ” તે વ્યકિત પૂરૂં બોલી રહે તે પહેલાં સુનયના બોલી ઉઠી, “ત્યાં શું જોયું ? જલ્દી કહો ભાઇ ”. તેના અંતરમાં ચિંતા પેઠી તે રડવા જેવી થઇ ગઇ.

પેલી વ્યકિત અત્યાર સુધી સુનયનાને એકદમ આઘાત ન લાગે માટે વિસ્તારપુર્વક વાત કહેતી હતી તેણે હવે મૂળ મુદ્દાપર આવી કહ્યું. “ ત્યાં જોયું તો વિહારીભાઇના મોમાંથી લોહીની ઉલટી નીકળી પડી હતી અને તેઓ બેભાનવસ્થામાં ત્યાં પડયા હતા ”.

“મારા નાથ ! મારા વિહારી ! તમને શું થઇ ગયું ! ” તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

“ બેન, રડો નહીં. જરા હિંમતથી કામ લો. બાદ ત્યાં એકઠા થયેલા લોકો પ્રાથમિક ઉપચાર કરી તેમને ભાનમાં લાવવાનો પ્રયત્ન કરતા હતા. ત્યાં મેં નજીકની દુકાનેથી ફોન કરી હોસ્પિટલથી એમ્બ્યુલન્સ મંગાવી, તેમાં ભાઇને હોસ્પિટલ પહોંચાડી, અહીં તમારા લત્તામાં ઘર શોધતો શોધતો ખબર દેવા આવ્યો છું. તો હવે રડો નહીં અને જલ્દી મારી સાથે હોસ્પિટલ ચાલો. ઈશ્વરપર ભરોસો રાખો, સૌ સારા વાનાં થઇ જશે. હિંમત રાખો અને ચાલો હોસ્પિટલ”. તે વ્યકિતએ સાંત્વન આપતાં કહ્યું.

સુનયના રડતી રડતી અંદર ગઇ અને જોયું તો દૂધપાકનો ટોપ ઢોળાયેલો પડ્યો હતો અને બેઠી બેઠી બિલાડી તેની મિજબાની ઊડાવતી હતી. તેના મનમાં ધ્રાસકો પડયો. પરંતુ હિંમત એકઠી કરી પોતાની જાતને સંભાળી બાળકોને ઊઠાડી, તેઓને પડોશમાં મૂકી તુરત જ હોસ્પિટલ જવા રવાના થઇ.

હોસ્પિટલે જઇને જોયું તો ચાર પાંચ ડોકટરો એકઠા થયા હતા. વિહારીને ઓકિસજન અપાઈ રહ્યો હતો. હજુ તે ભાનમાં આવ્યો ન હોતો. કેસ બહુ ગંભીર થઇ ગયો હોય, તેવું વાતાવરણ થઇ ગયું હતું.

સુનયનાને આંખે અંધારા આવ્યા. પગ ધ્રૂજવા લાગ્યા. તે ચીસ પાડી ઊઠી, ''મારા નાથ ! '' એટલું બોલતા તે એક ડગલું આગળ ભરવા જાય ત્યાં તો બેભાન થઇને નીચે પટકાઇ. તેણીને ત્યાંથી દૂર લઇ જવામાં આવી અને ભાનમાં લાવવાના ઉપચારો ચાલુ કરવામાં આવ્યા.

આ બાજુ વિહારી ભાનમાં આવતો લાગ્યો. તેણે આંખો ઉઘાડી અને બબડયો, '' સુનુ ! ''

ડોકટરે તુરતમાં ભાનમાં આવેલી સુનયના તરફ જોયું. તે પાસે આવી.

ડોકટરે તેને શાંત રહેવા ઈશારત કરી. તે આવીને વિહારીના બિછાના પર બેઠી. વિહારીએ તેને જોઇ અને પ્રસન્નતા અનુભવી. ઇશારાથી તેને નજીક આવવા કહ્યું. તે નજીક ગઇ અને માથે હાથ ફેરવતી બેઠી. તે પ્રયત્ન કરી બોલ્યો.

'' સુનુ ! તું આવી, મારી સુનુ ! જો સાંભળ. હું મિલથી નકકી થયા મુજબ ઘરે આવવા નીકળ્યો. રસ્તામાં મને ચકકર આવ્યાં અને લોહીની ઊલ્ટી થઇ બાદ શું બન્યું તેની મને ખબર નથી. તું રડે છે ! મારી સુનુ ! રડ નહીં. શાંત થા, મને કંઇ થવાનું નથી.'' ડોકટરે વધુ બોલવાની મનાઇ ફરમાવી અને શાંત સૂઇ રહેવા કહ્યું. સુનયનાને પણ હવે અલાયદા ખંડમાં જવાનું કહેવામાં આવ્યું કે જેથી દર્દીના મન પર તેના રુદનની અસર ન પહોંચે.

થોડી પળો પસાર થઇ. કેસ સુધરતો જણાયો. બધાના મોં પ્રસન્ન થયાં. સુનયનાને પણ પતિ પાસે ફરી આવવાની પરવાનગી મળી. તેણીએ મીઠી મીઠી વાતો કરી.

પરંતુ વિધિથી આ સહ્યું નહીં. વિહારીને એક જોરદાર ઉબકો આવ્યો અને જોરદાર લોહીની ઊલટી ફરીને થઈ ગઈ. સૌ ફરી ગભરાયાં. ફરી ઓકિસજન આપવાની તૈયારી થવા લાગી. લોહી આપવાનું પણ નકકી થયું. તેની પણ તૈયારી થવા લાગી. બધાંને દૂર ખસેડવા માંડયા. સુનયના પણ રડતી રડતી દૂર જવા લાગી. ત્યાં તો વિહારીના હૃદય પર એકદમ હુમલો આવ્યો અને તે ચીસ પાડી બોલી ઉઠયો, '' સુનુ ! હું જઉં છું '' બાળકોની સંભાળ રાખજે. તેઓમાં સુસંસ્કાર..'' શબ્દો અધૂરા જ રહી ગયા. તેનો પ્રાણ આ નશ્વર દેહને છોડી અમરત્વને પામવા ચાલી નીકળ્યો.

ચીસ સાંભળતાં જ સુનયના પાગલ થઈ ગઈ. બરાબર તે વખતે દીવાલ પરની ઘડિયાળમાં છ પર બન્ને કાંટા ભેગા થઈ છૂટા થવા લાગ્યા હતા. તેના પર સુનયનાની ચકળવકળ થતી આંખો ઠરી અને વીફરેલી વાઘણની ઝડપે ત્યાં પડેલ સ્ટૂલ પર તરાપ મારી તેને ઉપાડી ઘડિયાળ પર છુટો ઘા કર્યો. ઘડિયાળના ચૂરા બોલી ગયા.

કોઈને પણ ખબર પડે કે કાંઈ સમજે તે પહેલાં તો આ બધું બની ગયું. તુરત જ તેની નજર નર્સના કાંડા પર બાંધેલી 'વોચ' પર નોંધાણી અને તેના પર તે તૂટી પડી. તેને આંચકી તેને તોડી ફોડી નાખી. તેને પકડવામાં આવી. પરંતુ તે અત્યારે વીફરેલી વાઘણ જેવી હતી. તે છટકીને ભાગી અને કોઈ ફરીને પકડી શકે તે પહેલાં તો દોડતી બજારમાં પહોંચી અને ઘડિયાળોની દૂકાનો પર તરખાટ મચાવી દીધો.

ઠેર ઠેરથી વાયરલેસ વાન છૂટયા. આખરે તેને પકડવામાં આવી અને મેન્ટલ હોસ્પિટલમાં મૂકવામાં આવી.

તે ફરીને સારી થઈને આવી, ત્યાં સુધી બાળકોને, પડોશી સારા હતા એટલે સાચવ્યા.

બાદ તે નોકરીએ લાગી અને બાળકોનું અને પોતાનું ભરણપોષણ કરવા લાગી. પોતાના પતિની છેલ્લી ઈચ્છા મૂર્તિમંત બનાવવા બાળકોને તે સંસ્કારી બનાવવા મથતી જતી હતી.

" સુબોધ ! આમ તેણીનું આખું જીવન આપણે જોયું. વિધિપણ ક્રૂર છે હો ! બિચારીને ઠરી ઠામ થવા દેતો નથી. વળી ફરીને તે દિવસે બરાબર પાંચ વર્ષે તેના મગજ પર જૂનાં સંસ્મરણો તાજાં થતાં અસર થઇ ગઇ અને આપણે જોયો તેવો ફરીને તેણીએ તરખાટ મચાવી દીધો. બિચારીનાં બાળકોનું શું થશે ! "

કાંકરિયાપરથી માનવ મહેરામણ વિખરતો ચાલ્યો. તેથી અમે પણ ગંભીર વદને આખરે ઊઠયા અને ચાલવા લાગ્યા. રસ્તામાં અમે બેમાંથી કોઇએ ખાસ કંઇ વાત કરી નહીં. માનધરનું ઘર આવતાં તે મારાથી વિખૂટો પડયો અને હું એકલો મુકામે પહોંચવા લાગ્યો. મનમાં કંઇ કંઇ ભાવ ઊઠતા હતા. ઘડીભર તો જાણે તે અનાથ બાળકોનો પિતા હોંઉ, તેવા ભાવ ઊઠવા લાગ્યા. મનમાં એવો પણ નિશ્ચિય થઇ ગયો કે આવતી કાલે જ માનધર પાસેથી ભાળ મેળવી બાળકોને મારી પાસે લઇ આવી વિહારીની અંતિમ ઇચ્છા અનુસાર સુસંસ્કારનું સિંચન કરીશ. પરંતુ તે નિશ્ચિય પાણીના પરપોટા જેમ ટકયો નહીં. તેનું કારણ હું નાહિંમત હતો.

હું વિચાર કરતો ચાલ્યો જતો હતો. તેવામાં પાછળથી એક ધકકો આવ્યો અને હું પડતો પડતો બચી ગયો. બરાબર મને અડીને જ મોટર ઊભી રહી ગઇ હતી. ડ્રાઇવરે મને ધમકાવીને સત્તાવાહી અવાજે કહ્યું, " એ મિસ્ટર ! સાંભળતા નથી કે ? કયારનું હોર્ન મારું છું તે ". એટલું બોલી તે પૂરપાટ ઝડપે મોટર હંકારી ગયો. હું તેને જોઇ રહ્યો. તેને કંઇ ઉત્તર દઇ શકું તેવી સ્થિતિમાં ન હોતો. કારણ કે હું ગુન્હેગાર હતો.

મને તે દિવસે માનધરે આપેલી સલાહ, "રસ્તે ચાલતાં એવા આંધળા ભીત ન થઇ જઇએ, સમજયો ! " ; યાદ આવી ગઇ અને મનમાં ને મનમાં મારી મૂર્ખતા પર હું હસ્યો. મારી વિચારમાળા તૂટી, મણકા વેરાયા.

**લખ્યા તા. ૨૯/૦૫/૧૯૬૦, રવિવાર**

_____**********************_____

# (૧૫) અન્યોન્ય પૂરક કે પ્રતિસ્પર્ધી ?

ટનન.. ટનન.. મહાવિદ્યાલયના ઘંટનો ગુંજારવ સંભાળય છે. ઘંટના ગુંજારવ પરથી ખ્યાલ આવે તેમ છે કે તે વિશ્રાંતિ સમય દર્શાવે છે. સૂર્યોદય થતાં પક્ષીઓ પોતપોતાના 'માળા' છોડી વ્યોમમાં કિલકિલાટ કરતાં નજરે પડે છે તેમ ઘંટનો ગુંજારવ થતાં વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ પોતપોતાના વર્ગો છોડી કિલકિલાટ કરતાં નજરે પડે છે. કોઇ હોટલમાં જાય છે, તો કોઇ મહાવિદ્યાલયના કમ્પાઉન્ડમાં ફરતા નજરે પડે છે. તો કોઇ બગીચામાં નાનાશા વૃક્ષની છાંયા ગોતી તેની નીચે કિલ્લોલ કરે છે. તો વળી કોઇ પોતપોતાના વર્ગમાં બેઠેલા પણ નજરે પડે છે. પરંતુ એટલું તો સ્પષ્ટ દેખાઇ આવે છે કે સૌ કોઇ ચિંતામુકત છે.

આવા સુંદર વાતાવરણ વચ્ચે એક યુવતી ચિંતાયુકત ચહેરે આમથી તેમ કોઇને શોધતી ફરે છે. એટલામાં ફરી વખત ઘંટનો ગુંજારવ થાય છે અને સૌ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ વિશ્રાંતિનો સમય પૂરો થતાં વર્ગ તરફ પાછા વળે છે. પેલી યુવતી પણ નિરાશ વદને વર્ગમાં પ્રવેશ કરે છે. વર્ગ શરૂ થાય છે. વર્ગમાં સંસ્કૃતના પ્રાધ્યાપક '' કાદમ્બરી '' ના વિરહનો પ્રસંગ સમજાવી રહ્યા છે. વાતાવરણ ગંભીર સ્વરૂપ પકડે છે. પેલી યુવતીના મુખ પર ગભરામણ થતી નજરે પડે છે. એકાએક તે વર્ગ છોડી બહાર ચાલી જાય છે અને નાનકડા બગીચામાં જઇ ખૂબ રડે છે. ત્યાં તેને સાંત્વન આપવાવાળું વૃક્ષો સિવાય કોઇ નથી. એવામાં નેપથ્યમાંથી આવતો હોય તેમ પાછળથી અવાજ આવે છે ; ''સસ્મિતા !'' સસ્મિતા પાછું વાળીને જુએ છે તો પ્રસન્ન નજરે પડે છે. પ્રસન્નને જોતાં જ સસ્મિતા વધારે રડી પડે છે. પ્રસન્ન તેને ગોદમાં લે છે. સસ્મિતા આસ્તે આસ્તે શાંત પડે છે.

પ્રસન્ન : સસ્મિ ! આ જ કેમ રડતી હતી ?

સસ્મિતા : તું આજ કયાં ચાલ્યો ગયો હતો ? કોલેજ શરૂ થઇ ત્યારે પણ ન દેખાયો અને વિશ્રાંતિમાં પણ ન દેખાયો. વળી વધારામાં મારા વર્ગમાં

''કાદમ્બરી'' ના વિરહ પરનું જ લેકચર ચાલતું હતું. આમ બધું ભેગું થાય પછી રડું નહીં તો શું કરું ?

પ્રસન્ન : અરે પગલી ! એમાં તે રડી પડી ! હું તો તને ચીડવવા જ આજ જરા દેખાયો નહીં. પરંતુ જયારે મેં તેને વર્ગમાંથી ઉતાવળે પગલે જતી જોઇ ત્યારે થયું કે તું કેમ આમ ભાગે છે અને તારી પાછળ પાછળ અહીં આવ્યો, તો આ દશ્ય જોયું.

સસ્મિતા : એમ ! ઠીક ત્યારે હવે તારી સાથે નહીં બોલું. આ સસ્મિતા રિસાઇને ફરી જાય છે ને રિસામણાં મનામણાં થાય છે.

આમ પ્રેમ ફાલેફૂલે છે અને કોલેજનું મસ્તજીવન પસાર થતું જાય છે.

----------

શીતળ સમીર વાઇ રહ્યો છે. રવિરાજ વૃદ્ધાવસ્થાને પંથે વળ્યા છે અને ઢળતા જાય છે. બાજુનાં જળાશયમાં પાણીની લહેરો એકબીજાથી જાણે કે કદી વિખુટાં ન પડવું હોય તેમ એકાકાર થઇ જાય છે. પક્ષીઓ પણ સૌ સૌના 'માળા' તરફ પ્રયાણ કરતાં ઉડી રહ્યાં છે. શહેરીજનો આમ તેમ મહાલતાં નજરે પડે છે. પ્રસન્ન અને સસ્મિતા પણ ટહેલતાં ટહેલતાં જળાશયને કિનારે એક બાજુ આવીને બેસે છે. એ જ સમયે સૂર્યદેવ પણ પોતાની યાત્રા પૂરી કરી શશીદેવને પોતાનો ચાર્જ સોંપી દે છે. શશીની શીતળ ચાંદનીમાં પ્રસન્નને સસ્મિતા બેઠા બેઠા વાતોએ વળગે છે.

સસ્મિતા ; '' પ્રસુ ! કુદરત કેવી પ્રેમાળ છે, તેના વહીવટમાં કયાંય પક્ષપાત છે ! બધાને તે છૂટે હાથે એક સરખો સ્નેહ પીરસે છે. ગરીબની કુટીર કે અમીરના ભવન પર પણ ચંદ્ર એક સરખો જ પ્રકાશે છે અને શીતળતા બક્ષે છે. છતા ચંદ્ર જેટલો અહીં કુદરતનાં બીજા અંગો સાથે સોહામણો લાગે છે તેટલો એકલો મનુષ્યની રચેલી વસ્તી પર નથી લાગતો, ખરું ને ? કુદરતની માયા અકળ છે. કુદરત જાણે કે કહેતી ન હોય કે સંપીને બીજા સાથે રહેવામાં મનુષ્યની જેટલી કિંમત છે તેટલી એકલા અટૂલા રહેવામાં નથી. કુદરત પાસે મનુષ્ય શી વિસાતમાં છે ? ''

પ્રસન્ન : " હં... અ ! "

પ્રસન્ન તો આખા વાર્તાલાપ દરમિયાન સસ્મિતાને જ અનિમેષ નયને નિહાળી રહ્યો હતો. તેના પર ચંદ્રના કિરણોની તથા કુદરતના બીજા વાતાવરણની જાદુઇ અસર થઇ હતી. એકાએક તેણે સસ્મિતાનો હાથ પોતાના હાથમાં લઇ લીધો અને સસ્મિતાની આંખમાં આંખ પરોવી કહેવા લાગ્યો : સસ્મિ ! કુદરત જેટલી પ્રેમાળ છે તેથી વિશેષ આપણાં હૃદયો પ્રેમાળ છે અને જો તે એકબીજાની સમીપ આવવા કેટલાં પ્રેરાઇ રહ્યા છે ? એમ કહીને તે સસ્મિાતને પોતાની તરફ ખેંચવા લાગ્યો. પરંતુ સસ્મિતા છટકીને દૂર ખસી ગઇ અને બોલી : " પ્રસુ ! પાગલ ન બન. જરા સંયમ કેળવતા શીખ. જયાં સુધી ભણીગણીને પગભર થઇ પ્રભુતામાં પગલાં ન માંડીએ ત્યાં સુધી 'મદન' ના તીરથી ઘાયલ થઇ, દેહથી અપવિત્ર થવું ન જોઇએ. પ્રેમ તો પવિત્ર વસ્તુ છે એને આવેશમાં આવી જઇને અપવિત્ર ન બનાવ. વળી આપણાં વડીલો પણ આપણાં લગ્ન કરી આપવા સંમત થયાં છે અને બેએક વર્ષ તો હમણાં પસાર થઇ જશે. તો ધીરજ ધરવી જોઇએ."

પ્રસન્ન : " સસ્મિ ! મારી ભૂલ થઇ હવે ચેતતો રહીશ. મને આ વાતનો આનંદ છે કે મને તારા જેવી જાગૃત જીવનસંગિની મળવાની છે કે જે મને જિંદગીમાં પણ જો કોઇ ખોટે રસ્તે જતો હોઇશ તો તેમાંથી ઉગારશે. મારી સસ્મિ ! ".

આમ આવા પ્રેમાળ દિવસો પસાર થતા જાય છે. કોને ખબર છે કે ભાવિમાં શું છુપાયેલું છે ? 'ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે ?' આજના આ પ્રેમાલાપો આવતીકાલે કેવા દુઃખ માં પરિણમશે તેની બેમાંથી એક્યને ક્યાં ખબર હતી ?

એમને એમ બે વર્ષ પસાર થઇ જાય છે.

આજે બી. એ. ના જાહેર થયેલા પરિણામમાં સસ્મિતા તથા પ્રસન્ન બન્ને પાસ થાય છે અને તેની ખુશાલીમાં બંન્ને તરફથી પાર્ટી યોજાય છે. પાર્ટીમાં મિત્રમંડળ અભિનંદન આપે છે તથા અભિલાષા સેવે છે કે, હવે પછીની પાર્ટી તેમના લગ્નની ખુશાલીની હોય. પ્રસન્ન તથા સસ્મિતા એકબીજા સામું જોઇ નીચું જોઇ જાય છે અને મૂંગી સંમતિ આપે છે. અંતમાં ઇશ્વરની પ્રાર્થના બાદ

પાર્ટી વિખરાય છે.

થોડા દિવસો બાદ પ્રસન્નની એક મિલમાં સેક્રેટરી તરીકે નિમણૂંક થાય છે. સસ્મિતા પણ એક ગર્લ્સ હાઈસ્કૂલમાં હેડ મિસ્ટ્રેસ તરીકે નીમાય છે. આમ બન્નેનું જીવન પ્રગતિ કરી રહ્યું છે.

એક દિવસ સંધ્યારાણીના આગમન સમયે સસ્મિતા અને પ્રસન્ન જળાશયના કિનારે બેઠાં છે. ત્યાં પ્રસન્ન વાતની શરૂઆત કરે છે :

પ્રસન્ન : '' સસ્મિ ! હવે તો આપણે વિદ્યાઅભ્યાસ પૂરો કરી અર્થોપાર્જન કરવા માંડયું. હવે તારો શો વિચાર છે ? જીવનનો રથ આગે ધપાવવામાં તારા સાથની હવે જરૂર જણાય છે અને તારી સંમતિ હોય તો પિતાજી પાસે દરખાસ્ત મૂકું. ''

સસ્મિતા : (શરમાતી શરમાતી) '' તમારી ઈચ્છા તે મારી ઈચ્છા ! ''

સાંજનો સમય છે. કુદરતે આકાશમાં જાતજાતના રંગો પૂર્યા છે. પ્રસન્નના પિતા ગદ્દાધર બંગલાના કમ્પાઉન્ડમાં બગીચામાં આરામખુરશી નાખી બેઠા છે. એવામાં પ્રસન્નનો મિત્ર ત્યાં આવે છે. ગદ્દાધર તેને આવકારતાં કહે છે : આવ, આવ રાજેશ, આજ તો ઘણા વખતે ? શું પ્રવૃત્તિમાં પડી ગયો છે ?

રાજેશ : ના, ના ખાસ તો કંઈ નહીં. પરંતુ બાપુજી ! આજ હું એક ખાસ વાત આપને કહેવા આવ્યો છું.

ગદ્દાધર : હા, હા કહેને ઘણી ખુશીથી અને નોકરને રાજેશ માટે ચા બનાવી લાવવા કહે છે.

રાજેશ : બાપુજી ! પ્રસન્ન બી. એ. થઈ ગયો. નોકરીએ પણ લાગી ગયો. હવે તેનું કંઈક કરવું જોઈએ.

ગદ્દાધર : જરૂર, જરૂર. મારી પણ એ જ ઈચ્છા છે. પરંતુ પ્રસન્ન મને વાત કરે ત્યારેને.

રાજેશ : એ તો વાત કરતાં જરા શરમાય તો ખરો ને ! વડીલો પાસે એમ સીધી જીભ કયાંથી ખૂલે ! બાકી તો તે મને આ બાબત આજે જ વાત કરતો હતો કે સસ્મિતા પણ સંમત છે.

એટલામાં ચા આવે છે અને ગદ્દાધર રાજેશને આપતાં કહે છે : લે ત્યારે, મોં મીઠું કરી લે. હું આજે રાત્રે જ સસ્મિતાનાં પિતા પાસે જઇને આવતી અખાત્રીજનાં જ લગ્ન નકકી કરી લાવું છું.

રાજેશ : તો તો બાપુજી બહું સારું ! મને પણ પ્રસન્નની જાનમાં જવાની બહૂ હોંશ છે.

આ સમાચાર રાજેશ, પ્રસન્ન અને સસ્મિતા બન્નેને જઇને આપે છે અને મીઠી મશ્કરી પણ કરી લે છે.

અખાત્રીજ નજીક આવે છે અને લગ્નની બધી તૈયારીઓ થવા લાગે છે. એમ કરતાં કરતાં લગ્નનાં મધુર શોણલાં સેવતાં સેવતાં અખાત્રીજ પણ આવી પહોંચે છે. પ્રસન્ન દુલ્હાના વેશમાં ઓર દીપી ઉઠે છે. દુલ્હો લગ્નમંડપમાં બિરાજે છે. બહાર બેન્ડ વાગતાં હોય છે. બેન્ડના અવાજમાં પણ પ્રસન્ન અને સસ્મિતાને ઉભયના અવાજ સંભાળય છે અને ભાવિનાં શોણલાં આવવા લાગે છે. 'કન્યા પધરાવો સાવધાન' નો પોકાર થાય છે. કન્યા પધરાવવામાં આવે છે. સસ્મિતા અને પ્રસન્ન ત્રાંસી નજરે એકબીજાની સામું જોઇ મરકે છે. લગ્નપ્રસંગ ખૂબ ધામધૂમથી ઊજવાય છે અને સસ્મિતા પતિગૃહે સિધાવે છે.

મિત્રમંડળની ફરી પાર્ટી યોજાય છે અને અભિનંદન સાથે મિત્રમંડળની પહેલી પાર્ટી વખતની અભિલાષા પરિપૂર્ણ થાય છે.

પ્રસન્ન અને સસ્મિતા લગ્નજીવન ખૂબ આનંદથી વ્યતીત કરી રહ્યા છે. કોઇને કોઇ વાતનું દુઃખ નથી. ચકોર અને ચકોરીની જેમ એકબીજાને એકબીજા વિના જરા ચાલતું નથી. પ્રસન્નની તબિયત જરા નરમ જણાય તો સસ્મિતાનું મન ઉદાસ થઇ જાય અને સસ્મિતાની તબિયત જરા નરમ જણાય તો પ્રસન્નનું મન ઉદાસ થઇ જાય. આમ એક પછી એક દિવસો પસાર થતાં થતાં બે વર્ષ કયાં પસાર થઇ ગયાં તેનો પણ ખ્યાલ રહ્યો નહીં.

શરદપૂર્ણિમાનો શશી પૂર્ણ કળાએ પ્રકાશ્યો છે. રૂની પૂણી શાં સફેદ વાદળો આકાશમાં આમથી તેમ જાણે કે સાતતાલી ના રમતાં હોય તેમ દોડા-દોડી કરી રહ્યા છે અને કોઇ વખત તો પોતાની રમતમાં મશગૂલ વાદળો,

ચાંદામામાને પણ થોડીવારને માટે ઢાંકી દે છે. બાગમાંથી રાતરાણીનાં ફૂલની સુમધુર સોડમ આવી રહી છે. એવા સમયે પ્રસન્ન અને સસ્મિતા પોતાના ઘરની અગાશી પર ચાંદનીમાં સ્નાન કરતાં બેઠા છે અને કોલેજ જીવનનાં સંસ્મરણો તાજા કરે છે. તેમાં પ્રસન્ન એકાએક બોલે છે.

પ્રસન્ન : સસ્મિ ! હવે તારો મારા પ્રત્યેનો પ્રેમ જરા ઓછો થઇ જશે એમ મને લાગે છે, ખરું ને ?

સસ્મિા : એવું શું બોલતા હશો. શા માટે પ્રેમ ઓછો થાય ?

પ્રસન્ન : જાણે સાવ નાની કીકલી તે ખબર નહીં હોય ! એ તો પાંચ છ માસ બાદ નવું મહેમાન આવશે એટલે આપોઆપ ખબર પડશે કે પ્રેમમાં ભાગ પડે છે કે નહીં !

સસ્મિતા શરમાઇ જાય છે અને કંઇ જવાબ આપતી નથી.

પ્રસન્ન : કાં હવે દે ને જવાબ, કેમ મૂંગી થઇ ગઇ. ?

સસ્મિતા : શું જવાબ આપું ? તમારે તો હાલતાં–ચાલતાં એની એ વાત.

આમ આવા સુમધુર મજાકભર્યા દિવસો પસાર થતા જાય છે અને જાણે કે આવા સુખી સંપીલા જીવનપર કુસંપની વક્રદષ્ટિ ન પડવાની હોય તેમ એક પ્રસંગ બને છે.

**********************

સસ્મિતાની સ્કૂલમાં એક સુવિખ્યાત સમાજસુધારકનું વ્યાખાન ગોઠવાય છે. વિષય છે ' સ્ત્રી સમાન હક્ક'. સમાજસુધારક એવા દાખલા દલીલ અને જોશીલી બાનમાં બધું સમજાવે છે કે, ભલ–ભલાં ના મન ઉપર તેની અસર થઇ જાય. તેઓના વ્યાખ્યાનના મુખ્ય મુદા આ હતા : (૧) સ્ત્રીઓએ હવે પુરુષની દાસી ન બની રહેતાં સમાન હકક માંગતા શીખવું જોઇએ, (૨) સ્ત્રીઓએ હવે રસોડામાં ન ગોંધાઇ રહેતાં આઝાદ બનવું જોઇએ ને રાંધણ કળા પુરુષોને પણ શીખવવી જોઇએ, (૩) સ્ત્રીઓએ હવે પુરુષોની આજ્ઞા ઉઠાવવામાં જ ગૌરવ ન લેતાં સ્વમાની બનતાં શીખવું જોઇએ, (૪) જો સ્ત્રીઓ પુરુષોની સેવા કરે તે પુરુષોએ પણ સ્ત્રીઓની

સેવા કરવી જોઇએ, વગેરે વગેરે.

સસ્મિતાના મનમાં આ વાત બરાબર ઊતરી ગઇ અને તેણે તેનો અમલ પણ તુરત જ કરવાનું વિચારી લીધું.

પ્રસન્ન સાંજે ઘરે પાછો ફરે છે ત્યારે રોજની માફક પ્રેમથી સસ્મિતા પાસે પાણી માંગે છે. સસ્મિતા હાથે પાણીભરી લેવાનું કહે છે પ્રસન્નને કંઇ વાતની ખબર નથી. તે તો પોતાના હાથે પાણી લઇ મોં સાફ કરી પી લે છે.

પ્રસન્ન : સસ્મિ ! શું આજ તારી તબીયત બરાબર નથી ?

સસ્મિતા : બરાબર છે.

પ્રસન્ન : તો પછી આજે આમ કેમ બોલે છે ?

સસ્મિતા : તમારી માફક હું પણ નોકરી કરું છું છતાં હું તો સાંજે આવીને મારા હાથે જ પાણી ભરી લઉ છું. તો તમે શા માટે ન ભરી લો !

પ્રસન્ન : આવું કયાંથી શીખી ?

સસ્મિતા : ગમે ત્યાંથી. બાકી પુરુષો બધા સ્ત્રીઓને ગુલામ જ રાખવામાં સમજયા છે.

પ્રસન્ન તો આ બધું સાંભળીને ડઘાઇ જ ગયો. તે તો વિચાર જ નથી કરી શકતો કે સસ્મિતા આ શું બોલે છે. તે તરંગે ચડે છે.

' શું પાણી આપવામાં ગુલામ થઇ જવાતું હશે ? શું આપણે વડીલોનું કહ્યું નથી કરતા ? પિતા અને પુત્ર બન્ને નોકરી કરતા હોય છતાં પિતા નોકરીએથી આવ્યા બાદ પુત્રને કામ ચીંધે તો શું તે કરવામાં પુત્ર ગુલામ થઇ જાય છે ? તેમજ જો મોટાભાઇ, નાનાભાઇને કાંઇ કામ ચીંધે તો તેમાં માલિક અને ગુલામનો સંબંધ થઇ જતો હશે ? શું સ્ત્રીઓએ પોતાના પતિને માલિક તો નહીં : પરંતુ વડીલ તરીકે પણ નહીં ગણવો જોઇએ ? તેમાં શું ગુલામી આવી જતી હશે ? જો સમાજમાં આમ જ બનવા લાગશે તો તો આખી સમાજ વ્યવસ્થા જ ખોરવાઇ જશે '. આમ તે કંઇક વિચાર કરી નાખે છે.

બીજા દિવસની સવાર પડે છે. સસ્મિતા રાંધવા માંડે છે અને પ્રસન્નને પણ તેમાં મદદ કરવાનું કહે છે અને જો મદદ ન કરવી હોય તો લોજમાં જવાનું

સુણાવી દે છે. આમ દરેક વાતમાં સસ્મિતા પોતે ગુલામ નથી એમ પ્રસન્નને બતાવવાનો પ્રયત્ન કરે છે અને આમ ધીમે ધીમે પ્રેમના પ્રવાહમાં ઓટ આવવા લાગે છે.

આમ દિવસો પર દિવસો પસાર થવા લાગે છે અને એક આનંદનો પ્રસંગ પણ બને છે. પ્રસન્નને ત્યાં ઘોડિયું બંધાય છે. પુત્ર તો એટલો સુંદર છે કે જોતાં પણ સવા શેર લોહી ચડી જાય. પુત્ર ત્રણેક માસનો થાય છે. પ્રસન્નને તો ફકત હવે પુત્ર દ્વારા જ આનંદ મેળવવાનો રહ્યો છે. સસ્મિતાના મગજ પર તો માની લીધેલ આઝાદીનું ભૂત સવાર થઇ ગયું છે. હવે તો પુત્રની દેખભાળમાં પણ ભાગ પડે છે. આમ છતાં પ્રસન્ન બધું મૂંગે મોંએ સહન કરે છે અને કોઇ કોઇ વખત પોતાના દિલોજાન દોસ્ત રાજેશ પાસે પોતાનું દુઃખ વ્યકત કરે છે. રાજેશ પણ સસ્મિતાને સમજાવવા પ્રયત્ન કરે છે. પરંતુ બધું વ્યર્થ.

એ દિવસ પણ આવે છે, સસ્મિતા પ્રસન્નથી છૂટાછેડા મેળવે છે અને બીજા શહેરમાં જઇ સ્વતંત્ર જીવન ગુજારવા લાગે છે. પ્રસન્ન પણ છૂટકારાનો દમ ખેંચે છે. સાથોસાથ મનમાં દુઃખ પણ અનુભવે છે અને પ્રભુને સસ્મિતાને સદ્બુદ્ધિ અર્પવા પ્રાર્થના પણ કરે છે. તેને મનમાં શ્રદ્ધા છે કે એક દિવસ જરૂર સસ્મિતા ખરી વસ્તુ સમજશે અને પાછી આવશે.

આ બાજુ સસ્મિતા માની લીધેલી, આઝાદી મેળવ્યાના આનંદથી ખૂબ ખુશ ખુશ જણાય છે તેને બધું ધન, યશ, માન, ઇજ્જત વગેરે મળે છે. પરંતુ તેને રહેતાં રહેતાં કોઇ વસ્તુની ખામી જણાવા લાગે છે. એક દિવસ તો તેને તેનો પુત્ર અવિનાશ પૂછે છે કે મારા મિત્રોને તો તેમના પપ્પા ખૂબ ખૂબ વહાલ કરે છે, તો મારા પપ્પા કયાં છે ? ત્યારે તો ખુદ પોતાને પણ પ્રસન્નનું સ્મરણ થઇ જાય છે અને તેનો પ્રેમ યાદ આવી જાય છે. પરંતુ ક્ષણિક જ. હજુ તેના પરથી માની લીધેલ આઝાદીનું ભૂત ઊતર્યું નથી. તે તરત જ કહે છે, '' અવિનાશ ! એવી વાત ન કરીએ. તારા પિતાજી તો પરદેશ ગયા છે. તે આવીને તેને ખૂબ પ્યાર કરશે અને તને હું ક્યાં ઓછું વહાલ કરું છું ?'' આમ બાળક નિરુત્તર બની જાય છે.

એક વખત સસ્મિતા માંદી પડે છે. તેની પાસે ધનની તો કોઈ કમી નથી. પરંતુ તેને તેની માંદગીમાં કોઈક વસ્તુની ખોટ સાલતી હોય તેમ જણાય છે. તેને પ્રસન્નની યાદ ખૂબ જોરથી આવી જાય છે. આગલી માંદગીમાં તેની સારવાર તે કેવા પ્રેમથી કરતો હતો તે પણ આગલા પ્રસંગો, ચિત્રપટની માફક તેના સ્મૃતિપટ પર આવવા લાગે છે તેમ તેમ તેનું હૃદય વિચારવા લાગે છે, '' શું પતિની આજ્ઞા ઊઠાવવામાં ગુલામી રહેલી છે ? શું પ્રસન્ન પણ ઘણીવાર મારું કામ નહોતો કરતો ? તો પછી મને જ એવો હલકો વિચાર કેમ આવ્યો ? તે દિવસ જયારે મેં તેને પાણી ન આપ્યું ત્યારે પણ તે મારા પર જરા સરખો પણ ચિડાયો ખરો ? ઉલટું તેણે તો મારી તબીયતના ખબર પૂછયા. ખરેખર મેં તેની સાથે અન્યાય કર્યો છે. મારે આવી આઝાદી નથી જોઈતી, જેમાં મારા પ્રસન્નનો પ્રેમ ન હોય. આઝાદીનો અર્થ એ નથી કે ફરજ પણ ભૂલી જવી. અન્યાયમાંથી મુકિત મેળવવી અને પોતપોતાની ફરજનું ભાન કરાવવું એનું નામ આઝાદી. ત્યારે મેં તો ઊલટું પ્રસન્ન સાથે અન્યાય કર્યો છે. નહીં, નહીં, હવે હું જરા પણ વધારે સમય અન્યાય ચલાવી લેવા તૈયાર નથી. આ માંદગીમાંથી ઉઠતાંની સાથે જ પ્રસન્નના ચરણોમાં પડી માફી માંગીશ અને મારા પ્રસન્નનો ગુમાવેલો પ્રેમ પાછો મેળવીશ'. આમ તે વિચાર કરતી હોય છે ત્યાં ટેલીગ્રાફ મેસેન્જર તેના નામની બૂમ પાડે છે. સસ્મિતા ઊઠીને જાય છે અને આવેલો તારા લઈ વાંચે છે. તાર પ્રસન્નના મિત્ર રાજેશનો હોય છે. તેમાં લખેલું છે, ' બની શકે તો જલદી આવો. પ્રસન્નની તબીયત ગંભીર છે અને જયારે ને ત્યારે તમને ઝંખે છે. આવો તો આભાર' સસ્મિતા વાંચતાની સાથે જ ચીસ પાડી ઉઠે છે : ' મારા પ્રસન્ન ! હું આવું છું ' અને તે તરત જ માંદી હોવા છતાં તેના પુત્રને લઈને જવાની તૈયારી કરે છે. ત્યાં પહોચતાંની સાથે જ પ્રસન્નનો અવાજ સંભળાય છે, ''સસ્મિ !'' સસ્મિતા બોલી ઉઠે છે, ''પ્રસુ !'' બન્નેનાં ઉચ્ચારોમાં પહેલાં જેવી જ મિઠાશ આવી જાય છે અને સંગમ થાય છે. સસ્મિતા પ્રસન્નના બિછાના પર જઈને પડે છે અને પ્રસન્નના માથા પર હાથ ફેરવતી ફેરવતી રડતાં રડતાં બોલે છે; ''પ્રસુ! મને માફ કરી દે. હું ફરજ ભુલી અને માની લીધેલ આઝાદી પ્રાપ્ત


કરવામાં સારાસારનો વિચાર ન કરી શકી. હું તમને દૂર રહીને વધારે સમજી શકી છું. તમારે મારા પ્રેમ સીવાય કશું જોઇતું નથી. મેં તમારા પ્રત્યે કેટલા અન્યાય કર્યા છતાં તમે મને દિલથી અળગી ન કરી. પ્રભુ મને આ પાપ માટે કદી માફ ન કરે.'' પ્રસન્ન તેનું મોં દાબી દે છે અને કહે છે, ''સસ્મિ! હંમેશાં પવિત્ર પ્રેમનો વિજય જ થાય છે. ચંદ્રપર વાદળ આવી જવાથી કંઇ તે પ્રકાશ આપતો બંધ થઇ જતો નથી ; પરંતુ વાદળ દૂર થતાં જ વધારે શીતળ પ્રકાશ ફેલાવે છે. આપણા પ્રેમ પર વાદળ આવી ગયેલ. જે દૂર થતાં આપણો પ્રેમ ઓર નિર્મળ થઇ ગયો. એમાં તારો કોઇ દોષ નથી. તે તો વિધિનો ખેલ'. એવામાં અવિનાશ ત્યાં આવે છે. અવિનાશને સસ્મિતા ઊંચકી લે છે અને પ્રસન્નની ઓળખાણ કરાવે છે. અવિનાશ 'પપ્પા' કહીને તેને વળગી પડે છે. પ્રસન્ન તેના ડાબા ગાલ પર બચી ભરે છે. ત્યાં તો અવિનાશ બોલી ઉઠે છે; ''પપ્પા ! એ ગાલ તો મમ્મી માટે છે. આ જમણો ગાલ તમારા માટે છે ''. પ્રસન્ન ખૂબ ખૂબ ખુશ થઇ, તે ગાલ પર બચી ભરે છે. પ્રસન્ન અને સસ્મિતા, બન્નનો રોગ કયાંય ચાલ્યો જાય છે. તેમને તેમની ખરી દવા મળી ગઇ.

પ્રસન્ન સસ્મિતાને પૂછે છે ;

''સસ્મિ ! આ સ્ત્રીપુરુષ અન્યોન્યપૂરક છે કે પ્રતિસ્પર્ધી ?'' સસ્મિતા શરમાઇ જાય છે. પરંતુ રાજેશ જે બારણા પાસે ઊભેલો હતો તે તેનો ઉત્તર આપે છે; ''અન્યોન્યપૂરક.''બધા હસી પડે છે. ફરી પાછો બંગલો કિલોલતો થઇ જાય છે.

**(લખ્યા તા. ૧૫/૦૯/૧૯૫૬)**

_____************************_____



# (૧૬) રાજાશાહીની જામનગરને ઉત્તમ દેન : 'રણજિત સાગર'.



(એક ગાથા : ' ગંગા સાગર'નું ' રણજિત સાગર' કેમ થયું ?)

જામનગરને જામ શ્રી રણજિતસિંહજી : 'પ્રિન્સ રણજી :' એ તેઓશ્રીના શાસનકાળ ૧૯૩૩ સુધીમાં અનેકાનેક ઉત્તમોતમ ભેટ પ્રદાન કરેલી છે, તે માંહેની જ આ પણ એક ભેટ, તે 'રણજિત સાગર'.

પ્રારંભમાં આનું આયોજન તેઓશ્રીના શાસનકાળમાં જ તેઓશ્રીના પરમ મિત્ર એવા બિકાનેર (રાજસ્થાન) ના નરેશ શ્રી ગંગાસિંહજીના હસ્તે શિલારોપણ વિધિ દ્વારા તેઓશ્રીના નામ પરથી 'ગંગાસાગર' ના નામાભિધાન સાથે થયેલું. પરંતુ બાદમાં આનું નામ સને ૧૯૩૪ થી ૧૯૩૯ દરમ્યાન જામ શ્રી દિગ્વિજયસિંહજીના રાજયશાસનમાં રૂપિયા ૨૦ લાખના ખર્ચે બાંધકામ પૂર્ણ થયા બાદ શા માટે તેનું નામ બદલીને 'રણજિત સાગર' રાખવામાં આવ્યું, તેની એક ગાથા છે, જે અત્રે પ્રસ્તુત છે :–

બ્રિટિશ શાસનકાળમાં હિન્દુસ્તાનના મોટા ગજાના રાજવીઓનું એક મંડળ 'નરેન્દ્ર મંડળ' નામે બ્રિટિશ હાકેમોની દેખરેખ હેઠળ ચાલતું અને નકકી થયા મુજબ સમયે સમયે તેની બેઠકો હાલના સંસદભવનની ઈમારત (આનું સર્જન પણ આવા મોટા ગજાના રાજવીઓના આર્થિક ભંડોળ દ્વારા જ કરવામાં આવેલું) માં મળતી અને આ ઈમારત 'પ્રિન્સીસ ચેમ્બર' 'PRINCES CHAMBER' નામે ઓળખાતી, જેમાં મોટા ભાગે બ્રિટિશરો વિરોધી સૂર ન ઊઠતો.

આવા સમયે જામ શ્રી રણજિતસિંહજી આ 'નરેન્દ્ર મંડળ' ના એક વખત પ્રમુખ બન્યા અને તેની એક બેઠક વેળાએ તેઓશ્રીએ પ્રમુખદીય ભાષણમાં ત્યાં ઉપસ્થિત રાજવીઓને બ્રિટિશરો વિરૂદ્ધની એક વાત ચેતવણીના સૂરમાં કરવાની શરૂઆત કરી (આ અંગે એવી માહિતી સાંપડી કે એ સમયના અખંડ હિન્દુસ્તાનના સર્વ રાજવીઓનું આ સંયુકત માળખું, તે સમયની આઝાદીની લડતમાં કયાંક બળ પૂરે તેવું શકિતશાળી બની જવા પામે તો, તેવા ડરથી પ્રેરાઈને જ, ત્યારના બ્રિટિશ હોકેમોએ તેઓની આગવી કુટિલ ચાલ અનુસાર આ શકિતશાળી 'નરેન્દ્ર મંડળ' નું ધર્મ આધારિત બે મુખ્ય કોમો : હિન્દુ– મુસ્લિમ : વચ્ચે વિભાજન કરવાના ષડયંત્રનો પ્રારંભ કરેલો એટલે કે 'હિન્દુ નરેન્દ્ર મંડળ' ને 'મુસ્લિમ નરેન્દ્ર મંડળ'. આ વિશે જ શ્રી રણજિતસિંહજી પોતાના વ્યકતવ્યમાં ચેતવણીનો સૂર વ્યકત કરવા જતા હતા).

આ દરમ્યાન જ સ્વાભાવિકપણે બ્રિટિશરોથી ભયભીત હોય જ તેવા રાજવીઓ માંહેના એક શ્રી રણજિત જામના પરમ મિત્ર એવા બિકાનેરના રાજવી શ્રી ગંગાસિંહજીએ વચ્ચે અવરોધ કરીને વિરોધ દર્શાવતા બોલવા લાગ્યા કે આ વિચારો શ્રી રણજિતસિંહજીના અંગત વિચારો લેખવામાં આવે અને તેને પ્રમુખપદીય ભાષણ ન ગણવામાં આવે. આથી ઉપસ્થિત બ્રિટિશ હાકેમોએ તેઓશ્રીનું ભાષણ અધવચ્ચેથી અટકાવીને પુરું કરાવ્યું, જેનો શ્રી રણજિતસિંહજી ને તીવ્ર આઘાત લાગ્યો અને બાદ તેઓ નિરાશામાં જ જીવન વ્યતીત કરવા લાગ્યા અને થોડા સમયમાં જ નિધન પામ્યા.

ઉપર દર્શિત ચાલના ગંભીર પરિણામોની ગંધ શ્રી રણજિતસિંહજીને અગાઉથી આવી ગયેલી અને તેથી જ સ્તો તેઓશ્રીએ તેના ભયસ્થાનોથી સર્વ રાજવીઓને વાકેફ કરવાની પોતાની પ્રમુખ તરીકેની ફરજ સમજીને જ આ ભાષણમાં તે વાતનો હિંમતભેર ઉલ્લેખ કરવાની શરૂઆત કરેલી, જે ભાષણ અધવચ્ચેથી જ બંધ કરાવાતાં તેઓની મનની મનમાં જ રહી ગઈ.

કહે છે કે, શ્રી દિગ્વિજયસિંહજીએ ગાદીનશીન થયા બાદ, આ કિસ્સાની જાણકારી થતાં અત્યંત દુઃખી અને ક્રુધીત થઈને, પહેલાં અપાયેલા આ 'ડેમ'નું નામ બદલીને 'રણજિત સાગર' નામ રાખીને જ તેની ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન કરી.

**(લખ્યા તા. ૦૯/૦૩/૨૦૦૧, શુક્રવાર)**

_____*********************_____

# (૧૭) શોણિત યા શરાબ ??

## (એક પાત્ર અભિનીત નાટિકા)

(પડદો ખૂલે છે ; ને એ સાથે જ દશ્યને અનુરૂપ આધુનિક પશ્ચિમી પાર્શ્વસંગીતની ધમાચકડી બોલે છે. થોડીપળો બાદ પાર્શ્વસંગીત ધીમું પડે છે ; ને ધીમા પડેલા એ સંગીતમય વાતાવરણમાં, એક આધુનિક વેશભૂષામાં સજ્જ યુવક, આધુનિક લચકતીને ધીમી ચાલે, એક હાથમાં સિગારેટનું પાકીટ, મોંમાં પાનને બીજા હાથમાં ફિલ્મી ચોપાનિયા સહિત અભ્યાસક્રમની એક ફાટેલ તૂટેલ હાલતની કિતાબ સાથે, 'મેરે સામનેવાલી ખિડકીમાં એક ચાંદકા ટૂકડા રહેતા હૈ' વાળી ફિલ્મી ગીતની પંક્તિ ગણગણતાં, ગણગણતાં, સ્ટેજ પર પ્રવેશ કરે છે)

(એ પાત્રનું ચાલતાં ચાલતાં  જરા અટકી જઈને, સહેજ કંટાળાજનક સ્વરે સ્વગત બોલવું)

''અરે ! આતે કંઈ સાલી જિંદગી છે; ફરી પાછી પરીક્ષા આવીને ઊભી રહી ગઈ ; વાંચવું તો પણ કેટલુંક ! આપણે તો બંદા વાંચવાના જ નહીંને ! આપણે તો અત્યાર સુધી પાસ થતા આવ્યા છીએ, તેમજ પાસ થવાના. છોને પરીક્ષકથી થાય તે કરી લે. પરીક્ષામાં ચોરી કરવામાં નિરીક્ષક જરાકેય આડો ચાલ્યો ; તો સાલાની બરાબર ધોલાઈ કરાવી નાખીને સદાને માટે સીધો દોર જ કરાવી નાખવાનો ; જોઈ છે અમારી ગેંગ ને જોયા છે અમારા 'બોસ' ને !''

(આટલું બોલી ; થોડું અટ્ટહાસ્ય કરી ; ફરી સ્વગત બોલવું ચાલુ રાખવું.)

''ચોરી કરીને પાસ થવું; ને અમારી આડે આવતી ગમે તેવી ચમર–બંધી વ્યકિતને પણ કોઈપણ માર્ગે સીધો દોર કરી નાખવી ; એ તો અમારે જન્મસિદ્ધ અધિકાર છે ; ઉપરવાળાએ બરાબર સમજી વિચારીને જ અમારો જન્મ આ દેશમાં ખૂબ ખૂબ મોજમજા માણવા માટે જ કર્યો છે ; છે કોઈનીયે મજાલ અમારી આડે ઊતરવાની !'' (ફરી અટ્ટહાસ્ય).

(એકાએક ચોંકી ઉઠવાના ભાવ સાથે, અટ્ટહાસ્ય થંભી જવું અને સામી દિશા તરફ નજર નોંધેલી રાખીને, મોંપર ખુશાલીના ભાવ સાથે, આધુનિક રીતભાત મુજબનો બુચકારાનો વિચિત્ર અવાજ કરીને બોલી ઉઠવું.)

'અ હા હા.. છેને.. કંઇ ચીજ ! એ.. એ.. એય.. એક નજર ઇધર ભી...' (એકાએક આટલું બોલતાં જ, મોં પર ક્ષોભ અને ભોંઠપ અનુભવાતી હોય ; તેવા ભાવ ઉપસી આવવા અને પાત્રનું ઝડપથી ઊલ્ટી દિશામાં ફરી જવું અને એ સાથે જ, એ જ ભાવ સહિત સ્વગત બોલી ઉઠવું.)

" અરેરે.. ભારે થઇ.. હવે શું થશે.. થાપ ખવાઇ ગઇ.. ઉતાવળ થઇ ગઇ.. એ તો 'પારેખ ચાચા' ની જ સુપુત્રી નીકળી પડી.. અરેરે.. હવે શું થાય.. તેણીએ આ મારો પ્રલાપ સાંભળ્યો તો નહીં હોય ને ! "

(એકાએક પાત્ર દ્વારા બોલતાં અટકી જવું અને ઝડપથી એ જ અવસ્થામાં બન્ને હાથે પોતાનું મોં થોડી ક્ષણો માટે ઢાંકી રાખવું ; ને બાદમાં થોડીક ક્ષણો બાદ, મોં પરથી હાથ હઠાવી લઇને, જાણે કે પોતે પુનઃસ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી હોય; એવા ભાવ સાથે એનું પુનઃ સ્વગત ઉચ્ચારવું)

" ચાલ... જીવ.. ચાલ, એમાં શું મૂંઝાઇ ગયો ; એવું ડરપોકપણું તને શોભે ખરું કે ! જે થશે તે જોયું જશે. આઝાદીકાળની હવા ફેંફસામાં ઠાંસી ઠાંસી ભરનારા તારા જેવાઓએ, એમ તે કંઇ ગુલામીકાળના જીવોની જેમ ઢીલાઢફ પડી જવાતું હશે ! આ તો આધુનિક સમાજ છે ; એમાં તો બધું જ ચાલે ; તિતલીઓની છેડછાડમાં જ તો આધુનિકતા સમાયેલી છે ને ! "

(આટલું બોલી સહેજ અટકી, પુન : કંઇક વિચારતા આવતાં, તે સ્વગત બોલવા લાગે છે.)

" ચાલ.. જીવ.. ચાલ.. પિકચરમાં બેસી જઇએ, રંગત આવી જશે. એકએકથી ચડિયાતી એવી આધુનિક ફેશનેબલ યુવતીઓના સાન્નિધ્યમાં ત્યાં થિયેટરમાં મન પ્રફુલ્લિત થઇ ઊઠવાનું ; વળી પિકચર પણ કેટલું 'ટોપ' લાગ્યું છે ; જાણે કે પરીઓના દેશની જ સફર હોંકે ! બધો જ ગમ ગાયબ, ચાલ.. જીવ.. ચાલ.. ! "

(આટલું બોલી સ્ટેજ પરથી પાત્રનું સામી વિંગમાં ચાલ્યા જવું અને પાત્રની થોડી ક્ષણોની એ અનુપસ્થિતિમાં, એ સમયને અનુરૂપ પશ્ચિમી પાર્શ્વસંગીતની સૂરાવલીઓનું ત્યાં રેલાવું ; બાદમાં થોડી ક્ષણો વિત્યે, પાત્રનું ત્યાં સ્ટેજ પર ખુશ ખુશાલ હાલતમાં પુનઃ આગમન થવું ; ને ઉત્સાહિત સ્વરે ફરીને તેનું સ્વગત બોલવું.)

" અહાહા... શી મજા પડી ગઈ પિકચરમાં ; બધો જ ગમ ગાયબ; સાલું જીવનમાં મોજમજા સિવાય માણવાનું યે શું છે બીજું ! આપણે તો ભાઈ, સવારે એ ય ને મોડેથી ઊઠીને છેક મધરાતે સૂવા ભેળા થઈએ ; ત્યાં સુધી બસ મજા – મજાને મજા જ કરવાની હોંકે ! આપણી દિનચર્યાના વિચાર માત્રથી જ તો મન આનંદથી નાચી ઊઠે છે. ઊઠીને તુરત જ 'બેડ – ટી', બાદમાં મોંમાં લિજ્જતદાર મસાલો ભરીને ચાવતાં, ચાવતાં, ટેપ રેર્કર કે રેડિયો ચાલુ કરીને સંગીતમય વાતાવરણમાં મસ્તીથી ઝૂમવું. બાદમાં મન લાગે ત્યારે બ્રશ, એ બાદ ફરી પાછું 'ટી' સાથે "બ્રેક ફાસ્ટ", એ પછી એ ય ને મોજથી 'ટોયલેટ' વગેરે પતાવી, સ્કુટર લઈને બહાર લટાર મારવા નીકળી પડવાનું. તે છેક ઘરે જમવા આવતાં સુધીમાં "ફ્રેન્ડ સર્કલ" સાથે 'તીનબત્તી ચોક' માં હોટલ નજીક એકઠા મળી, ચા–પાન–સિગારેટ વગેરેને ન્યાય આપતાં આપતાં, ટોળટપ્પા મારવાનાં. એમાંય તે કોઈ 'પરી ' નજરે પડી જાય ; તો તો એની છેડછાડ કરવામાં વળી ઓર જ મજા પડી જાય.

કોલેજમાં ધિંગામસ્તીને પ્રોફેસરો વગેરેની ઠઠ્ઠામશ્કરી જેવો અનેરો આનંદ લૂંટવા, બપોરના સમયે ત્યાં પણ અચૂક હાજર થઈ જવાનું, હોં કે !

ફરી સાંજ ઢળતાં જ, કોલેજથી સીધા જ મિત્રમંડળ સાથે સ્કૂટરો દોડાવીને, એ જ 'ત્રણબત્તી ચોક' માં પહોંચી જવાનું ; ને ફરી પાછા હોટેલ નજીકના અમારા મોજમજાના એ જ સ્થળે 'વહી રફતાર'.

રાત્રિ પડતાં જ બારોબાર જમવાનું પતાવી દેવાનું અને ફરી મિત્રમંડળી સાથે જ રંગરેલિયાં મનાવવા તેમજ હાથનો કસબ અજમાવા, કોઈક આધુનિક કલબ તરફ પ્રયાણ કરવાનું. ત્યાં તો 'પેગ' પર 'પેગ' ચડાવતાં ને સુંવાળો સહચાર માણતાં માણતાં, વળી ઔર જ રંગત આવી જાય.

આવી આ મોજમજાની જિંદગી જીવતાં જીવતાં, કોઈકવાર તો ભગવાન પર પણ રોષ આવી જાય છે ; કે તેણે શા માટે આટલો ટૂંકો ફકત ચોવીસ જ કલાકનો દિવસ સર્જ્યો ? આથી તો અમારી મોજમજામાં કેટલો બધો કાપ નડે છે; એની એને કશી ખબર પડે છે ખરી ? એક વખત પણ જો એનો રૂબરૂ ભેટો થઈ જાયને ; તો તો તેની.. " (પાત્ર દ્વારા પુરું બોલાય રહે ; એ પહેલાં તો

નેપથ્યમાંથી એક સામટા બે – ત્રણ વિષાદપૂર્ણ અવાજો ઊઠતાં સંભળાય છે.)

" બાપુ... બાપુ... બાપુજી... "

(આ અવાજો સંભળાતાં જ પાત્રની વિચારધારાનો ભંગ અધવચ્ચે જ થવા પામે છે; ને તે વિસ્ફારિત નયને એ જ દિશામાં એકધ્યાન બનીને તાકી રહે છે.)

" અરે ! એ કોણ બોલે છે, ભાઈ ? એક સામટા આ અવાજોથી હું ગૂંચવાઈ જઉં છું; કંઈક તમારી ઓળખાણ તો આપો ". વાતાવરણમાં એક મૃદુ સ્વર ઊઠ્યો.

" બાપુજી, એ તો હું ભગતસિંહ; હું સુભાષ ને હું વલ્લભ, બાપુ ! " વારાફરતી ત્રણ ખૂમારીભર્યા અવાજો ગૂંજી ઉઠયા.

" બોલો, બોલો પ્યારોં ! કેમ ક્ષેમ કુશળ તો છો ને ! " ફરી એ મૃદુ સ્વર ગુંજયો.

" હા, બાપુ ! અમે તો સૌ ક્ષેમકુશળ જ છીએ; અંગત અમને કોઈ જ બાબતનું દુઃખ નથી ; પરંતુ એમ છતાં અમને ઘેરો વિષાદ ઘેરી વળ્યો છે અને તેનું નિવારણ પણ હવે આપ સિવાય અન્ય કોઈથી થઈ શકે તેમ પણ રહ્યું નથી ". પ્રત્યુત્તરમાં એક ગ્લાનિપૂર્ણ અવાજ ઊઠ્યો.

" અરે, તમે લોકો આમ આટલા બધા વ્યગ્ર કેમ દીસો છો ? તમને કયો વિષાદ કોરી ખાય છે ? વિષાદ તમને લોકોને ઘેરી વળે ; એવાં તો કોઈ જ કૃત્યો તમોએ ત્યાં પૃથ્વી પર કયારેય કર્યાં જ નથી. તમારા અવાજોમાં આમ 'સિંહબાળ' ની 'ગર્જના' ને સ્થાને 'બાકર બચ્ચાંઓ' ની 'બેં.. બેં..' જેવી ઢીલાસ શેં વર્તાય છે ! બોલો, બોલો, ચુપ શાને થઈ ગયા છો ? " (વાત્સલ્યભર્યા આ અવાજના અનુસંધાને પુનઃ નેપથમાં એક સામટા, દીર્ઘ નિઃશ્વાસોપુર્ણ અવાજો ઊઠે છે.)

" બાપુ.. બાપુ.. હવે નથી સહેવાતું; માં – ભારતી પર ત્યાં પૃથ્વી પર થતો એ બધો અત્યાચાર જોયો જતો નથી ".

" મારા બહાદુરો ! વિષાદ ત્યજો ને દિલ ખોલીને વાત કરો. તમે બધાં તો માં – ભારતીના પનોતા પુત્રો છો ; તમને વિષાદ રહે, તો તો માં ભારતીને પણ કયાંયે ચેન ન પડે. માટે જલ્દી બોલો, તમને કયા અત્યાચારો આમ આટલા બધા અસ્વસ્થ બનાવી મૂકે છે ? " પુનઃ નેપથ્યમાં આદ્ર સ્વર ગૂંજી ઊઠયો.

''બાપુ.. જુઓ.. જુઓ, પૃથ્વી તરફ જરા નજર ઠેરવો ! આપણી માં – ભારતી પર ત્યાં કેવા કેવા અત્યાચારો થઈ રહ્યા છે ! '' નેપથ્યમાં એક દુઃખભર્યો અવાજ ઊઠયો.

'' બાપુ ! એ પણ આપણાં જ દેશ બાંધવો દ્વારા જ. જુઓ... જુઓ... બાપુજી ! તે પેલો ભાન ભૂલેલો, નશામાં ચકચૂર, માનવાના રૂપમાં શેતાન, કેવો નાચી રહ્યો છે ; આપે સાંભળ્યાને એના લવારા, બાપુ ? '' એક વ્યથામિશ્રિત ગુસ્સા ભર્યો અન્ય અવાજ ગાજી ઊઠયો.'

(એના જ અનુસંધાને વળી એવો જ અન્ય ત્રીજો અવાજ પણ નેપથ્યમાં ગાજી ઊઠયો.)

'' આવા તો અનેક નરાધમો, નરપિશાચો હાલ ભારતમાં ઠેર ઠેર નગ્ન નૃત્યો કરી રહ્યા છે, બાપુ ! આવા આ નશામાં ચકચૂર, ભાન ભૂલેલા નપુંસકો વડે આપણી આ માં – ભારતીની ઈજ્જતનું રક્ષણ કેમ કરીને થશે ! અમને મોટામાં મોટું દુઃખ તો એ જ વાતનું છે : કે અમે સદેહે ત્યાં માં – ભારતીની અવદશામાં મુકિત કાજે, જઈ શકતા નથી અને અમારે અહીં બેઠાં નાઈલાજે, નિઃસહાય દશામાં એની અવદશા નિહાળવી પડે છે. આજ ત્યાં જાણે કે માં – ભારતીના કપાતર પુત્રોની નસોમાં શોણિતનું સ્થાન શરાબે લઈ લીધું હોય ; તેવું દીસે છે. શું હવે કયારેય માં – ભારતીને, એની ઈજ્જતની રક્ષા કાજે, જરૂર પડયે અસ્ખલિત શોણિત વહાવતી નસોધારી પનોતા પુત્રો નહીં સાંપડે ! શું માં – ભારતીનો છુટકારો આ અવદશામાંથી કયારેય નહીં થાય, બાપુ ! ''.

(પુનઃ પ્રથમ અવાજ નેપથ્યમાં દેશાભિમાનથી સભર રણકી ઊઠયો.)

'' બાપુ ! એ જમાનો હતો ; જયારે આપણા દેશમાં સોય જેટલી નાનકડી ચીજ પણ ન બનતી. ત્યારે આપણે ત્યાં સ્વદેશીની અહાલેક જગાડાતી ; આ જ જયારે આપણો દેશ વિમાન જેવી મોટી મોટી ચીજો બનાવતો થઈ ગયો છે ; ત્યારે આજ ત્યાં જુઓ તો ખરા બાપુ ! દાણચોરી દ્વારા પણ પરદેશી ચીજો મેળવવાની કેટલી બધી ઘેલછા જામી છે ! ''.

'' આજ જયારે વિશ્વમાં તેલ વધુને વધુ મોંઘું થતું જાય છે. તેમજ તેની અછત સર્જાતી જાય છે, ત્યારે ભારત જેવા ગરીબ દેશે તો તેનો વપરાશ બની

શકે તેટલો વધુમાં વધુ ઘટાડી, એ દ્વારા આર્થિક બચત કરી, અપૂરતું પોષણ મેળવતા એવા નાગરિકો માટે તેનો સદુપયોગ કરવો જોઇએ, ત્યારે હાલ ત્યાં જુઓ તો ખરા, તેના યુવાધન દ્વારા ધ્યેયવિહીન રીતે મોટરગાડીઓ અને સ્કૂટરો દોડાવી દોડાવી, તેનો કેટલો બધો દુરુપયોગ થઇ રહ્યો છે ; બાપુ ! ''.

'' સ્વદેશી ભાષા હિન્દી પ્રત્યે નફરતને વિદેશી ભાષા અંગ્રેજી પ્રત્યેના વ્યામોહમાંથી કેટકેટલાં તોફાનો અવારનવાર ફાટી નીકળીને, આજ ત્યાં જુઓ તો ખરા, માં – ભારતીના દેહપર કેટકેટલા ઉઝરડાઓ પાડવામાં આવ્યા છે ; બાપુ ! ''

''આજ આઝાદ ભારતનું યૌવનધન, દિન–પ્રતિદિન કેટલું બધું વ્યસનોના વમળમાં ફસાતું જઇને માનસિક ગુલામીની જંજીરોમાં જકળાતું જાય છે. આવું માંદલું યૌવનધન માં ભારતીની આઝાદીનું જતન કયાં સુધી કરી શકશે, બાપુ ?''

'' આજ માં – બહેન – બેટીની ઇજ્જતના રક્ષણ કાજે મરી ફીટનારાઓ, આ દેશમાં છેક નામશેષ થઇ રહ્યા છે. કાનૂન ભંજકોને કોઇ પૂછનાર રહ્યું નથી; અરે ! ઊલ્ટું એનું તો ગૌરવ થાય છે. જયારે કાનૂન પૂજકોની તો સરાજાહેર ઠેકડી ઊડાવાય છે. આ જ ભ્રષ્ટાચાર એ જ સદાચાર ગણાતો ચાલ્યો છે ; બાપુ! આ બધું શું થઇ રહ્યું છે ; કયાં ગયા જીવનના મૂલ્યો ? શું થશે આપણી માં – ભારતીનું ? એને પુનઃ ગૌરવ કોણ અપાવશે ? અમારા તો કાળજાં કળિએ કળિએ કપાય છે બાપુ ! ''.

(આમ ક્રમશ : નેપથ્યમાં વિષાદપૂર્ણ ને અફસોસ વ્યકત કરતા અવાજો ઊઠે છે ; એવામાં એકા એક જ એક સામટાં બે – ત્રણ અતિ વ્યથિત સ્વરે અવાજો પોકારી ઊઠે છે.)

'' અરે ! બાપુ આ શું, આપની આંખમાં આંસુ ! અન્યને ધૈર્ય આપનારા આપ જ ધૈર્ય ગુમાવી બેઠા ! ''

'' નહીં, બહાદુરો નહીં ! હું ધૈર્ય હારી બેઠો નથી. ઇશ્વર પર અડગ શ્રદ્ધા ધરાવનારાને એવો સમય કયારેય આવતો નથી ; પરંતુ એમ છતાં મારાથી પણ માં – ભારતીની આ અવદશા જોઇ જતી નથી. શોણિત વહાવતી નસોધારી

નરબંકાઓનું તો ખમીર હજુયે જગાડી શકાય. પરંતુ જેની નસોમાં શોણિતનું સ્થાન શરાબે લઇ લીધું હોય, તેવા નરાધમોનું તો ખમીર ખુદ સાક્ષાત ભગવાન પણ ન જગાડી શકે. મને તો હવે ઊંડે ઊંડે એમ લાગવા માંડયું છે ; કે કદાચ માં – ભારતીના સ્વાતંત્ર્ય સંગ્રામ યજ્ઞ સમયે જ, આપણાં શોણિતમાં જ થોડી અશુદ્ધિ રહી જવા પામી હશે. નહીં તો આ જ માં ભારતીની આવી અવદશા થવા પામી જ ન હોય. તો ચાલો ; હવે આપણે માં – ભારતીને તેની હાલની અવદશા માંથી મુકત કરાવવા, આપણાં જ શોણિતના શુદ્ધિકરણ અર્થે, મહાન અનશન– તપનો પ્રારંભ કરીએ. પરમાકૃપાળુ પરમાત્માની પણ કૃપાદષ્ટિ અવશ્ય મળી રહેશે.''

(એક શ્રદ્ધાવાન દઢસ્વર નેપથ્યમાં ગૂંજી ઉઠયો ને એ સાથે જ નેપથ્યમાં શંખધ્વનિ અને ઘંટનાદ પણ રણકી ઉઠયા. સાથે સાથે સ્ટેજ પર સ્તબ્ધ બનીને, અવાજોની દિશામાં તાકી રહેલું પેલું પાત્ર પણ તંદ્રામાંથી જાણે કે જાગૃત થયું હોય ; તેમ આંચકો અનુભવી, વ્યગ્ર સ્વરે પોકાર પાડી ઉઠે છે.)

'' નહીં.. બાપુ... નહીં, આપના શોણિતમાં કશી જ અશુદ્ધિ રહી જવા પામી નથી. શોણિત તો અમારૂં જ, શોણિત રહેવા પામ્યું નથી ને તે શરાબમાં પરિણમ્યું છે. જરૂરત તો છે; અમારા શોણિતના શુદ્ધિકરણની, બાપુ ! આપની કૃપા દષ્ટિના અમી અમ પર વરસાવો, બાપુ ! અમને માર્ગ ભૂલેલાઓને સહી માર્ગ ચીંધો, બાપુ.. બાપુ ! ''(એમ પોકાર પાડતું સ્ટેજ પરનું પેલું યુવક પાત્ર, બે હાથ ઊંચા કરી જાણે કે કૃપાદષ્ટિ યાચતું હોય, તેમ વિહ્વળ બની, આમથી તેમ ઘૂમરીઓ ખાતું દેખાય છે અને નેપથ્યમાં 'ઊંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઇજા' વાળું ભકિતગીત સમૂહસ્વરોમાં સંભળાય છે ને એ સાથે આસ્તે પડદો પડે છે.)

(મૂળ આ નાટિકા મેં મારા સુપુત્ર ડો. ચિ. જોગિન, B.A.M.S. માટે તેના આયુર્વેદ કોલેજના અભ્યાસકાળ દરમ્યાનના વાર્ષિક દિનની ઉજવણીના કાર્યક્રમમાં ભજવવા માટે લખેલ હતી.)

**(લખ્યા તા. ૧૪/૦૧/૧૯૮૦)**

_____**********************_____

# (૧૮) શું જામનગરવાસીઓ આનંદમાર્ગીઓ ?

" કાં હરુ, ઘણાં વખતે ! આમ દુબળો કેમ પડી ગયો છે ? " અમારા સત્યવકતા કડવાકાકા એકાએક ઘણે વખતે ત્રણબત્તી ચોકમાં મળી ગયા અને લાગલો જ પ્રશ્ન કર્યો.

" કાકા, હમણાં તબિયત જરા નરમગરમ રહે છે. હજુ હમણાં જ મેલેરિયામાંથી ઊઠયો છું. હજુ તબિયત બરાબર રાગે આવી નથી " મેં ઉત્તર વાળ્યો.

" હાં... હો, જામનગરમાં હમણાં ઘણાં સમયથી મેલેરિયાનું જોર છે ખરૂં, કદાચ એને પણ આપણાં આ સુંદર શહેરમાંથી વિદાય લેવી ગમતી લાગતી નથી. હું પણ થોડા સમય પહેલાં જ એની ઝપટે ચડી ગયો હતો ", કાકાએ હળવાશથી કહ્યું. " શું, સુંદર શહેર અને રોગ બન્ને સાથે શી રીતે સંભવી શકે ! તમારી આ વાત મારા ગળે ઉતરી નહીં હો, કાકા ! આમાં જરૂર કોઈ ભેદ છે ". કાકાના સ્વભાવથી પરિચિત એવો હું એમને આશ્ચર્યથી કહી બેઠો.

પ્રત્યુત્તરમાં કડવા કાકાએ પોતાની લાક્ષણિક ઢબે ખુલાસો કરતાં કહ્યું, " જો હરુ ! જામનગર એક સુંદર શહેર છે, તેની તો કોઈથી યે ના પાડી શકાય તેમ નથી. હવે રહી મેલેરિયાની વાત, મેલેરિયા માટે મચ્છરની હાજરી અનિવાર્ય છે, કેમ ખરું ને ? ગંદકી ન હોય તો મચ્છરની ઉત્પત્તિ કયાંથી સંભવી શકે ? આપણું આ સુંદર શહેર સમાજવાદનું જીવતું જાગતું પ્રતીક છે. અહીં બધાને આશરો મળી રહે છે. માનવ હો યા પશુ, ગંદકી હો યા સુઘડતા, પક્ષી હો યા જીવજંતુ, ભકત હો યા લુંટારા, સર્વે અહીં એક સાથે આરામથી રહી શકે છે અને સમાજવાદનો મંત્ર જપી શકે છે.

બોલ, હવે મેલેરિયા અહીં ધામા નાખીને પડી રહે એમાં નવાઈ છે ? અરે ફકત મેલેરિયા જ શા માટે ? તેને પગલે પગલે પ્રાચીન રોગો 'મરકી' 'વાળો' વગેરે તેમજ અર્વાચીન રોગ 'કાલા આઝાર' પણ જો અહીં આગમન કરે તો પણ

તેમાં કંઇ નવાઇ પામવા જેવું તો નથી જ. લે, હવે પૂછ જોઇએ, એમ કેમ ?''
કાકાએ તો વાતોનું વમળ સર્જ્યું અને હું પણ અસાવધપણે તેમાં ઘૂમરીએ ચડયો, છતાં વાતનો તાગ મેળવવા મેં કાકાની આજ્ઞાનું પાલન કરતા પૂછયું, ''કાકા, હવે તમેજ ફોડ પાડો.''

આપણી તો મતિ મૂંઝાઇ ગઇ.

કાકાએ જરા સ્મિત ફરકાવી હળવાશથી કહ્યું, ''મને તો ખબર જ હતી કે તું આમ જ કહેવાનો, હરુ ! લે, ત્યારે સાંભળ ખુલાસો. એક કારણ તો તને મળી જ ગયું છે કે આપણું શહેર એક આદર્શ સમાજવાદી શહેર છે અને બીજું કારણ એ છે કે પ્રત્યેક જામનગરી આનંદ માર્ગી..'' કાકા પૂરું બોલી રહે તે પહેલાં તો મેં અતિ ઉશ્કેરાટથી ત્રાડ નાખી, '' કાકા ! બંધ કરો તમારો બકવાસ, તમે શું બોલો છો, તેનું ભાન છે ? ''

કાકા મારા આવા વર્તન છતાં જરા પણ ઉશ્કેરાટ પામ્યા વિના અતિ સ્વસ્થ ચિત્તે મને કહેવા લાગ્યા, '' જો હરૂ ! વાત પુરી સાંભળ્યા વિના જ એકદમ ઉશ્કેરાઇ જઇ ગમે તેમ બોલવું, એ તારા જેવી સંસ્કારી અને સુશિક્ષિત વ્યકિતને શોભતું નથી. જો હું સાબિત કરી આપું કે જામનગરી ખરેજ આનંદમાર્ગી છે, પછી તો તેને વાંધો નથીને ? ''

કાકાની આવી ટકોરથી હું જરા નરમ પડયો. છતાં સમાચાર પત્રોમાં હમણાં હમણાં પ્રગટતા રહેતા કહેવાતા આનંદમાર્ગીઓના કૃત્યોની યાદ મગજમાં ઘૂમરાતી હોઇને સંપૂર્ણ સ્વસ્થ તો હું ન જ થઇ શકયો અને ક્ષુબ્ધ મનેજ ટૂંકો ઉતર વાળ્યો.

'' કાકા, પહેલાં પુરવાર તો કરી આપો, બાદમાં બીજી વાત ''.

કડવા કાકા પણ મારી આવી અવસ્થતા જોઇને સીધા જ વાત આગળ લંબાવવા તરફ વળ્યા.

'' લે ત્યારે, શરૂઆત કરીએ શહેરની ગંદકીની સમસ્યાથી. લાખોટા તળાવનું પાણી દિનપ્રતિદિન વધુને વધુ ગંદુ થતું જાય છે. દિનપ્રતિદિન તળાવની પાળ તેમજ શહેરના ભરચકક રાજમાર્ગો પણ ઢોરના ગૌચરની સંખ્યા વધતાં જયાં ત્યાં છાણ, મૂત્ર તેમજ ઘાસના સડતાં રાંડાં વગેરેથી ગંદકીની બેસૂમાર

વૃદ્ધિ થતી જ રહે છે. લીલાં – સુકા ઘાસની દૂકાનમાંના ઘાસના મોટા ગંજ તેમજ છુટક વેંચાણની ભારીઓના મોટા ગંજ રાજમાર્ગો પર નિર્વિદને સદા વધતા જતા હોઇને, તેની ચોપાસ ચોવીસેય કલાક દુર્ગંધ ફેલાતી રહે છે અને આ બધું કોઇ છાને ખૂણે નથી થતું. છતાં કેમ ચાલી રહ્યું છે, તેનો છે કોઇ જવાબ ? વાત અહીં જ પૂરી નથી થઇ જતી. હજુ ગંદકી – પુરાણ લાંબુ ચાલશે. ચા – પાન, સોડા – લેમન વગેરેનું વેચાણ કરતી તેમજ રાજમોર્ગોને સાંકડા કરતી, ગંદા પાણીના નિકાલની સગવડ – વિહોણી, ચોતરફ ગંદકી ફેલાવતી રેંકડીઓ અને કેબીનોની સંખ્યા પણ દિનપ્રતિદિન કૂદકે ને ભૂસકે વધતી જ રહે છે. અરે! રાજમાર્ગો પર જ પડતા મકાનોના ગંદા પાણીના ભુંગળામાંથી અવિરતપણે ગંદા પાણીનો વહેતો પ્રવાહ ચોતરફ ગંદા પાણીનું સરોવર સર્જે છે. શું આ બધું કોઇનીયે નજરે નહીં ચડતું હોય ?

આ બધા તો થયા થોડા ગંદકી વિશેનાં કિસ્સાઓ. લે, હવે જોઇએ થોડા અન્ય રોજબરોજની અગવડતાઓના કિસ્સાઓ.

તને યાદ છે, થોડા માસ પહેલાં આ શહેરની પ્રજાને ચોખ્ખું દૂધ મળતું થાય એટલા માટે કડક ચેકિંગની વ્યવસ્થા થયેલી ? તેને ફળસ્વરૂપ અત્યારે દૂધ કેવુંક ચોકખું મળે છે તે તો ઉપરવાળો જાણે અને બીજા જાણે તે સમયના કડક ચેકિંગ ગોઠવવાવાળા, બાકી આ શહેરનો એકએક નાગરિક જાણે છે તો એટલું કે દૂધના ભાવ બમણાં થઇ ગયા. જાણે કે કેમ દૂધવાળાઓના લાભાર્થે કડક ચેકિંગ ન ગોઠવાયું હોય ! બોલ, શો અભિપ્રાય છે તારો ?'' આટલું મને પૂછવા ખાતર પૂછીને, કાકાએ તો આગળ લંબાવ્યું.

'' તારી કયારેય નજર પડી છે, રાજમાર્ગો પર દોડતા ઢોરોપર ? તેં કયારેય વેઠી છે તકલીફ ચા – પાન, સોડા – લેમનની રેંકડીઓ – કેબીનો આસપાસ અનિયંત્રિત રીતે એકઠાં થતાં માનવ સમૂહોમાંથી માર્ગ કાઢતી વખતે ? તને કયારેય તકલીફ પડી છે, બેડીના નાકાની ફૂટપાથ પરની રેલિંગ પર નિરાંતે બેસી ફૂટપાથને સાંકડી કરી દેતા શોખીનો વચ્ચેથી ફૂટપાથ પર માર્ગ કરતી વેળાએ ? તેં કોઇ જગ્યા એવી જોઇ છે કે જયાં રેંકડી અગર કેબિન વડે ફૂટપાથ

સદંતર બંધ થઇ ગઇ હોય ? તેં ક્યારેય ફૂટપાથ પર સાયકલ ચલાવતી જોઇ છે? તેં કદી નજર કરી છે, અપ્સરા – અનુપમ સિનેમાઓ પાસેનાં, વાહનોના ઝૂલતી સાંકળની આડશવાળા વિરામસ્થાનની મૂકરર જગ્યાએ જ ઊભી થઇ ગયેલી રેંકડી બજાર તરફ ? તું કદી રાજમાર્ગો પર બેફામ રીતે દોડાવતી ઊંટ ગાડીની હડફેટે આવી ગયો છે ખરો ? તું એવું કોઇ સ્થળ ત્રણબત્તીથી બેડીના નાકાં સુધીના રાજમાર્ગ પર શોધી શકીશ કે જયાં ચા – પાનની રેંકડીઓ તથા ઘાસની ગંજી વડે માર્ગ પર પડતી ગલીઓ જ લગભગ બંધ થઇ ગઇ હોય ? તે કદી પોકારો સાંભળ્યા છે નગરજનોના અવાર નવાર વિજળીબત્તીના રીસામણાંથી પડતી હાલાકી વિશેના ? શું એટલું પણ કોઇના ખ્યાલમાં નહીં હોય કે જે વર્ષે રણજિતસાગરમાં પાણી હિલોળા લેતું હોય છતાં તે જ વર્ષે નળમાં પાણીનું દબાણ એકદમ ઓછું રહેવા પામતાં શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા હોય ? શહેરના વિશાળ રાજમાર્ગો પર વાહનો આડેધડ ઊભા રખાતા હોવાથી તેમજ વાહન વ્યવહાર અનિયંત્રિતપણે ચાલતો હોવાથી, ગમે ત્યારે આપણે ‘પ્રભુના પ્યારા’ બની જેઇએ, એવી બીક કયારે તેં અનુભવી છે ?

બોલ, હવે તૂં જ બતાવ, શા માટે આ પ્રશ્નો વર્ષોથી અણઉકેલ રહેતા આવ્યા છે ? શું કોઇની નજરે નહીં ચડતા હોય આ પ્રશ્નો ? બોલ, છે જવાબ તારી પાસે ? નહીં તો હું આપી દઉં, સહેલો અને સરળ ’’. એટલું બોલી કડવાકાકા સહેજ અટકયા અને મને મૂંગોમંતર જોઇને તેઓએ જ જવાબ વાળ્યો, ‘‘ જવાબ ફકત એટલો જ કે સર્વે જામનગરીઓ ખરેખર જ આનંદમાર્ગીઓ છે, એથી વિશેષ કંઇ નહીં. ’’

એમનો આ જવાબ મારા મગજમાં જરા પણ ઊતર્યો નહીં અને તેથી મેં તેમને ઉદેશીને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું. ‘‘ કાકા ! આમ પ્રશ્નને વધુ ગૂંચવો નહીં. મને ફકત એટલું જ બતાવો કે આ બધા પ્રશ્નોને અને આનંદમાર્ગીને શો સંબંધ ?’’

પ્રત્યુત્તરમાં કડવાકાકા સહેજ ખંધું હસ્યા અને બોલ્યા, ‘‘હરુ ! મેં એવું કયારે કહ્યું કે આ બધા પ્રશ્નો ઘડીના છઠા ભાગમાં ઉકેલી શકે તેવા શકિતશાળી

સત્તાવાળાઓ આ શહેરમાં મોજૂદ નથી ? હું પણ તારી વાત સાથે સંમત છું. પરંતુ આ બધું શકય ત્યારે જ બને જયારે એ લોકો પણ આનંદમાર્ગી ન હોય''.

આ વાતથી ફરી પાછો હું છેડાઇ પડ્યો અને બોલ્યો '' બસ કરો કાકા, હવે મારે વધું કશું જ સાંભળવું નથી. આ વાતનો અહીં જ અંત લાવો. નહીં તો નકામા આપણા સંબંધો બગડી જશે.'' એટલું બોલી હું ચાલવા લાગ્યો. પરંતુ કાકાએ આખરી વાર રોકયો હોય એમ પકડીને ઊભો રાખી ક્હ્યું, ''જો હરુ ! ઘણીવાર ઉતાવળે લીધેલ નિર્ણયો ખોટા પડતા હોય છે અને હાં, સત્યથી દૂર ભાગવાથી સત્ય કદી અસત્ય બની જતું નથી. માટે સત્યનો પ્રકાશ ગ્રહણ કરવાની શકિત ખીલવ. હવે તને બહુ જલદી સત્ય સમજાય જશે અને હું જે મત દર્શાવું છે તેની સાથે તું પણ સંમત થઇ જશે. માટે હવે આખરીવાર મને ઘ્યાનથી સાંભળ, તને વધુ વખત મુંઝવણમાં નહીં નાખું બસ''.

આટલું કહી કાકા મૂળ વાત પર આવ્યા. હું પણ સત્યના પ્રકાશની રાહ જોતા કાકાની આખરી વાત પર ઘ્યાન કેન્દ્રિત કરવા લાગ્યો.

'' તળાવના કિનારાપર ઠેકઠેકાણે એવા બોર્ડ મારેલાં છે કે, તળાવમાં વાહનો સાફ કરી, કપડાં ધોઇ કે ઢોરને નવડાવી પાણી ગંદૂ ન કરવું. છતાં બધું જ ત્યાં થઇ રહ્યું છે અને ઓછામાં પુરું ખુદ આવાં બોર્ડર પર જ, તે પાણીમાં જે ધોયેલાં ગાભાઓ વગેરે સૂકાતા નજરે પડે છે. છે કોઇ રોકનાર ? કેવો થઇ રહ્યો છે, હુકમનો ખુલ્લો અનાદર ! આ થઇ જરા દૂરની વાત. હવે આવીએ મુખ્ય ચોક લાલબંગલાના પ્રવેશદ્વાર પાસેનામાં જ. અહીં 'સર્કિટ હાઉસ' ના બોર્ડને જ અડીને ચાની રેંકડી ઉભી છે, તે પણ નજીકમાં જ કેન્ટીન હોવા છતાં. જરા, હોમગાર્ડસ ઓફિસના દરવાજે નજર નાંખીએ. તેની નજીક પણ તે જ દશ્ય. અહીં તો ધંધાના વિકાસ માટે કમ્પાઉન્ડની દીવાલમાં પણ ભંગાણ પાડેલ છે. ફરી જરા આવીએ નગરપાલિકાના લાલ બંગલા પાસેના ચોકમાંના પ્રવેશ દ્વારે. ત્યાં પણ એ જ દશ્ય. અહીં રાજમાર્ગ પહોળો કરવા ત્યાં ના જૂના સ્થંભોને દૂર કરાયેલા. તે જ પહોળી થયેલી જગ્યાનો કબજો લઇ લીધો કેબીનોએ. આવા

અગત્યના સ્થાને આ દશા હોય, તો પછી શહેરમાં અન્ય જગ્યાઓએ, પોલીસ ચોકીઓને અડીને જ રેંકડીઓ, કેબીનોની હાર ઊભી થઇ જાય, તેમાં શી નવાઇ?

આ બધું આમ જ ચાલ્યા કરે છે. કોઇ રોકટોક કરતું નથી. આમ શા માટે? ભડકતો નહીં, હવે આનંદમાર્ગનું નામ નહીં લઉં. કારણ કે તને તેની ‘એલર્જી’ છે. છતાં એટલું તો કહીશ જ કે આનું મૂખ્ય કારણ એટલું જ કે અહીં રહેતા સર્વે, પછી ભલે તે સત્તાવાળાઓ હોય કે અન્ય શહેરીજનો. બધા જ બધું જ ચલાવી લેનારા ઉદાર મતવાદીઓ છે. તેથી અહીં બધું જ વિના રોકટોક ચાલ્યા કરે છે. એનો અર્થ એ જ કે અહીં સર્વે આનંદમાર્ગીઓ જ છે. જો જે રખે ભડકતો ! આનંદમાર્ગીઓ એટલેશું એ હવે તને સમજાવું.’’ એટલું બોલી કાકાએ જરા અટકી, ગળું ખંખેરી વાતનો દોર આગળ ચલાવ્યો. હું પણ હવે પછીની વાત ઉત્સુકતાથી સાંભળવા, એક ધ્યાન થઇ ગયો.

‘‘ ભગવાન બુદ્ધ અને તેમના પ્રિય શિષ્ય આનંદ વિશેનો એક પ્રાચીન કિસ્સો ખૂબ જ પ્રચલિત છે. તેઓની વચ્ચેનો સંવાદ ઘણો જ જાણીતો છે. તું પણ જાણતો જ હોઇશ, છતાં સાંભળ.

આ ગુરુ શિષ્યના પ્રચલિત કિસ્સામાં, બુદ્ધ ભગવાનના દરેક પ્રશ્નના ઉત્તરમાં આનંદ છેક સુધી એમ જ કહે છે કે તે કોઇપણ બાબતનું બુરું લગાડશે જ નહીં અને ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ સ્વસ્થ જ રહેશે.

આ આખો પ્રસંગ એટલો જાણીતો છે કે તેનું પુનઃકથન હું અહીં જરૂર નથી ગણતો. તને હવે એમ નથી લાગતું કે આપણે સૌ જામનગરીઓ પણ આ આનંદને માર્ગે જ ચાલવાવાળા છીએ અને આપણે તેને આમ બરાબર ગુરુપદે સ્થાપેલ છે. જેથી હવે આપણને કોઇપણ પ્રશ્ન પછી ભલેને તે ગમે તેવડો મોટો હોય, તો પણ તે પ્રશ્ન જ લાગતો નથી. પછી તેના ઉકેલની વાત જ ક્યાં રહી, કેમ ખરૂં ને ? આપણે અત્યારે પણ પ્રશ્નોની હારમાળા વચ્ચે કેવા સ્વસ્થ ચિત્તે રહી શકીએ છીએ. બોલ, હવે તું પણ આનંદમાર્ગી ખરોને ? ’’.

કાકાના આવા રહસ્યસ્ફોટથી હું ખુબ જ પ્રસન્ન ચિત્ત થઇ ગયો અને પ્રફુલ્લિત બની તેમને હર્ષાવેશમાં ભેટી પડયો અને તેમની માફી માગતા સ્વરે

કહેવા લાગ્યો, " કડવાજી ! તમે તો કમાલ કરી. હું તો નાહકનો ઉશ્કેરાઈને તમારા પ્રત્યે અવિવેકી થયો, માફ કરશો ".

" હોય એમ જ ચાલ્યા કરે, હરુ ! ઉશ્કેરાટ ચીજ એવી છે. લે, એક બીજી ખુશખબર આપી દઉં. શહેરમાં રેંકડીઓ અને કેબીનોની સ્થાપનામાં રસ ધરાવતી વ્યકિતઓનાં ખૂલેલ નવા ક્ષેત્ર અંગેની.

જામનગર – બેડીની બંધ પડેલી રેલ્વે લાઇનના પાટાઓ દૂર થઇ ગયા અને અતિ મૂલ્યવાન જમીન ખૂલ્લી થઇ ગઇ.

આમ આ પાટાની અડચણ દુર થતાં, ખૂલ્લી થયેલી જમીનને આવા ધંધાદારીઓ માટે નવું ક્ષેત્ર ખોલી આપેલ છે. આ જગ્યાનું મહત્ત્વ જોતાં, તેઓના ધંધાનો વિકાસ પણ ખૂબ ખૂબ થઇ શકશે ; તે નિઃશંક છે. વળી આપણાં આ શહેરના અંદરના ભાગનો અનુભવ જોતાં, આ 'આનંદમાર્ગી' શહેરમાં આ વાત અશકય પણ નથી જ, કેમ ખરું ને ? ".

" હા.. હા.. કાકા ! ખરું છે. જામનગરી ખરેખર જ આનંદમાર્ગી ". હું ખૂબ ખૂબ લહેરથી બોલ્યો, 'અરે કાકા મને એક બીજી વાત પણ સૂઝી ! આપણી જેમ જ જો ખંભાળીયાની પ્રજાએ પણ આનંદમાર્ગ અપનાવ્યો હોત, તો તેઓએ પણ થોડા સમય પહેલાં અપનાવ્યો હતો તેવો 'બંધ' નો કાર્યક્રમ જરૂર ન અપનાવ્યો હોત, ખરું ને કાકા ? ".

કાકા બોલ્યા ; " બધાંને નસીબ એવી યારી નથી આપતું હોંકે !"

**(લખ્યા તા. ૦૬/૧૨/૧૯૭૭, મંગળવાર)**

(આ લેખ વાંચ્યા બાદ, જામનગરી વાંચકે નકકી કરવાનું કે સને ૧૯૭૭ ના વર્ષની 'Perished' જામનગરની પરિસ્થિતિમાં અને ચાલુ સને ૨૦૧૨ ના વર્ષની પરિસ્થિતિમાં કેવોક ફરક અનુભવાય છે ?)

_____**********************_____

# (૧૯) 'હાપા' નો રસપ્રદ ઈતિહાસ

## (હવે નજીકના જ ભવિષ્યમાં 'મિનિ વિરમગામ' બનનારી રેલનગરી...)

હાલના પ્રવર્તમાન અર્થોપાર્જન પાછળની આંધળી દોટના આ યુગમાં, સમાજવાદની નિરંતર માળા જપનારા માંહેના પણ લગભગ હરકોઈની આંતરિક ઇચ્છા તો એ જ રહેવાની કે પોતે પણ જલ્દીથી જીવનમાં સફળતાના શિખરો સર કરી, સંપત્તિમાં આળોટતી થયેલી અન્ય કોઇ વ્યકિતની માફક જ સમૃદ્ધિમાં ઓળોટતા થાય. પરંતુ એ તરફ એની દષ્ટિ ભાગ્યે જ નોંધાતી હોય છે કે એ સ્થિતિએ પહોંચવામાં એ અન્ય કોઈ વ્યકિતને નિષ્ફળતાના કડવા ઘૂંટ પણ કેટકેટલી વખત પીવા પડયા હોય છે !

આ સંદર્ભમાં જ આપણી આ 'હાપા' રેલનગરીને સમૃદ્ધિના ઉચ્ચ શિખરો સર કરવા તરફ પ્રયાણ કરતી આપણે જયારે નિહાળી રહ્યા છીએ ત્યારે એ સ્થિતિએ પહોંચવા પહેલાં તેણે કેટકેટલી નિષ્ફળતાઓ પણ પચાવી જવી પડી છે, તેનું થોડું દર્શન કરવું અત્યંત રસપ્રદ થઇ પડશે.

ચાલો, ત્યારે એ પહેલાં આપણે આ તરફની રેલ્વેનો થોડો ઈતિહાસ તપાસીએ.

જૂની 'જામનગર અને દ્વારકા' રેલ્વેના ઈતિહાસના પૃષ્ઠો તેના સંચાલકોની કંજૂસાઇ વૃત્તિની ચાડી ખાતા બનાવો તેમજ દૂરંદેશીપણાના અભાવ દર્શાવતા બનાવોથી ભર્યા પડયા છે.

રેલ્વેનું સંચાલન લગભગ એક રાજય સરકારના સંચાલન જેટલું જ વિવિધ ક્ષેત્રોમાં વહેંચાયેલું, છતાં એક જ સૂત્રે સંકળાયેલ સ્વતંત્ર સંચાલન છે. તેના સફળ સંચાલન માટે તેને પોતાની આગવી માલિકીની મિલકત હોવી, તે એક પાયાની જરૂરિયાત ગણાવી શકાય. એ અનુસાર એ વખતના કાઠીયાવાડના બધા જ દેશી રજવાડાઓની રેલવેઓને પણ પોત પોતાની માલિકીની સારી એવી મિલકતો હતી. પરંતુ એક માત્ર 'જે. એન્ડ ડી. રેલ્વે ' જ એવી હતી કે જેની

પાસે તો એ પણ નહીંવત જ હતી. તેની પાસે તો તેના પોતાના વર્કશોપ માટેની જોઇતી જરૂરી જમીન પણ પોતાની માલિકીની ન હતી. બાદમાં આ કારણે જ હાલની પશ્ચિમ રેલ્વેને પણ ઘણાં જ વિકટ પ્રશ્નોનો સામનો કરવો પડેલો.

આવી આ 'જે. એન્ડ ડી. રેલ્વે' ના સંચાલકોની દૂરંદેશીપણાના અભાવનું એ સમયનું દ્રષ્ટાંત પણ હાલનું જ જામનગરનું અતિ સાંકડું (એ સમયના ટ્રાફિકની દષ્ટિએ પણ) રેલ્વે સ્ટેશન છે. હાલ પણ અહીંનો વિસ્તાર લગભગ જેમનો તેમજ છે.

એ કાળે 'બેડી' અને 'રોઝી' ની બ્રાંચ લાઇનોની ગાડીઓ પણ અહીંથી જ દોડતી. માલગાડીઓ તેમજ મુસાફર ગાડીઓ (ભલે એ સમયે પ્રમાણમાં થોડી હતી) માટેના રેલ્વે એંજિનોનું 'શેડ' પણ અહીં જ હતું. વર્કશોપ પણ અહિં જ હતું. (હાલ જયાં છે ત્યાં જ. હવે તેનું પણ સ્થળાંતર થનાર છે) માલગાડીઓ પણ અહીંયા જ તૈયાર થતી અને બહાર રવાના થતી. જામનગરના 'બેડી – રોઝી' બન્ને બંદરો એ સમયે ધીકતા બંદરો હતા, એ દષ્ટિએ અહીં ખાતેનો તેનો ટ્રાફિક પણ વિપુલ પ્રમાણમાં રહેતો.

જે સમયે જામનગર શહેરના ભાવિ આંતરિક વિકાસ માટેનું આયોજન, બાદના પચ્ચાસ વર્ષમાં થનાર વિકાસને લક્ષમાં રાખીને, દૂરંદેશીપૂર્વક થઇ રહ્યું હતું. (જેના ફળસ્વરૂપ જ જામનગરને કાઠિયાવાડના 'પેરિસ' નું બિરુદ સાંપડેલું) બરાબર લગભગ એ જ સમયે રેલ્વેના સંચાલકો દ્વારા રેલ્વેના થનાર ભાવિ વિકાસ માટે જરૂરી એવા આયોજન ક્ષેત્રે મોટું મીડું જ મુકાયેલું. જેના ફળસ્વરૂપ બાદમાં પણ છેક લગભગ ૧૯૫૭ ના વર્ષ સુધી જામનગર સ્ટેશન ખાતે રેલ્વેના વિવિધ ક્ષેત્રના સંચાલનમાં કર્મચારીગણ તેમજ રેલતંત્રને પણ અનેકાનેક મુસીબતોનો સામનો કરવો પડેલો, જેનો આછેરો ખ્યાલ કદાચ મળી રહેશે, આ ફકરા પહેલાંના બન્ને ફકરાઓ માંહેથી.

આમ આસ્તે આસ્તે સમય સરતો ગયો અને ઉષા પ્રકટી આઝાદીની ૧૯૪૭ ના વર્ષમાં, એ બાદ સર્જન થયું ; 'સૌરાષ્ટ્ર રાજય' નું દેશી રજવાડાઓનાં એકીકરણ દ્વારા. લગભગ બરાબર એ સાથે જ સૌરાષ્ટ્ર માંહેની એ સમયની

બધી જ રેલ્વેનું એકીકરણ થઇને, રાજય સરકારના જ સીધા કારભાર હેઠળ 'સૌરાષ્ટ્ર રેલ્વે' અસ્તિત્વમાં આવી.

ફરી ૧૯૫૧ ના વર્ષમાં રેલ્વેનો વિષય કેન્દ્ર સરકારે સંભાળ્યો અને સારાયે રાષ્ટ્રમાં એ સમયે અસ્તિત્વમાં રહેલી સઘળી રેલ્વેનું એકીકરણ કરવામાં આવ્યું અને તેને જુદા જુદા ઝોનોમાં વહેંચવામાં આવી. એ અનુસાર 'સૌરાષ્ટ્ર રેલ્વે' ને 'પશ્ચિમ રેલ્વે' માં સમાવિષ્ટ કરવામાં આવી અને આમ ૧૯૫૧ ના વર્ષમાં આ વિસ્તારમાં 'વેસ્ટર્ન રેલ્વે' દોડતી થઇ.

આ 'પશ્ચિમ રેલ્વે' ના જ કારભારમાં લગભગ ૧૯૫૪/૫૫ ના અરસામાં જામનગર ખાતેની એ સમયની રેલ્વેની વહીવટી કચેરીના ત્રણ કાબેલ અમલદારો સર્વશ્રી આર. શ્રીનિવાસન (ડી.ટી.એસ.), બી. કે. બાટલીવાલા (ડી.ઇ.એન.) અને અરૂણાચલમ (ડી.એમ.ઇ.) ની દષ્ટિએ જૂની 'જે. એન્ડ ડી. રેલ્વે' ના સંચાલકોના દૂરંદેશીપણાના અભાવના ફલસ્વરૂપ લગભગ પક્ષઘાતના રોગ જેવી સ્થિતિએ પહોંચી ગયેલા જામનગરના સ્ટેશનના સંચાલનની ત્રુટીઓ ચડી ગઇ. તેઓએ સંયુકત રીતે લાંબાગાળાના ભાવિ વિકાસને નજર સમક્ષ રાખીને, એક આયોજન તૈયાર કર્યું અને તેના પર મુંબઇ ખાતેની વડી કચેરી પાસે મંજૂરીની મહોર મરાવી.

બાદમાં એ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી અને સાત રસ્તા પાસે, ઇરવીન હોસ્પિટલ પાછળ, એમ સ્થળોની પસંદગી કરતાં કરતાં છેવટના હાલના 'હાપા' પાસેના સ્થળ પર એ માટેની પસંદગી ઊતરી અને આમ આખરે તા. ૦૧/૦૪/૧૯૫૭ ના રોજ હાલના સ્વરૂપે 'હાપા' અસ્તિત્વમાં આવ્યું. આમ જામનગર સ્ટેશન ખાતેના અતિ સાંકડા વિસ્તારમાં વિવિધ ક્ષેત્રોના સંચાલન માં, વર્ષોથી અનુભવાતી લગભગ પક્ષઘાતના રોગ જેવી પરિસ્થિતિનો સદાને માટે અંત આવ્યો. અહીં એ બાબતની પણ સખેદ નોંધ લેવી ઘટે કે અતિ દીર્ઘકાળ બાદ આવી સુખદ પરિસ્થિતિના નિર્માણમાં પણ જામનગર શહેરના પ્રજાજનોનું પોતાનું યોગદાન તો એની આગવી પ્રણાલિકા મુજબ કદાચ જરાપણ ન હતું.

મૂળ આયોજન મુજબ 'હાપા' નો વિસ્તાર છેક જામનગર – રાજકોટ

ધોરીમાર્ગ સુધીનો નકકી થયેલો અને તેમાં જામનગર ખાતેની એ સમયની રેલ્વેની જિલ્લા કક્ષાની વહીવટી કચેરીઓના સ્થળાંતર સહિતનો પણ સમાવેશ કરવામાં આવેલો.

બાદમાં ગમે તેમ બન્યું અને આ નસીબવંતી રેલનગરીપર પ્રારંભમાં જ કમનસીબીની રેખા ઉપસી આવી અને મૂળ આયોજનમાં જ ફેરફાર થયો અને તેનો વિસ્તાર ટુંકાયો. એ સમયની રેલ્વેની જિલ્લા કક્ષાની વહીવટી કચેરીઓનો પણ ત્યાં સમાવેશ ન થયો અને બાદમાં એ કચેરીઓનું જામનગરમાંથી રાજકોટ ખાતે ઓગસ્ટ ૧૯૫૬ માં સ્થળાંતર થયું.

ફરી એક વખત લગભગ ૧૯૫૮ ના વર્ષની આસપાસ આ રેલનગરીના ઝડપી વિકાસ માટેની એક સુવર્ણ તક ઊભી થઇ; કે જયારે ઝુંડ–માળિયા, જોડિયા, જામનગરની બ્રોડગેજ રેલ્વે લાઇનના સર્જનની વાતો જોરશોરથી ઊપડી. પરંતુ એ વાતો પણ બાદમાં શમી ગઇ.

ફરી પાછી એક વધુ કમનસીબીની ઘટના આ રેલગનગરીમાં બની ગઇ. હાલના 'હાપા' ના રેલ કર્મચારી અને વે. રે. એમ્પલોઇઝ યુનિયનના એક સૂત્રધાર શ્રી વસંત રાવલના કથનાનુસાર 'હાપા' ના પ્રારંભ સાથે જ જામનગર ખાતેથી મોટી સંખ્યામાં ત્યાં સ્થળાંતર પામેલા કર્મચારીગણને એ સમયે રેલ્વે તંત્રના સંચાલકો દ્વારા એક સદ્ગૃહસ્થના વચન મુજબ જામનગર – હાપા વચ્ચે નોકરી પર આવન જાવન માટે મફત મુસાફરીની સગવડ આપવામાં આવેલી. એ વચનનું અક્ષરશઃ પાલન ૧૯૬૫ ના વર્ષ સુધી બરાબર કરવામાં આવ્યું.

પરંતુ એ બાદ કહે છે કે, તા. ૦૬/૦૬/૧૯૬૫ થી કલમના એક જ ઝાટકે રેલ્વે તંત્ર દ્વારા એ વચનને ફોક કરવામાં આવ્યું અને એવું ઠરાવવામાં આવ્યું કે એ તારીખથી હવે જામનગર – હાપા વચ્ચે નોકરી પરના આવન–જાવન માટે ટ્રેનનો ઉપયોગ કરવા માંગતા કર્મચારીગણે કન્સેશન દરે સિઝન ટિકિટ કઢાવવી જ પડશે. એ પ્રશ્ને જબ્બર આંદોલન ગાંધી ચીંધ્યા માર્ગે થયું. કર્મચારીગણે એ સપ્તાહમાં વિરોધરૂપે ટ્રેનનો બહિષ્કાર કર્યો અને જામનગર – હાપા વચ્ચે આવન–જાવન માટે પદયાત્રાનો પણ આશરો લીધો એમ છતાં એ આંદોલન

નિષ્ફળતાને વર્યું અને આમ હાપાની આ રેલનગરીની કમનસીબીનું એક વધુ પ્રકરણ આલેખાયું.

આવી આ રેલનગરીમાં એક નસીબવંતા ભવ્ય પ્રસંગની ઉજવણીનો શુભદિન પણ આવ્યો તા. ૦૯/૦૧/૧૯૭૨ ના રોજ એ સમયના રેલમંત્રીશ્રી કે. હનુમંથૈયાજીના વરદહસ્તે સમગ્ર ‘વિરમગામ – ઓખા – પોરબંદર બ્રોડગેજ પરિવર્તન પરિયોજના’ નું ખાતમુહૂર્ત અહીં ખાતે જ થયું. એ સમયે આ સમગ્ર યોજનાને પાંચ જ વર્ષના સમયગાળામાં પરિપૂર્ણ કરવાની અહાલેક જગાડવામાં આવેલી. પરંતુ ફરી પાછા આ નગરીની કમનસીબીએ પોત પ્રકાશ્યું અને આ યોજના વિલંબમાં પડી.

આમ આ સમગ્ર યોજના વિલંબમાં પડતાં, એવું નકકી કરવામાં આવ્યું કે, જામનગર શહેરના ગીચ વિસ્તારોમાંથી જોખમી રીતે પસાર થતી એ સમયની ‘જામનગર – બેડી’ રેલ્વે લાઇનને ત્યાંથી ખસેડીને, તાત્કાલિક રીતે શહેર બહારથી જે માર્ગે મૂળ આયોજન મુજબ બ્રોડગેજ પસાર થવાની છે, તે જ માર્ગ પર બ્રોડગેજના સર્વે પ્રકારના બાંધકામ સાથે, ‘હાપા’ થી જ સીધે સીધી મિટરગેજ સ્વરૂપે ‘બેડી’ તરફ લઇ જવી.

આ અનુસાર એ મિટરગેજ લાઇનનું સર્વ બાંધકામ લગભગ ૧૯૭૬ ના વર્ષના પ્રારંભમાં જ પુરું કરવામાં આવ્યું. બાદમાં તેના ઉદ્‌ઘાટનમાં થોડો વિલંબ થયો અને પ્રથમ વખત તા. ૦૩/૦૬/૧૯૭૬ ના રોજ તેનું ઉદ્‌ઘાટન કરવાનો સમારોહ ગોઠવવાનું નકકી થયું. બધી જ તૈયારીઓ થઇ ચૂકી. પરંતુ ફરી પાછી આ નગરીની કમનસીબીએ તેમાં વિધ્ન ખડું કર્યું. તા.૦૨/૦૬/૧૯૭૬ ના રોજ વાવાઝોડાની આગાહીની ચેતવણીઓ મળતાં જ આ સમારોહ મુલતવી રહી પાછો ઠેલાયો. ફરી પાછો એ શુકનવંતો ભવ્ય પ્રસંગ, આ રેલનગરીમાં તા.૨૮/૧૨/૧૯૭૬ ના રોજ નિર્વિઘ્ને ઉજવાયો અને આખરે એ દહાડે એ સમયના કેન્દ્ર સરકારના જહાજવાડા ને પરિવહન ખાતાના રાજયમંત્રી શ્રી હરુભાઇ ત્રિવેદીને વરદ્ હસ્તે, ‘હાપા – બેડી’ ની મિટરગેજ રેલ્વે લાઇનનું વિધિવત્ ઉદ્‌ઘાટન થયું.

આવી આ નસીબવંતી રેલનગરીમાં કમનસીબીની છાયા નીચે પણ અવાર નવાર અનેક ભવ્ય પ્રસંગો ઉજવાયા.

છેલ્લે આવો એક વધુ ભવ્ય પ્રસંગ પ્રથમ ચરણમાં વિરમગામથી હાપા સુધીની બ્રોડગેજ રેલ્વે લાઇનના ઉદઘાટનનો અહીં ખાતે ગત એપ્રિલ ૧૯૮૦ માં ઉજવવાનું નકકી થયેલું. પરંતુ લગભગ દરેક વખતે બનતું આવ્યું છે તે રીતે જ ફરી પાછી તેના પર કમનસીબીની છાયા પડી અને એ ભવ્ય પ્રસંગ મુલતવી રહ્યો.

હવે તા. ૧૬/૦૬/૧૯૮૦ ની આસપાસના આગામી દિવસોમાં ફરી પાછો આ જ ભવ્ય પ્રસંગ અહીં ખાતે ઉજવાય તેવા ચિહ્નો વરતાઇ રહયા છે, હવે જોઇએ, આ નસીબવંતી કમનસીબ રેલનગરીમાં આ પ્રસંગ પર શરણાઇના સૂરો પુરજોશમાં રેલાય ઉડે છે; કે પછી વિલાય જાય છે ! એ તો સમય જ કહેશે.

આવી આ રેલનગરીને હવે આમ અનાયાસે સાંપડેલ કુદરતિ સાનુકુળતાનો લાભ ઊઠાવીને, જો તેને સમૃદ્ધિની ટોચે બિરાજમાન કરવી હશે તેમજ સાથોસાથ જામનગર શહેરને પણ 'રકાસ' ને પંથેથી પાછું વાળવું હશે, તો જામનગર વાસીઓએ પણ હવે પોતાની 'કૂપમંડૂક' વૃત્તિને સત્વરે ત્યજવી જ પડશે અને શહેરના ઝડપી વિકાસ માટે શહેરની અંદરને અંદર ઘૂમરીઓ ખાતા રહેવાને બદલે શહેરની બહાર નીકળીને વિકાસના નવા ક્ષેત્રોની શોધમાં હાપા તરફની દિશાએ પ્રયાણ કરવું જ પડશે.

બાકી અત્યારે તો આ શહેરનું ચિત્ર વિકાસની દષ્ટિએ જરાયે આશાસ્પદ નથી. નાના નાના ધંધાર્થીઓ પણ રોજીરોટી કમાવા માટે શહેર બહાર નીકળીને શ્રમ ઉઠાવવાની પહેલ કરવાને બદલે શહેરની અંદરને અંદર જ વધુને વધુ ગોઠવાતા જઇને, શહેરને વધુને વધુ વરવું બનાવતા જઇને, 'રકાસ' ને પંથે દોરી રહેલ છે.

કુદરતે વિકાસ માટે સામેથી મોકો આપ્યો છે; તેનો લાભ ઊઠાવવો કે નહીં એ હવે નગરવાસીઓની જ ઇચ્છાને આધીન વાત છે.

(લખ્યા તા. ૧૬/૦૬/૧૯૮૦)

_____**********************_____

# (૨૦) જળવિણ દીસે કેવી, આ નગરી હાપા કેરી !

પાણી !

જગત્નિયંતાએ સારીયે જીવનસૃષ્ટિ હસ્તી કાજે, અમૂલ્ય એવા આ 'જીવન અમૃત' ની સૃષ્ટિ પર ઠેર ઠેર વિના મૂલ્યે ઉપલબ્ધિ કરેલી છે.

આવા આ મહામૂલા જળ વિના, પરલોકગમન પણ અતિ દુષ્કર, એથી જ સ્તો જીવન સમાપ્તિની અંતિમ પળોએ પણ એવા આ વારિની એકાદ આચમનની જરૂર પડે છે ને !

યુદ્ધભૂમિમાં પણ ''પાણી... પાણી'' ના ચિત્કારો એ કારણે જ સંભળાય છે ને !

આવી આ જળરાશિનું મૂલ્ય, ચોમેર તેની સુલભ ઉપલબ્ધિ વેળાએ ન સમજાય !

૧૯૭૪ ના એક જ વર્ષમાં આ વિસ્તારનો એકએક પ્રજાજન પાણીનું મૂલ્ય બરાબર સમજતો થઇ ગયો છે. જાણી–બૂજીને ના સમજદારી બતાવતું વર્તન કોઇ કરે, તો એ એક અલગ બાબત છે.

આજ વિસ્તારમાંના હાપાવાસીઓ તો હજુ પણ તેનું મૂલ્ય જરાપણ ભૂલ્યા નથી.

સ્ટેશન પર ટ્રેનોના આવાગમન સમયે, કોઇના હાથમાં ખાલી યા પાણી ભરેલું પ્લાસ્ટીકનું યા અન્ય કોઇ 'કેન' જેવું મોટું વાસણ નજરે પડે તો તે અચૂક હાપાવાસી જ છે, એમ માનવાના દિવસો હજુ બહુ જૂના થયા નથી.

આજ વર્ષો થયાં હાપાવાસીઓ તેમજ 'હાપા' પોતાની જ નગરી હોઇને, રેલ્વે તંત્ર પણ ત્યાં મીઠું (પીવાનું) પાણી ઉપલબ્ધ કરાવવા અવિરતપણે અથાગ પ્રયત્નો જારી રાખી રહ્યું છે. વર્ષોવર્ષ આ પ્રશ્નના ઉકેલ અર્થે વિવિધ ઉપાયો યોજાય છે. તેમ છતાં તેનો કોઇ કાયમી ઉકેલ સાંપડી શકવાના કોઇ ચિન્હો દષ્ટિગોચર હજુ સુધી તો થતાં નથી. આ પ્રશ્નની ઉગ્રતાનો ખ્યાલ તો એ વાત પરથી આવશે કે તેનો ઉલ્લેખ ગત લોકસભામાં એ સમયના સંસદસભ્ય શ્રી ધર્મસિંહ પટેલ

દ્વારા પણ થયેલો. છતાં હજુ પણ આ પ્રશ્ન કાયમી ધોરણે ઉકેલાયો છે, તેમ કહી શકાય તેવી પરિસ્થિતિ સર્જી શક્વી હજુ બાકી છે.

હાલ પણ આ નગરીની વસતી ઠીક ઠીક પ્રમાણની એટલે કે લગભગ ચારેક હજારની ગણી શકાય. અહીં ખાતે બ્રોડગેજના આગમન સાથે જ તેમજ વધારામાં અહીં ખાતે જ સ્થપાનારા સંભવિત બ્રોડગેજના વર્કશોપના અનુસંધાને હજુ પણ હાલનાં અહીં ખાતેના લગભગ પાંચસોક આવાસોમાં સારી એવી વૃદ્ધિ થવા પામશે અને પરિણામે વસતી પણ લગભગ બેવડાશે. આમ હવે આ નગરી ના પાણીના પ્રશ્ને અગ્રતાક્રમ આપીને પણ કાયમી ધોરણે ઉકેલવાના પ્રયત્નો કરવા જ રહ્યા.

આ સંદર્ભમાં હું આપણી રાષ્ટ્રીય નીતિ ગામડે ગામડે પીવાનું પાણી પહોંચાડવું, અનુસાર નિમ્નલિખિત થોડા સૂચનો કરૂં તો અસ્થાને નહીં ગણાય. આશાસહ શ્રદ્ધા ધરાવું છું કે તેના પર યોગ્ય સ્તરે પૂરતું લક્ષ અપાશે જ.

જામનગરથી લગભગ પાંત્રીસેક કિલોમિટર દૂર 'ઉંડ' નદી પર 'જળબંધ' બંધાય રહ્યો છે. તેમાં એવું આયોજન થયેલું છે કે તે બંધ આગામી ચારથી પાંચ વર્ષમાં પૂર્ણ થયે ત્યાંથી જામનગર ખાતે સ્થિત સંરક્ષણ દળોની ત્રણેય પાંખોને સીધી ખાસ પાઇપ લાઇન દ્વારા પાણી પુરૂં પાડવું.

આવી જ રીતે રેલ્વે તંત્ર પણ અત્યારથી જ ગુજરાતની રાજય સરકાર સમક્ષ રજૂઆત કરી યોગ્ય આયોજન દ્વારા હાપાને પણ ત્યાંથી જ સીધી ખાસ પાઇપ લાઇન દ્વારા પાણી પુરું પાડવાની હામ ભીડી તો આ સુચિત આશરે ૨૭ કિલોમિટરની રેલ્વે માટેની અલગ સીધી પાઇપ લાઇન દ્વારા આ નગરીનો કાયમી શિરદર્દ સમો પાણીનો પ્રાણપ્રશ્ન સદાને માટ ઉકેલાઇ જાય. ઉપરાંત આ જ પાઇપ લાઇન દ્વારા વચ્ચે આવતાં 'જામ–વણથલી' અને 'અલિયાબાડા' ના રેલ્વે સ્ટેશનોએ સ્થિત, રેલ્વે કર્મચારીઓ અને તેના કુટુંબીજનોને પણ પાણીની સગવડતા ઘણી જ આસાનીથી ઉપલબ્ધ કરાવી શકાય.

આમ સર્વત્ર રેલ્વે કર્મચારીઓના મગજ પરથી પાણીના પ્રશ્નનો મોટો પહાડ જેવડો બોજ સદાને માટે ઊતરી જતાં, તેઓ પોતાના કાર્યમાં ખંતથી

લાગી શકશે અને પરિણામે તેઓનું કાર્ય પણ દીપી ઉઠશે. અગમ ‘જેનો અંત સારો,તેનું બધું જ સારું’ ઉક્તિ સાર્થક બનતી દીસશે.

**(લખ્યા તા. ૧૬/૦૬/૧૯૮૦)**

_____***********************_____

કાર્યરત જૂના – (મિટર ગેજ) રેલ્વે સ્ટેશન યાર્ડની છબી,
જામનગર



# (૨૧) બીજી ગાથા : ક્રિકેટ ક્ષેત્રની 'રણજી ટ્રોફી.'

રાજાશાહી યુગમાં જામનગરના રાજવી શ્રી રણજીતસિંહજીના શાસનકાળ દરમ્યાન તેઓશ્રીને પંજાબના પતિયાળા રાજયના રાજવી શ્રી ભૂપેન્દ્રસિંહજી રાજેન્દ્રસિંહજી વચ્ચે અતિ ગાઢ દોસ્તી હતી, તે એટલે સુધી કે શ્રી રણજિતસિંહજી ના સને ૧૯૩૩ માં નિધન થયા બાદ લગભગ ૧૯૩૪-૩૫ ના વર્ષમાં તેઓશ્રીએ તેમની સ્મૃતિમાં ભારત (હિન્દુસ્તાન) ને અસલ શુદ્ધ સોનાની તે સમયના લગભગ રૂા. ૫૦,૦૦૦-૦૦ ની કિંમતની તેમના નામની 'રણજી ટ્રોફી' એનાયત કરી કે જેના નામે આજપર્યંત 'રણજી ટ્રોફી' ના રાષ્ટ્રીય કક્ષાનાં મેચ દેશભરમાં રમાય છે અને વિજેતાને અર્પણ થાય છે. (એક માહિતી એવી પણ છે કે જામનગર (નવાનગર) ની ટીમે પણ આ ટ્રોફીના પ્રારંભના વર્ષોમાં જ એક વખત વિજેતા થઈને તે હાંસલ કરી હતી).

કહે છે કે, જામ શ્રી રણજિતસિંહજી - 'પ્રિન્સ રણજી' ના નિધન બાદ પણ તેમના અનુગામી એવા જામ શ્રી દિગ્વિજયસિંહજીએ પણ શ્રી ભૂપેન્દ્રસિંહજી સાથે એવો જ નાતો જાળવી રાખેલો અને તેઓશ્રીને 'કાકા' તરીકેનું માન આપતા અને તેઓને 'UNCLE' તરીકે જ સંબોધતા.

આ નાતે શ્રી ભૂપેન્દ્રસિંહજીએ પણ એ સમયમાં 'નવાનગર ટીમ' સારાયે ભારતમાં અગ્રણી ગણાતી હોઈને, લગભગ ૧૯૩૬-૩૭ ના વર્ષમાં તેઓશ્રીના રાજકુંવર શ્રી યાદવેન્દ્રસિંહજીને પણ ક્રિકેટમાં પાવરધા બનાવવા અહીં ખાતે શિક્ષણ લેવા મોકલવાનું નકકી કરેલું.

શ્રી દિગ્વિજયસિંહજીએ પણ નવાનગરની ટીમના બધા જ બાહોશ ક્રિકેટરોને તે માટે બધી જ સૂચના અગાઉથી આપી રાખેલી. પરંતુ કોઈ કારણ વશ તે રાજકુંવર અહીં આવી શકયા નહીં અને તે કાર્યક્રમ રદ કરવો પડેલો.

આવી ગાઢ દોસ્તી હતી તે સમયે જામનગર અને પતિયાળા (પંજાબ) રાજયો વચ્ચેની.

એક કડવી છતાં સત્ય હકીકત અત્રે પ્રસ્તુત કે જેના નામ પર આ રાષ્ટ્રીય 'ટ્રોફી' પ્રદાન થઇ તેવા શ્રી 'પ્રિન્સ રણજી' ના જ જામનગર ખાતે ૧૯૪૭ માં આઝાદી પ્રાપ્તિ બાદ, આના નેજા હેઠળની કોઈપણ કક્ષાની મેચ નિયમિત રીતે યોજાઇ નથી.

ભારતમાં રાષ્ટ્રીયકક્ષાની બબ્બે ટ્રોફીઓ 'રણજી' ને 'દુલિપ', જામનગર ના જ મહાનુભાવોના નામ પરથી રમાય છે. છતાં તે બન્નેની કાયમી સ્મૃતિ જાળવવા, બંન્નેના સંયુકત નામનું 'રણજી–દુલિપ ક્રિકેટ સંગ્રહ સ્થાન' પણ બનાવવામાં આવતુ નથી આને તળાવની પાળ પરના 'રણજીત મેમોરીયલ' માં સ્થાપી શકાય.

(લખ્યા તા. ૦૯/૦૩/૨૦૦૧, શુક્રવાર)



'શિવ નૃત્ય'ની માટી કૃતિની તસ્વીર
કૃતિ અને તસ્વીર : (સ્વ.) મણિલાલ વોરા, પુરાતત્વવિદ્, પોરબંદર.

# (૨૨) નવાનગર રાજયના રાષ્ટ્ર / ઝંડા ગીતો. (ઈતિહાસનું એક પૃષ્ઠ)

સને ૧૯૪૩ ના બીજા વિશ્વયુદ્ધ સમયે, પોલેન્ડના બાળકો અને સ્ત્રીઓને જૂના નવાનગર (જામનગર) રાજયના રાજવી જામ સાહેબ જામ શ્રી દિગ્વિજયસિંહજીએ પોતાના 'બાલાચડી' ગ્રિષ્મ મહેલમાં (જે હવે 'સૈનિક સ્કૂલ' માં પરિવર્તિત થયેલ છે) આશરો આપેલો. એ સમયે ત્યાં સમૂહમાં બ્રિટિશ, પોલેન્ડ અને નવાનગર રાજયના રાષ્ટ્રગીતો ગવાતા. આ માંહેના નવાનગર રાજ્યના રાષ્ટ્રગીત / ઝંડા ગીતોની ગ્રામોફોન કંપનીની રેકર્ડ (બન્ને બાજુ) ત્યારે પ્રસિદ્ધ થયેલી (ગ્રામો ફોન કંપની : H.M.V., DUM DUM : એક બાજુ રેકર્ડ નં. 15381 - OML 1745 : JAMNAGAR FLAG SALUTATION અને બીજી બાજુનો નં. 15381 - OML 1746 : JAMNAGAR NATIONAL ANTHEM)

આ ગીતોની રચના તે સમયની પ્રસિદ્ધ ફિલ્મ 'સિકંદર' ના ગીતની ધૂનપર આધારિત, તે સમયના રાજયના રેવન્યુ સેક્રેટરી, શ્રી સૂરસિંહજી શિવસિંહજી જાડેજાએ (તેઓને જામ શ્રી રણજિતસિંહજીએ ઈંગ્લેન્ડ અને અમેરિકાની ઉચ્ચતમ કૃષિ વિજ્ઞાનની શૈક્ષણિક પદવીઓ હાંસલ કરાવેલી) કરેલી અને તેમાં રાજયના મિલીટરી બેન્ડનો ઉપયોગ કરાવેલો. આ માટે વિમાનમાં બેન્ડને 'ડમ ડમ' લઈ ગયેલા.

આ ગીતોના શબ્દો રેકર્ડપરથી ઊતારેલા, આ રહ્યા.

(રેકર્ડ નં. 15381 - OML 1745 : ઝંડા ગીત)

– લાંબી ધૂન –

જામ હમારા પ્રાણ હૈ, જામનગર કી શાન હૈ,
હમ કો યહ અભિમાન હૈ, ઝંડા અમરશ્રી જામકા (૨)

– ધૂન –

જામનગરમેં રહેતે હૈં, ઇસકે ઘરમેં રહેતે હૈં,
સાંજ સવેરે કહેતે હૈં, ઝંડા અમરશ્રી જામકા (૨)

– ધૂન –

પ્રેમ સુધા બરસાનેવાલા, વીરોં કો હર્ષાનેવાલા,
ભ્રાતૃભાવ બઢાનેવાલા, ઝંડા અમરશ્રી જામકા (૨)

– ધૂન –

દુનિયામેં લ્હેરાય હંમેશાં, અપને શરપે છાય હંમેશાં,
દુશ્મનકો ધડકાય હંમેશાં, ઝંડા અમરશ્રી જામકા (૨)

– ધૂન –

જામ હમારા પ્રાણ હૈ, જામનગર કી શાન હૈ,
હમકો યહ અભિમાન હૈ, ઝંડા અમરશ્રી જામકા (૨)

----- (સમાપ્તિ ધૂન) -----

('સિકંદર' નું ગીત : જિંદગી હૈ પ્યાર સે, પ્યાર મેં બીતાયેજા,
હુશ્નકી હુઝૂરમેં, અપના દિલ લૂટાયેજા..)

(HINDI રેકર્ડ નં. N 25806 - OML - 2335 - H. M. V., DUM DUM)

એક વિશેષ નોંધ :–

આ આશરો પામેલા બાળકો, હાલ વૃદ્ધત્વને આરે પણ તે પ્રસંગની યાદગીરીમાં પોલેન્ડમાં સ્થાપાયેલ 'જામનગર કલબ' માં પ્રસંગોચિત ઉજવણી કરતા રહે છે અને આશ્રય આપનાર જામ સાહેબ શ્રી દિગ્વિજયસિંહજી અને મહારાણી શ્રી ગુલાબકુંવરબાની તસવીરને વંદનાકરતા રહીને, માન આપે છે.

(રેકર્ડ નં. 15381 - OML 1746 : રાષ્ટ્રગીત)

----- (લાંબી ધૂન) -----

**ઉદ્‌બોધન :** સાંભળો.... સાંભળો, સૌરાષ્ટ્ર દેશની પવિત્ર હાલાર ભૂમિનું ગૌરવ આપણે બરાબર સમજવું જોઇએ.

આ વીરભૂમિમાં આજથી ચારસો વર્ષ પહેલાં જામશ્રી રાવલે જામનગર જેવા સુંદર શહેરનો પાયો નાખી, નવાનગર રાજયની સ્થાપના કરી. જામનગર ના જામ એ આ વીરભૂમિના વિધાતા છે.

શ્રી કૃષ્ણ, જેને હિંદના અઠ્યાવીસ કરોડ હિંદુઓ ભગવાન તરીકે પૂજે છે, તેના એ વંશજ છે.

આ પવિત્ર વંશના જગમશહૂર પ્રિય સમ્રાટ જામશ્રી રણજિતની ઉદાર પ્રેરણાથી આ દેશમાં ભણાતા હજારો બાળકો પ્રાથમિક અને માધ્યમિક કેળવણી મફત લઈ રહ્યા છે. તેથી નવાનગર રાજયના એક એક બાળકને હાલારની પવિત્ર ભૂમિનું અભિમાન હોવું જોઈએ.

જે ભાવથી અન્ય દેશો પોતપોતાની જન્મભૂમિનું રાષ્ટ્રગીત ગાય છે અને દેહનું સમર્પણ કરવા તૈયાર થાય છે, તેવી ભાવના આ ગીત ગાતી વખતે હાલાર દેશ અને હાલાર દેશના ધણી જામસાહેબ બાપુ માટે દરેક બાલકના હૃદયમાં હોવી જ જોઈએ.

બોલો, શ્રી જામો જયતિ... શ્રી જામો જયતિ... શ્રી જામો જયતિ...

**ગાન :** જય.. જય.. મહારાજ નમિતા,<br>
નમિતા આદર સહિતા,<br>
હિતારાજ શુભનિતા,<br>
જુગ જુગ જીવો પિતા,<br>
જામશ્રી હાલર હિતા,<br>
સમાપ્તિ સૂર ...

**(લખ્યા : તા. ૨૪/૦૩/૨૦૦૧, શનિવાર)**

(આ બંન્ને ગીતો, ગ્રામોફોનપર જીવંત વાગતા, મારી કૃતિ : V. C. D. 'તાવડી–વાજું' માં બતાવેલ છે.)

_____**********************_____

# (૨૩) મને સાંભરે રે !

**રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય ''નભ'' માં ચમકેલા જામનગરી તારલાઓ :–**

**(૧) જામ સાહેબશ્રી રણજિતસિંહજી જાડેજા (૧૯૦૭ – ૧૯૩૩) :–**

બ્રિટિશરોની રમત 'ક્રિકેટ' માં હિન્દુસ્તાનીએ તેની જ ધરતીપર નામ કાઢયું અને 'પ્રિન્સ રણજી' કહેવાયા.

બ્રિટિશ હકૂમત હેઠળના હિન્દુસ્તાનમાં ચાલતી સંસ્થા 'PRINCES CHAMBER' માં એક વખત પ્રમુખપદ સંભાળેલું.

પ્રથમ વિશ્વયુધ્ધ બાદ સ્થાયેલી વિશ્વ સંસ્થા 'LEAGUE OF NATIONS'માં બ્રિટિશ હિન્દુસ્તાનના પ્રતિનિધિ તરીકે યશસ્વી કામગીરી બજાવી.

રાજવી બન્યા બાદ કયારેય ક્રિકેટ રમ્યા નથી.

જામનગરને 'PARIS' નું બિરુદ અપાવ્યું.

એશિયાભરનું પ્રથમ ''સોલેરિયમ'' જામનગરને ભેટ ધર્યું.

**(૨) જામ સાહેબ શ્રી દિગ્વિજયસિંહજી જાડેજા (૧૯૩૩ – ફેબ્રુઆરી ૧૯૪૮ : સૌરાષ્ટ્ર રાજયની રચના સુધી) :–**

આઝાદી બાદ 'સૌરાષ્ટ્ર રાજય' ની રચનાની સાથે જ તેના રાજપ્રમુખ નીમાયા અને પોતાની કચેરી જામનગરમાં રખાવી.

આઝાદી બાદ વિશ્વ સંસ્થા 'U. N. O.' માં તેની વરણી શ્રી વલ્લભભાઇ પટેલે ભારતના પ્રતિનિધિ તરીકે કરાવી, જેમાં યશસ્વી કામગીરી બજાવી.

**(૩) શ્રી રાજેન્દ્રસિંહજી જાડેજા :–**

આઝાદી બાદ ભારતના સંરક્ષણ દળોની ત્રણેય પાંખોના સંયુકત વડા પ્રથમ જનરલ કરીઅપ્પા, કમાન્ડર ઇન ચીફ ઓફ ઈન્ડિયન ડિફેન્સ ફોર્સિસ બન્યા. બાદમાં બીજા અને અંતિમ તે પદ ભોગવનારા જનરલ શ્રી રાજેન્દ્રસિંહજી બન્યા. એ સરસેનાધિપતિનું પદ તેઓએ એમની

બાદના જનરલ નાગેશ, વય મર્યાદા અનુસાર, વહેલા નિવૃત થતા હોઈને, તેઓને ઉચ્ચ હોદો ભોગવવાનો મોકો મળે, એ માટે ખેલદિલીપૂર્વક સ્વૈચ્છિક નિવૃત્તિ આઠ માસ વહેલી લીધી. જનરલ નાગેશથી સંરક્ષણ દળોનું વિભાજન ત્રણ પાંખોમાં થયું. નિવૃત્તિ બાદ પોતાની ખેતી (લાખાબાવળ આસપાસ) ત્યાં રહીને જ સંભાળી અને નિવૃત્તિનો બધો સમય ત્યાંજ પસાર કર્યો. અહીંનો બંગલો 'સુખ નિવાસ' કાઢી નાખ્યો, જ્યાં ગેલેકસીવાળાએ 'ગેલેકસી સીનેમા' બનાવ્યું. આ જગ્યા 'કાશી વિશ્વનાથ માર્ગ 'પરથી જૂના મિટરગેજ સ્ટેશન જતાં આવેલી છે.

(૪) શ્રી દુલિપસિંહજી જાડેજા :

તેઓ રાજવી કુટુંબના ભાયાત હતા અને ક્રિકેટર તરીકે નામ કાઢયું હતું, જેના નામની 'દુલીપ ટ્રોફી' રમાય છે. તેઓ છેલ્લે 'સૌરાષ્ટ્ર રાજય'માં 'સૌરાષ્ટ્ર રાજય પબ્લિક સર્વિસ કમિશન' ના અધ્યક્ષ રહયા.

(૫) શ્રી હિંમતસિંહજી જાડેજા :-

તેઓ રાજવી કુટુંબના ભાયાત હતા અને બ્રિટિશ હિન્દુસ્તાનના લશ્કરમાં ઉચ્ચ હોદો ભોગવીને, આઝાદી બાદ નિવૃત થયા.

તેઓશ્રીને આઝાદી બાદ ભારત સરકારે 'હિમાચલ પ્રદેશ' ના ગર્વનર (રાજયપાલ) તરીકે નિમેલા. જયાં પણ તેઓશ્રીએ યશસ્વી કામગીરી બજાવી અને જામનગરનું નામ રોશન કર્યું.





# : વિરામ પહેલાં થોડું મમળાવીએ :


* 'જેહના ભાગ્યમાં જેહને જે સમયે જેહ લખ્યું; તેહને તે સમયે તે જ પહોંચે. આપણો ચિંતવ્યો અર્થ કંઇ નવસરે, હરિએ ધાર્યું હોય તે કરે'.
* 'લડકપન ખેલમેં ખોયા, જવાની નીંદભર સોયા, બુઢ્ઢાપા દેખ કર રોયા'.
* 'વૃદ્ધા'ની દૂંટીએ અને 'વૃદ્ધ'ની ઘૂંટીએ સોજા દર્શન એટલે જીવનદીપ બૂઝાવાની આલબેલ.

ઠીક, ત્યારે રામે રામ... રામ..... રામ...

મહાદેવ હર









# આઝાદી પૂર્વે રાજાશાહીના સમયમાં કંકોત્રીની ભાત, લેખન અને છપાઈની એક ઝલક


આમંત્રણ પત્રિકા

॥ શ્રી ગણેશાય નમઃ ॥

શુભ મહાશય,

સવિનય વિનંતિ કે શ્રી ઇષ્ટદેવની કૃપાથી અમારા પૌત્ર ચિ. હરિવદનને યજ્ઞોપવીત ધારણ કરાવવાનું માંગલિક મુહુર્ત વૈશાખ શુદિ ૫ સોમવારે નિરધાર્યું છે. તથા તેના મંડપારોપણનું માંગલિક મુહુર્ત વૈશાખ શુદિ ૪ રવીવારે છે. આ મંગલમય પ્રસંગે આપ સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી આભારી કરશોજી.

સ્થળ:—
હાથી શેરી
જામનગર.
તા. ______

લી.
જોશી ભગવાનજી જીવરામ
દા. શાંતિલાલ ભગવાનજીના
યથાયોગ્ય

: પ્રસંગો :

મંડપારોપણનું શુભ મુહુર્ત :—
વૈશાખ શુદી ૪ રવીવારે તા. ૧૯-૪-૪૨
સવારના ૯ વાગે

બટુકને ભણવા મોકલવાનો વિધિ—
વૈશાખ શુદી ૫ સોમવારે તા. ૨૦-૪-૪૨
સાંજના ૪ વાગે.



**તા. ૨૦-૪-૧૯૪૨ ની ગઈ સદીમાંના યજ્ઞોપવિત પ્રસંગ પર એકત્રિત થયેલ સગાંવ્હાલાંઓની સમૂહ તસ્વીર (ઉપરોકત કંકોત્રીના સંદર્ભે)**

# જામનગર દર્શન

## રાજ્ય મ્હોર





નવાનગર


H. H. Maharaja Ranjitsinhji
Jamsaheb of Nawanagar
Kathiawad
India

મૂલાકાતી પત્ર

## રાજ્ય ચિન્હ



નવાનગર


आयुर्वेदो ऽमृतानाम्
गुजरात आयुर्वेद युनिवर्सिटी




ધન્વન્તરિ મંદિર







વિકટોરીયા બ્રિજ




તાલુકા શાળા



નાનું સોલેરીયમ




તાવડી - વાજું



ખંભાળીયા ગેઈટ




પ્રતાપ વિલાસ પેલેસ



સોઢીવાડી



અમર ઝૂંડ




રોઝી રેલ્વે સ્ટેશન



કાર્યરત જુનું રેલ્વે સ્ટેશન




બેડીનો દરવાજો : ડાબી બાજુએ દષ્ટિગોચર થતા પાટાઓ, એ સમયે શહેર મધ્યે દરબારગઢ થી બેડી (ગામ) વચ્ચે દોડતી ટ્રામના છે.




બ્રિટીશ હકૂમત હેઠળના હિન્દુસ્તાનના એ સમયના વાઈસરોય લોર્ડ ઈરવીનની સને - ૧૯૨૭ માં જામનગરની મુલાકાત ટાંકણે, શહેરના વિવિધ ભાગોને ખાસ શણગારવામાં આવેલા. એ મુજબ ઉપરોકત સ્થળે આકર્ષક 'રોડ ડિવાઈડર' મૂકવામાં આવેલું તેની એક ઝલક.



લેડી હાર્ડિંગ્સ ગર્લ્સ સ્કૂલ



માન વિલાસ પેલેસ



રાજાશાહીના અંતિમ સમયે નિર્માણાધિન 'રેડિયો સ્ટેશન'



ઘોડાપીરની દેરી

# વિવિધ ક્ષેત્રે જામનગરના ગઈ સદીના તારલાઓ...



શ્રીમતી મંજુલાબેન દવે



ડો. (શ્રીમતી) લીલાબેન સાઠ્યે



દાનવીર શેઠશ્રી એમ.પી.શાહ



ટ્રસ્ટના શેઠશ્રી પ્રેમચંદભાઈ શાહ




રેલ્વે ગાર્ડ/ટી.ટી.ઇ.
પૂ. શ્રી શાન્તિલાલ.ભ. જોશી



(નિવૃત) લેફ.કર્નલ (કાકા સાહેબ)
પૂ.શ્રી જયેન્દ્રસિંહજી ગો.જાડેજા

## સને ૨૦૦૨ માં જર્મનીના જ્ઞાનપિપાસુઓએ મારી અવાર-નવાર લીધેલી મુલાકાત





JAMNAGAR, 13-01-

DEAR MR H. JOSHI,
DEAR DR JOSHI!
THANKS FOR YOUR SUPPORT OF THE EXHIBITION!
WE ENJOYED OUR STAY IN JAMNAGAR VERY MUCH
AND WE WILL NEVER FORGET THE TIME WE
SPENT HERE.

Barbara

& STEFAN

## :: આયુર્વેદ શાસ્ત્રના ઉદ્ધારકો ::



**મહારાણી શ્રી ગુલાબકુંવરબા**

ૐ

(સ્વ.) શ્રી પ્રાણજીવનભાઈ એમ. મહેતા




અર્પણ........



આયુર્વેદરૂપી વટ–વૃક્ષને જેમણે 'જીવન' ભર પોતાના 'પ્રાણ' નું (એલોપેથીની ઉચ્ચત્તમ પદવી ધરાવતા હોવા છતાં) સિંચન કર્યું અને આજની આપણી 'ગુજરાત આયુર્વેદ વિદ્યાપીઠ' ની ભવ્ય ઇમારતના જેઓ પાયાના પથ્થર બનીને રહ્યા, તે કર્મયોગી (સ્વ.) શ્રી પ્રાણજીવનભાઈ મહેતાને સાદર..............

જોગીન જોશી



મુંબઈના પરા 'મરીન લાઈન્સ' સ્ટેશન યાર્ડની તસ્વીર

ડિસેમ્બર ૧૯૫૬ તસ્વીર : લેખક સ્વયં

# એક પુરાતન પરિપત્ર - જે. એન્ડ ડી. રેલ્વે (અસલ નમુનો)

## JAMNAGAR & DWARKA RAILWAY

### Circular No. 8 of 1924

(Case No E 60 of 1924)

**Duties of Travelling Ticket Examiners:**—The duties of Travelling Ticket Examiners are chiefly to maintain an organised and systematic check on passengers tickets and luggage and they should follow rules in the coaching tariffs and instructions issued from time to time.

2 They must see that every passenger is in possession of a proper ticket or pass authorizing the journey in the class of carriage and by the train and date for which issued.

3 That no passenger or pass holders carry luggage in excess of the free allowance according to the class of ticket or pass held.

4 They are also required to carefully scrutinize the permanent duty and other card passes and should satisfy themselves, as far as possible that the individuals designated on the passes are those actually travelling.

5 They must enforce the tariff rules as to the carriage of dogs, birds &c.

6 They must examine the luggage tickets held by passengers and see, on how many tickets the free allowance has been given and if such tickets are actually held by holders of the luggage ticket. Such luggage should also be reweighed in case of doubt.

7 They should see that the free cheque passes are dated at the station where journey is commenced and if they are not so dated the holders should be treated as travelling without proper pass and tickets and should be dealt with accordingly.

8 Unauthorised persons should not be allowed to travel in Brake Vans of goods and passenger trains. Any unauthorised person travelling in Brake Van is liable to be charged 1st class fare with penalty.

9 They should take down Numbers of 1st and 2nd class blank card and paper tickets & free passes and submit a return (monthly) to the Audit Office.

10 They should not enter into compartments or carriage occupied by females only but their tickets should be examined at stations only.

11 They should never travel on foot board of the carriages while the train is in motion.

12 They are not permitted to endorse tickets or collect money from passengers under any protest. Any passenger found without a ticket or otherwise travelling irregularly must be handed over to the station staff to be dealt with according to rules.

13 The Ticket Examiners are not allowed to pass passengers at the gates at stations but as far as possible passengers will be passed at the gates immediately on arrival of trains and in presence of the Travelling Ticket Examiners.

14 The station staff, Guards and others must co-operate with the Travelling Ticket Examiners and give them every assistance in execution of their duties.

15 The Travelling Ticket Examiners are under the orders and control of the Travelling Ticket Inspector who should also see that the Travelling Ticket Examiners are vigilent at their work and do duty properly and that passengers are treated with the greatest courtesy and all possible assistance and protection afforded to them while they are in the Railway premises.

16 The Travelling Ticket Examiners should be responsive and prompt and civil in answering any enquiries made by the passengers in connection with their journey.

Jamnagar
10th October 1924

CHOTALAL J.
*Ag.* Traffic Superintendent

I. R P 236—11-10-24—100

# સને ૧૯૨૭ સુધીની જામનગરની રેલ્વે વિકાસ યાત્રા

# JAMNAGAR

## A Sketch of its Ruler and its Administration

By

NAOROJI M. DUMASIA

With a Preface

By

Dr. L. F. RUSHBROOK-WILLIAMS

BOMBAY:
THE TIMES PRESS,
1927

• PAGES: 75 - 76 - 77 •

XVI.

RAILWAY DEVELOPMENT.

THE State has a shorter mileage of railroad than the changed conditions and economic development of the State demand. The total mileage at present is 121 miles and a further extension is laid down and will be carried out as soon as sanction is received from Government. It was Lord Harris who turned the first sod of the Jamnagar-Rajkot Railway in the year 1893. That Railway has added greatly to the facilities of communication. It is now paying a handsome dividend on the capital cost of Rs. 23,26,826 besides conferring other indirect advantages to the State. An extension of this line to Salaya was under contemplation some years ago, but the scheme was not executed owing to the famines of 1899-1900. The present ruler was keenly bent on carrying out the useful scheme and the first sod of the Dwarka Railway was cut by Sir George Clarke in January, 1910. The Government of His Highness the Gaekwar of Baroda desired that their outlying territory of Okhamandal should be connected by a railway line with the rest of Kathiawar. A most powerful incentive to the fulfilment of that desire was the location there of Dwarka

which is one of the most venerable shrines in India. Hundreds of thousands of pilgrims visit the shrine every year and the construction of a line from Jamnagar to Dwarka *via* Khambhalia with a branch to Salaya has thus the double advantage of opening up a faraway outlying country and affording facilities to this vast army of pilgrims yearly visiting the sacred shrines. The subjects of



Jamnagar are noted for a spirit of commercial enterprise which makes them seek their fortunes in Bombay and elsewhere in the British dominions as they find only a limited scope within the Jam's territory. On the route of this line there are Khambhalia and other cities of importance to which many of these enterprising merchants belong and it is a great boon to them to have the conveyance of a railway. Having regard to all these considerations His Highness decided to have the Jamnagar-Dwarka Railway *via* Khambhalia, Bhatia and Madhi. Salaya is 8 miles from Khambhalia. It is a good and safe port, capable of being turned into an excellent harbour and hence the importance of a branch to Salaya connecting it with this railway at Khambhalia. His Highness entertains the idea of gradually connecting his interior mahals or talukas with his ports by good roads as his finances may permit in the future. This will materially add to the utility of the new line. The Jamnagar-Dwarka line with a branch to Salaya is over a hundred miles of which about 79 miles are in Jamnagar's territory. It passes through several of the important mahals of the State, *viz.*, Padana, Khambhalia and Bhatia.

The total gross earnings of the railway during the year ended 31st March 1926 amounted to Rs. 6,97,920 against Rs. 6,22,181 in the previous year. The working expenses amounted to Rs. 4,04,835 or Rs. 1,941 less than in the previous year. The net earnings were Rs. 2,93,085 against Rs. 2,15,405, *i.e.*, Rs. 77,680 more than the previous year and gave a net return of 9·07 per cent. on the capital outlay including suspense. The Jamnagar-Dwarka Railway from Jamnagar to Kuranga with the opening of the Okhamandal Railway gives through connection to the sacred shrine of Dwarka. The whole line is under joint management by a Board on which are



represented the Baroda State, the Nawanagar State and the Jamnagar-Dwarka Railway Company.

The line is worked by the Manager and Engineer-in-Chief of the Jamnagar State Railway and his staff. The three railways forming the joint system are :—

| | |
|---|---|
| The old Jamnagar Railway from Rajkot to Bedi | .. 55 miles |
| Jamnagar-Dwarka Railway from Jamnagar to Kuranga | 66½ miles |
| The Okhamandal Railway from Kuranga to Adatra | .. 37½ miles |

## સરતો સમય

**'ધ્વનિ મુદ્રણ - પુનઃ શ્રવણ' અને 'તાવડી - વાજું' ની ગઈકાલ.**
**૧૯ મી / ૨૦ મી સદીના અંત / પ્રારંભના એ સમયની અજાયબીના આ સાધનો, લેખકના પિતાશ્રી (સ્વ.) શાન્તિલાલ ભગવાનજી જોશીનો સંગ્રહ**



શ્રી ગણેશાય નમઃ

'દિકરી વ્હાલનો દરિયો'છે તેને સદા વ્હાલથી ભીંજવો.



### છેલ્લી પૂરવણી દિનાંક

વિ.સં. ૨૦૭૦, આસો વદ અગીયારસ(૧૧), તા. ૮/૧૧/૨૦૧૪, સોમવાર.

આ દંપતિની 'જુગલજોડી'ની ૫૦ મી વર્ષગાંઠ: વિ.સં. ૨૦૬૪, વૈશાખ સુદ અગીયારસ(૧૧), તા. ૧૫-૫-૨૦૦૮, ગુરુવાર.

[illegible]

[ આ દંપતિનો શુભ લગ્નદિન : વિ.સં. ૨૦૧૪, વૈશાખ વદ ૧૩, તા. ૧૫-૫-૧૯૫૮, ગુરુવાર ]




હરિવદન શાંતિલાલ જોશી : ૭૫ વર્ષ
શ્રીમતિ ઇન્દુમતી હરિવદન જોશી : ૭૦ વર્ષ
(તા. ૧૫-૫-૨૦૦૮, ગુરુવાર...)

કુળદેવી : પીઠડદેવી.
ગામ: પીઠડ (હરીયાણા થી બાર ગાઉ દૂર)
જીલ્લો: જામનગર (હાલાર)

ગૌત્ર : ગાર્ગ્ય
શાખા : માધ્યંદિની.


વેદ : યજુર્વેદ.
જોષી : ઇજામલીયા. ગામ: ઇજામલ. (સિંહપુર પાસે - બાર ગાઉ દૂર)



### પ્રસિદ્ધિ દિનાંક

સંવત ૨૦૬૪ : આસો સુદ દશમ (વિજયા દશમી)
તારીખ ૯-૧૦-૨૦૦૮ ને ગુરુવાર (દશેરા)





॥ कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ॥

→ કુળદેવતાના જોશી ←
પરિવારમાં પુત્ર જન્મ બાદના વારના
### નૈવેદ્ય

| | |
|---|---|
| ૧. બાળ મોવાળા | ૨. લાડુ પવિત્ર |
| ૩. ચૂરમા ભોજન | ૪. સીમંત (અઘરણું) |

| | નૈવેદ્ય સામગ્રી | |
|---|---|---|
| ૧. | શ્રી ફળ (નાળીયેર)...... | ૨ નંગ |
| ૨. | જુવાર ...... | સવા પાલી |
| ૩. | ચણાની દાળ ...... | સવા પાલી |
| ૪. | ખારેકડી ...... | સવા પાલી |
| ૫. | ટાઢું (રોટલી) } અથવા જૂના મત અનુસાર (લાડુ) | સવા પાલી |
| ૬. | ટાઢું (બાજરી) | સવા પાલી |
| ૭. | ટાઢું (ચુરમા) | સવા પાલી |
| ૮ | તલ ...... | સવા પાલી |
| ૯ | ચોખા (રાંધેલા અથવા કોરા) | સવા પાલી |
| ૧૦ | ખીર ...... | સવા પાલી |

કુળદેવતા : હિરા બાપા.
ગામ: હિરાવદર, જીલ્લો: જુનાગઢ (સોરઠ)

### સંકલન

હરિવદન શાંતિલાલ જોશી
જામનગર - ૩૬૧ ૦૦૮

વા...હ.. બાળપણ : ભોળપણ.. વા...હ.. !

શ્રેષ્ઠ પડાવ ; જીવન યાત્રાનો.



